દૈનિક

# મુંબઈ સમાચાર

સૌરાષ્ટ્ર આવૃત્તિ

૨૦૪ વર્ષ

R.N.I. No. GUJ GUJ /2013/58486 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૫ ■ Volume 69 ■ Issue 57 ■ વિક્રમ સંવત ૨૦૮૨

ફાલ્ગુન વદ - ૭ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 10 March 2026, Tuesday ■ REGD.No. MCS/058/2018-20

મંગળવાર, ૧૦ માર્ચ ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u





દૈનિક મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
સૌરાષ્ટ્ર આવૃત્તિ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 57 ■ વિક્રમ સંવત ૨૦૮૨
ફાલ્ગુન વદ - ૭ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 10 March 2026, Tuesday ■ REGD.No. MCS/058/2018-20
મંગળવાર, ૧૦ માર્ચ ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# શેરબજાર અને રૂપિયો કડડડભૂસ

## સેન્સેક્સમાં ૧૩૫૨ પોઈન્ટનો જોરદાર કડાકો, ₹ ૮.૫૮ લાખ કરોડનું ધોવાણ

મુંબઇઃ અખાતી યુદ્ધના ભડકા વચ્ચે વેચવાલીનું દબાણ આવતાં શેરબજાર કડડડભૂસ થઇ ગયું હતું અને રોકાણકારોની સંપત્તિમાં રૂ. ૮.૫૮ લાખ કરોડ રૂપિયાનું ધોવાણ નોંધાયું હતું. બજારના કડાકા પાછળનાં કારણોમાં ક્રૂડ ઓઇલના ભાવમાં આવેલો ઉછાળો અને રૂપિયામાં આવેલો જોરદાર કડાકો મુખ્ય છે. નિષ્ણાતો અનુસાર નિફ્ટી માટે ૨૩,૭૦૦ની સપાટી નિર્ણાયક છે, જ્યાં પુલ બેક રેલી તેને ૨૪,૪૦૦ સુધી લઇ જઇ શકે છે. જો આ સપાટી તૂટશે તો બેન્ચમાર્ક ૨૩,૨૦૦ સુધી નીચે ખાબકી શકે છે.

ક્રૂડ ઓઇલના ભાવમાં વધારા અને અમેરિકન ચલણમાં મજબૂતાઈ વચ્ચે રૂપિયો ૯૨.૩૫ના ઓલ ટાઇમ ઇન્ટ્રા ડે નીચલા સ્તરની નજીક ૪૬ પૈસાના ધબડકા સાથે ૯૨.૨૮ બોલાયો હતો. યુએસ બોન્ડ યીલ્ડમાં આવેલા ઉછાળા, વિદેશી સંસ્થાકીય રોકાણકારો દ્વારા એકધારી અને વધતી જતી વેચવાલી, ગ્લોબલ માર્કેટ્સમાંથી મળતાં નેગેટિવ (જુઓ પાનું ૨) ▶▶

## ક્રૂડ ઑઈલના ભાવમાં ભડકો

શિકાગો : પશ્ચિમ એશિયાનું યુદ્ધ ભીષણ બનતું જાય છે ત્યારે ખનીજ તેલના ભાવમાં ભડકો થયો છે. ભાવ એક બેરલદીઠ ૧૨૦ અમેરિકન ડૉલર થઈ ગયા છે અને સોમવારે મોડેથી આમાં થોડો ઘટાડો થયો હતો. મિડલ ઈસ્ટમાં તેલના ઉત્પાદન અને નિકાસ કરવાનું મુશ્કેલ બનતા તેલના ભાવ વધી રહ્યા છે અને આના ફળસ્વરૂપ શેર બજારમાં કડાકો આવી રહ્યો છે.

ઈન્ટરનેશનલ સ્ટાન્ડર્ડના બ્રેન્ટ ક્રૂડનો ભાવ સોમવારની શરૂઆતમાં એક બેરલદીઠ ૧૧૯.૫૦ ડૉલર થઈ ગયો હતો, પરંતુ પછી મોડેથી તેનો ભાવ ઘટીને બેરલદીઠ (જુઓ પાનું ૨) ▶▶

## જૈન સમાજની લાગણી નહિ દુભાવવા સુપ્રીમ કોર્ટની તાકીદ

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે સોમવારે એક વકીલને જૈન સમુદાયની ભાવનાઓને ઠેસ પહોંચાડવાનો પ્રયાસ કરવા બદલ ખખડાવ્યા હતા. વકીલે એક અરજી કરીને સુપ્રીમને ડુંગળી અને લસણ ખરેખર તામસિક ભોજન છે કે કેમ તેની તપાસ માટે એક સમિતિની રચના કરવાનો નિર્દેશ આપવા વિનંતી કરી હતી.

વડી અદાલતે વકીલને ખખડાવતા જણાવ્યું કે આવી (જુઓ પાનું ૨) ▶▶

## નિકાસના પાછા ફરતા કાર્ગો માટે નિયમ જાહેર કરાયા

નવી દિલ્હીઃ પશ્ચિમ એશિયા સંકટ વચ્ચે હોર્મુઝ સ્ટ્રેટ બંધ થવાને કારણે અને દરિયાઈ માર્ગોમાં અડચણો હોવાના કારણે ભારતીય પોર્ટ્સ પર પાછા ફરતા એક્સપોર્ટ કાર્ગોની સમસ્યાના ઉકેલ માટે કસ્ટમ્સ વિભાગે નિયમો બનાવ્યા છે. સીબીઆઈસીએ ૮ માર્ચના રોજ આ નિયમો જાહેર કર્યા છે અને આ ૧૫ દિવસ માટે માન્ય રહેશે. તેમાં કહેવામાં આવ્યું છે કે આવા તમામ કિસ્સાઓમાં જહાજને ફક્ત તે જ ભારતીય પોર્ટ (જુઓ પાનું ૨) ▶▶

## ઈરાને ખામેનેઇના પુત્રને તેનો ઉત્તરાધિકારી બનાવ્યો

દુબઇઃ ઈરાનના વર્તમાન નેતૃત્વએ આયાતુલ્લાહ અલી ખામેનેઇના ઉત્તરાધિકારી તરીકે મોજતબા ખામેનેઇની નિયુક્તિ કરી છે. મધ્ય પૂર્વમાં યુદ્ધ ફાટી નીકળવાથી તેલના ભાવ આસમાને પહોંચ્યા છે અને ઈરાન પ્રાદેશિક ઊર્જા માળખા પર નવા હુમલાઓ કરી રહ્યું છે એવા સમયે એક કટ્ટરપંથી ધર્મગુરૂના હાથમાં દેશની કમાન સોંપવામાં આવી છે.

અમેરિકા અને ઇઝરાયલી હુમલાઓ વચ્ચે દેશના નિષ્ણાતોની એસેમ્બલીએ દેશના પેરામિલિટરી રિવોલ્યુશનરી ગાર્ડ સાથે નજીકના સંબંધો ધરાવતા ૫૬ વર્ષીય ગુપ્ત મૌલવીની નવા સર્વોચ્ચ નેતા તરીકે પસંદગી કરી છે. આ નવા ઈરાની નેતાને તેના પિતા કરતાં પણ વધુ કટ્ટરપંથી માનવામાં આવે છે.

૨૮ ફેબ્રુઆરીના રોજ યુદ્ધના પ્રારંભિક ગોળીબારમાં યુવા ખામેનેઇના પિતા આયાતુલ્લાહ અલી ખામેનેઇનું મૃત્યુ થયા બાદથી ગાર્ડ ઇઝરાયલ અને ખાડીના આરબ દેશો પર મિસાઇલો અને ડ્રોન વરસાવી રહ્યું છે. હોર્મુઝ સામુદ્રધુની પર ઈરાનના કબજાને કારણે ટેન્કરો પર્સિયન ગલ્ફ અને ઓમાનના અખાત વચ્ચેના શિપિંગ લેનનો ઉપયોગ કરતા પણ લગભગ બંધ થઇ ગયા છે. જેના મારફત વિશ્વના પાંચમા ભાગના તેલનું પરિવહન થાય છે.

આંતરરાષ્ટ્રીય ધોરણ, બ્રેન્ટ ક્રૂડ ઓઇલ સોમવારે લગભગ પ્રતિ બેરલ ૧૨૦ અમેરિકન ડૉલર સુધી પહોંચી ગયું છે. જે યુદ્ધ શરૂ થયું ત્યાર કરતાં લગભગ ૬૫ ટકા વધુ હતું. પછી થોડો ઘટાડો થયો હતો. વૈશ્વિક આર્થિક ચિંતાઓ વધતા અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભાવ વધારાને ઓછો આંક્યો હતો.

ઈરાને યુદ્ધ શરૂ થયું ત્યારથી આ પ્રદેશમાં ઈઝરાયલ અને અમેરિકન બેઝને નિશાન બનાવ્યા છે. તેમજ ઊર્જા અને પાણીના માળખા પર મિસાઇલ અને ડ્રોન હુમલા કરી રહ્યું છે. સોમવારે સંયુક્ત આરબ અમીરાતના ફુજૈરાહમાં એક તેલ સુવિધામાં આગ લાગી હતી. બાહરિનની એકમાત્ર તેલ રિફાઇનરી પર પણ હુમલો કરવામાં આવ્યો હતો. તેમજ સાઉદી અરબે તેના શાયબા તેલ ક્ષેત્ર પર હુમલો કરતાં કેટલાક ડ્રોન અટકાવ્યા હોવાનું કહ્યું હતું.

મધ્ય પૂર્વના રાજકારણમાં એક મોટો વળાંક આવ્યો છે. ૨૮ ફેબ્રુઆરીના રોજ અમેરિકા અને ઈઝરાયલના હુમલામાં સર્વોચ્ચ નેતા અલી ખામેનેઈના નિધન બાદ, હવે તેમના પુત્ર મોઝતબા ખામેનેઈને ઈરાનના નવા સર્વોચ્ચ નેતા તરીકે પસંદ કરવામાં આવ્યા છે. નવી નિમણૂક એવા સમયે થઈ છે જ્યારે ઈરાન અત્યંત મુશ્કેલ તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે. વિશ્વના મોટા ભાગના દેશો જ્યારે મૌન સેવી રહ્યા છે, ત્યારે રશિયાએ ઈરાન સાથેની પોતાની મિત્રતા વધુ મજબૂત હોવાનો સંકેત આપ્યો છે.

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને દુનિયાના એ ગણ્યા-ગાંઠ્યા નેતાઓમાં સામેલ છે જેમણે સૌથી પહેલા મોઝતબા ખામેનેઈને અભિનંદન પાઠવ્યા છે. ક્રેમલિન દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં પુતિને વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે મોઝતબા તેમના પિતાના વારસાને સન્માન સાથે આગળ ધપાવશે. પુતિને સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, રશિયા આ મુશ્કેલ સમયમાં ઈરાનની જનતા અને તેમના નવા નેતૃત્વની પડખે અડીખમ ઊભું રહેશે. પુતિનનું આ પગલું અમેરિકાના દબાણ સામે રશિયાના સ્પષ્ટ વલણને દર્શાવે છે.■

## બૅન્ક અકાઉન્ટ્સના મિનિમમ બૅલેન્સ અંગે સ્પષ્ટતા કરાઈ

નવી દિલ્હી : નાણામંત્રી નિર્મલા સીતારમણે સોમવારે જણાવ્યું હતું કે, પીએમ જન ધન યોજના (પીએમજેડીવાય) હેઠળ આવતા બેન્ક એકાઉન્ટ્સ સહિત લગભગ ૭૨ કરોડ બેસિક સેવિંગ્સ બેન્ક ડિપોઝિટ એકાઉન્ટ્સ (બીએસબીડીએ) પર મિનિમમ બેલેન્સ ન રાખવા બદલ કોઈ દંડ વસૂલવામાં આવશે નહીં. લોકસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં તેમણે જણાવ્યું હતું કે બેન્ક બેસિક સેવિંગ્સ બેન્ક ડિપોઝિટ એકાઉન્ટ્સમાં ઝીરો (જુઓ પાનું ૨) ▶▶

## મીશોને મળી ૧૫૦૦ કરોડ રૂપિયાની ઈન્કમ ટૅક્સ નોટિસ

નવી દિલ્હીઃ ઈ-કોમર્સ કંપની મીશોને આવકવેરા વિભાગ તરફથી આશરે ૧,૫૦૦ કરોડ રૂપિયાના કરવેરાની માગણી કરતી નોટિસ મળી છે. કંપનીએ આ નોટિસને પડકારવાનો નિર્ણય લીધો છે. સ્ટોક એક્સચેન્જને આપવામાં આવેલી જાણકારીમાં મીશોએ જણાવ્યું હતું કે તેને આવકવેરા વિભાગ તરફથી ૬ માર્ચે આકારણી વર્ષ ૨૦૨૩-૨૪ માટે આ નોટિસ મળી હતી. વિભાગના આકારણી એકમે વ્યાજ સહિત કુલ ૧,૪૯૯.૭૩ કરોડ રૂપિયાની ટેક્સની (જુઓ પાનું ૨) ▶▶



**આગ :** દેહરાદૂન-હરિદ્વાર નેશનલ હાઈવે પર અનેક વાહન ટકારાયા બાદ એક બસને આગ લાગી હતી. આમાં એક જણનું મરણ થયું હતું અને સાત બાળક સહિત ૧૫ને ઈજા થઈ હતી. (પીટીઆઈ)

## બંગાળમાં ૭૦ કરોડ રૂપિયાની નકલી નોટો સાથે સાતની ધરપકડ

કોલકાતાઃ નેપાળ પોલીસ અને પશ્ચિમ બંગાળ પોલીસની સંયુક્ત ટીમે કોલકાતા નજીક એક ફ્લેટ પર દરોડો પાડ્યો હતો. આ દરોડામાં આશરે ૭૦ કરોડ રૂપિયાની નકલી નોટો સાથે એક દંપતી સહિત સાત લોકોની ધરપકડ કરવામાં આવી હતી. આ જાણકારી એક અધિકારીએ સોમવારે આપી હતી.

આ દરોડો રવિવારના રોજ ઉત્તર ૨૪ પરગણા જિલ્લાના બેલઘરિયામાં કમરહાટી નગરપાલિકાની અંદર એક એપાર્ટમેન્ટમાં પાડવામાં આવ્યો હતો. જ્યાં દીપા ઘર અને અરિંદમ નામના પતિ-પત્ની રહેતાં હતાં. તપાસકર્તાઓએ જણાવ્યું કે સર્ચ ઓપરેશન દરમિયાન લોખંડની પેટીમાંથી આશરે ૭૦ કરોડ રૂપિયાની નકલી ચલણી નોટો મળી આવી હતી. ફ્લેટમાંથી ૧૨ મોબાઇલ ફોન અને એક લક્ઝરી કાર પણ જપ્ત કરવામાં આવ્યા હતા.

અધિકારીઓએ જણાવ્યું કે દીપાએ થોડાં વર્ષો પહેલા દક્ષિણ ૨૪ પરગણાના સોનારપુરના હરિણવીના અરિંદમ સાથે લગ્ન કર્યાં હતાં. આ દંપતી ૨૦૨૪માં નેપાળ ગયું હતું, જ્યાંથી તેઓ નકલી ચલણના રેકેટમાં સામેલ થયા હોવાની શંકા સેવાઇ રહી છે.

તપાસકર્તાઓએ જણાવ્યું કે દંપતીએ કથિત રીતે વીડિયો કોલ દ્વારા ઉદ્યોગપતિનો સંપર્ક કર્યો હતો, તેને નકલી ચલણી નોટોના ઢગલા દેખાડ્યા હતા. તેમજ તેને મોટા વળતરનું વચન આપતી સ્કીમમાં નાણાં રોકવા માટે સમજાવ્યા હતા.

તેમણે વધુમાં જણાવ્યું કે જપ્તીના જથ્થા પરથી સરહદ પારના મોટા નકલી ચલણ નેટવર્કની સંભવિત સંડોવણીનો સંકેત મળે છે. નકલી નોટોના સ્ત્રોતની ભાળ મેળવવા અને સિન્ડિકેટના અન્ય સભ્યોની ઓળખ કરવા માટે તમામ આરોપીઓની પૂછપરછ કરવામાં આવી રહી છે. ધરપકડ કરાયેલા સાત લોકોમાં એક નેપાળી નાગરિકનો પણ સમાવેશ થતો હોવાનું પોલીસે જણાવ્યું હતું. ■

**અમેરિકામાં ધુળેટી :** લોસ એન્જલસમાં હિન્દુઓએ ગુલાલ ઊડાડીને ધુળેટીની ઉજવણી કરી હતી. (પીટીઆઈ)



## વિરોધ પક્ષો મુખ્ય ચૂંટણી કમિશનર સામે મહાભિયોગ પ્રસ્તાવ લાવશે

નવી દિલ્હીઃ વિરોધ પક્ષો પહેલી વાર મુખ્ય ચૂંટણી કમિશ્નર જ્ઞાનેશ કુમારને હટાવવાની માગ કરતો પ્રસ્તાવ લાવવા માટે નોટિસ રજૂ કરવા માટે તૈયાર હોવાનું સૂત્રોએ સોમવારે જણાવ્યું હતું.

સૂત્રોના જણાવ્યા અનુસાર નોટિસનો ડ્રાફ્ટ તૈયાર છે અને આ અઠવાડિયે રજૂ કરવામાં આવે તેવી સંભાવના છે. મહાભિયોગ પ્રસ્તાવ લાવવા માટે નોટિસ તૈયાર કરવાની પ્રક્રિયામાં સામેલ તૃણમૂલ કોંગ્રેસના એક વરિષ્ઠ સાંસદે જણાવ્યું કે આ ૧૦૦ ટકા ટીમ પ્રયાસ હતો. નેતાએ કહ્યું કે ખરડો તૈયાર કરવો અને આયોજન ખરેખર તમામ સમાન વિચારધારા ધરાવતા પક્ષોનો ટીમ પ્રયાસ રહ્યો છે. બંને ગૃહોમાં અમલ પણ સંપૂર્ણ ટીમવર્ક હશે.

ટીએમસી નેતાએ કહ્યું કે મુખ્ય ચૂંટણી કમિશ્નર(સીઇસી) જે મહાન પદ પર બેઠા છે તેનો તેમણે સંપૂર્ણ અનાદર કર્યો છે. મુખ્ય વિરોધ પક્ષ કોંગ્રેસના સૂત્રોએ જણાવ્યું કે તેઓ આ નોટિસને સમર્થન આપશે. એક અન્ય સૂત્રએ જણાવ્યું કે ઇન્ડિયા બ્લોકના અન્ય પક્ષો પણ તૈયાર છે. નોટિસ સંયુક્ત રીતે તૈયાર કરવામાં આવી છે. વિપક્ષી સાંસદો હવે બંને ગૃહોના સાંસદો પાસેથી સહીઓ એકત્રિત કરશે.

નિયમો અનુસાર નોટિસ માટે લોકસભાના ઓછામાં ઓછા ૧૦૦ સાંસદો અને રાજ્યસભાના ઓછામાં ઓછા ૫૦ સાંસદોની સહીઓ જરૂરી છે. સીઇસીને દૂર કરવાની પ્રક્રિયા સુપ્રીમ કોર્ટ અથવા હાઇ કોર્ટના ન્યાયાધીશને દૂર કરવા સમાન જ છે. મહાભિયોગ માત્ર સાબિત થયેલી ગેરવર્તણૂક અથવા અસમર્થતાના આધારે જ થઇ શકે છે.■

## પાકિસ્તાનની અર્થવ્યવસ્થા પર સંકટ

કરાચીઃ મિડલ ઈસ્ટમાં માહોલ તણાવગ્રસ્ત છે ત્યારે ક્રૂડ ઓઈલની કિંમતમાં તોતિંગ વધારો થતા અનેક દેશમાં ચિંતા રાતોરાત વધી ગઈ છે. પાકિસ્તાનના નાણામંત્રી મોહમ્મદ ઔરંગઝેબે એવી ચેતવણી આપી છે કે, પાકિસ્તાનનું માસિક ક્રૂડ ઓઈલનું આયાત બિલ ૬૦૦ મિલ્યન ડૉલર સુધી પહોંચી શકે છે. પાકિસ્તાનના નાણા મંત્રીનું નિવેદન એવા સમયે સામે આવ્યું છે જ્યારે વૈશ્વિક માર્કેટમાં ક્રૂડ માર્કેટ પર અનેક રાષ્ટ્ર ચિંતામાં છે. સોમવારે ક્રૂડ ઓઈલની કિંમતમાં વધારો જોવા મળ્યો હતો. ક્રૂડ ઓઈલની બેરલની કિંમત ૧૦૦ ડૉલરને પાર થતાં ખાડીના દેશ સહિત અનેક દેશની એકાએક ચિંતા વધી છે. ઈન્ટરનેશનલ બેંચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૧૧૮.૨૨ ડૉલર પ્રતિ બેરલ સુધી પહોંચ્યું હતું, જ્યારે ડબ્લ્યુટીઆઈ ક્રૂડ ઓઈલના ભાવ શુક્રવારે એટલે છઠ્ઠી માર્ચે ૯૦.૯૦ ડૉલર પર બંધ થયો હતો, જે સામાન્ય ભાવ કરતા ૩૦ ટકા વધારે હતો. એ પછી ૧૧૮.૨૧ ડૉલરનો નવો ભાવ સામે આવ્યો. અખાતી દેશમાં વધી રહેલા સંઘર્ષની અસર ભાવ પર સ્પષ્ટ દેખાઈ રહી છે. એનર્જી સપ્લાય અને શિપિંગ રૂટમાં લાગેલી બ્રેકની અસરથી ભાવ વધારો થયો છે. ક્રુડ ઓઈલની વધતી કિંમતને લઈ પાકિસ્તાન તોબા પોકારી ઊઠ્યું છે. પેટ્રોલિયમ પેદાશો પર રાહત મેળવવા માટે પાકિસ્તાને ઈખ્ત્રઋ ના દ્વાર ખખડાવ્યા છે. પાકિસ્તાનના પેટ્રોલિયમ મંત્રી અલી પરવેઝ મલિકે આ વાતની ખાતરી કરી છે. જો અખાતી દેશમાં આ જ પ્રકારની સ્થિતિ લાંબા સમય સુધી ચાલશે તો આર્થિક ભારણ વધશે, પાકિસ્તાનનું માસિક આયાત બિલ પણ વધશે. પાકિસ્તાન સરકાર કાચા તેલની કિંમતને અંકુશમાં લેવા માટે ઈમરજન્સી પ્લાન તૈયાર કરે છે, એવું મોહમ્મદ ઔરંગઝેબે જણાવ્યું હતું. બીજી તરફ અલી પરવેઝે ક્રૂડ ઓઈલની પેદાશને વધુ સ્ટોર કરવા અને ફ્યૂલ બચાવવા માટે એમની પ્રજાને અપીલ કરી. ■



**કળશયાત્રા :** રાણીબાગમાં શ્રદ્ધાળુઓએ શીતળા અષ્ટમી ઉત્સવની કળશયાત્રામાં ભાગ લીધો હતો. (પીટીઆઈ)

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ભારત ફરી ચેમ્પિયન, યાદવની ટીમ ઈન્ડિયાએ રંગ રાખ્યો

**ભારતે** બે વર્ષથી પણ ઓછા સમયગાળામાં બીજો ટી-૨૦ વર્લ્ડકપ જીતીને ઈતિહાસ રચી દીધો. સૂર્યકુમાર યાદવની ટીમ ઈન્ડિયાએ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાયેલી ટી ૨૦ વર્લ્ડકપની ફાઈનલમાં ન્યૂ ઝીલેન્ડને રીતસર કચડી જ નાંખ્યું. ન્યૂ ઝીલેન્ડે ટોસ જીતીને ભારતને પહેલાં બેટિંગ આપેલી પણ અભિષેક શર્મા, સંજુ સેમસને શરૂઆતની ઓવરોમાં તોફાની બેટિંગ કરીને ન્યૂ ઝીલેન્ડને અહેસાસ કરાવી દીધેલો કે, તમે ટીમ ઈન્ડિયાના યંગસ્ટર્સને આંકવામાં થાપ ખાઈ લીધી છે. પાછળથી ઈશાન કિશને અને છેલ્લે શિવમ દુબેએ તડાફડી કરીને ૨૫૫ રનનો સ્કોર ખડક્યો પછી બોલરોએ મોરચો સંભાળી લીધો.

ન્યૂ ઝીલેન્ડનો કિલ્લો ધરાશાયી કરવાની શરૂઆત અક્ષર પટેલે કરી ને પછી જસપ્રિત બૂમરાહ ચડી બેઠો તેમાં ન્યૂ ઝીલેન્ડ પૂરી ૨૦ ઓવર પણ ના રમી શક્યું ને ૧૫૯ રનમાં તો ધરાશાયી થઈ ગયું. ભારતે ટી-૨૦ વર્લ્ડ કપની ફાઈનલમાં સૌથી મોટા ૯૬ રનના માર્જિનથી ચેમ્પિયન બનીને રેકોર્ડ્સની વણઝાર કરી નાંખી.

ભારત સારું રમ્યું તેથી ચેમ્પિયન બન્યું એ દેખીતું છે પણ વાસ્તવમાં ટીમ ઈન્ડિયા ફાઈનલના પહેલા બોલથી જ ચેમ્પિયનની જેમ રમ્યું. ભારતે ૧૫ ઓવરમાં તો ૨૦૦ રનનો સ્કોર પાર કરી દીધો હતો. તેના પરથી જ ભારતના શરૂઆતના બેટ્સમેન કેવા પ્રભુત્વ સાથે રમ્યા એ સ્પષ્ટ છે. આઈપીએલમાં પણ આવી બેટિંગ નથી જોવા મળતી.

ન્યૂ ઝીલેન્ડના નિશામે મેચની ૧૬મી ઓવરમાં માત્ર ૧ રન આપીને ભારતના ત્રણ બેટ્સમેનને આઉટ કર્યા પછી ભારત થોડુંક દબાણમાં આવેલું તેથી સાવચેતીપૂર્વક રમ્યું. આ કારણે ૧૬મીથી ૧૯મી ઓવર સુધીમાં ચાર ઓવરમાં ભારતે ૨૮ રન જ કર્યા. આ ૪ ઓવરમાં ભારતે કુલ ૪ વિકેટ પણ ગુમાવી. આખી ફાઈનલમાં આ ચાર ઓવર દરમિયાન ન્યૂ ઝીલેન્ડ ઈન્ટરનેશનલ ક્રિકેટ રમતી ટીમ હોય એવું લાગેલું, બાકી ભારતે ન્યૂ ઝીલેન્ડને સાવ વામણી ટીમ સાબિત કરતી રમત બતાવી.

શિવમ દુબેએ છેલ્લી ઓવરમાં ૨૪ રન ઝૂડીને આ ચાર ઓવરની કસર તો પૂરી કરી જ પણ ભારતને પરેશાન કરી ગયેલા નિશામને પણ ટીમ ઈન્ડિયાની તાકાતનો પરચો આપી દીધો. બેટિંગમાં પણ ન્યુઝેન્ડની એ જ હાલત થઈ. ઓપનર વિકેટકીપર ટીમ સેઈફર્ટે સંજુ સેમસન, અભિષેક અને ઈશાનની યાદ અપાવતી તોફાની બેટિંગ કરી પણ અક્ષર પટેલ અને જસપ્રિત બૂમરાહે બીજો છેડો ખાલી કરવા માંડ્યો તેમાં રન રેટનું દબાણ વધતાં સેઈફર્ટ પણ ઘાંઘો થયો ને વિકેટ ખોઈ દીધી.

ઈશાન કિશને સેઈફર્ટનો બાઉન્ડ્રી પર જોરદાર કેચ પકડ્યો એ સાથે જ મેચ પતી ગયેલી. છેલ્લે છેલ્લે કેપ્ટન મિશેલ સેન્ટનરે મરણિયા બનીને મથામણ કરી પણ મેળ ના પડ્યો. ન્યૂ ઝીલેન્ડમાંથી ખાલી ત્રણ બેટ્સમેન બે આંકડે પહોંચી શક્યા તેના પરથી જ ભારતીય બોલરોના પ્રભુત્વનો અંદાજ આવી જાય. બૂમરાહ માત્ર ૧૫ રનમાં ચાર વિકેટ ઝડપીને કાળ સાબિત થયો તો અક્ષરે ૨૭ રનમાં મહત્વની ત્રણ વિકેટો લીધી.

ભારતે ૨૦૨૪માં ટી-૨૦ વર્લ્ડ કપ જીત્યો પછી રોહિત શર્મા, વિરાટ કોહલી અને રવિન્દ્ર જાડેજાએ ટી ૨૦માંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી હતી. એ વખતે ત્રણ ધુરંધરોની ગેરહાજરીમાં ભારતીય ટીમનું હવે શું થશે એવી ચિંતાઓ કરાતી હતી. ભારતને હવે નવી ચેમ્પિયન ટીમઊભી કરતાં બીજાં ચાર-પાંચ વર્ષ લાગી જશે એવી વાતો પણ થતી હતી પણ સૂર્યકુમારની ટીમે બે વર્ષથી ઓછા સમયમાં ફરી વર્લ્ડ કપ જીતીને સાબિત કર્યું છે કે, ભારતમાં ટેલેન્ટની જરાય કમી નથી અને કોઈના વિના કશું અટકી જતું નથી.

જસપ્રિત બૂમરાહ, અક્ષર પટેલ, સંજુ સેમસન કે હાર્દિક પંડ્યા જેવા ગણ્યાગાંઠ્યા અનુભવીઓ સિવાયના બાકીના તદ્દન નવા અને છેલ્લાં બે વર્ષમાં જ ચમકેલા ક્રિકેટરોના જોરે ભારત ફરી ચેમ્પિયન બની ગયું છે. ઈશાન કિશન, અર્શદીપસિંહ કે મોહમ્મદ સિરાજ જેવા ક્રિકેટરો છેલ્લાં ચાર-છ વર્ષથી ટીમમાં આવનજાવન કર્યા કરે છે પણ અભિષેક શર્મા, તિલક વર્મા, રિન્કુ સિંહ વગેરે તદ્દન નવા ખેલાડીઓ છે.

સંજુ સેમસન અને કેપ્ટન સૂર્યકુમાર યાદવ બંને ત્રીસી વટાવી ચૂક્યા છે પણ ટીમમાં તેમનું સ્થાન પાકું તો છેલ્લાં પાંચેક વર્ષમાં જ થયું છે. સંજુએ તો છેક ૨૦૧૫માં પહેલી આંતરરાષ્ટ્રીય મેચ રમી હતી પણ જૂના ખેલાડી ખસતા જ નહોતા તેથી તક જ નહોતી મળતી. સંજુ મૂળ વિકેટકીપર છે પણ મહેન્દ્રસિંહ ધોની જામી ગયેલો તેથી સંજુનો નંબર નહોતો લાગતો. એવું જ સૂર્યકુમારનું હતું. સૂર્યકુમાર તો ૩૫ વર્ષનો છે ને આઈપીએલમાં જોરદાર રમતો હતો, રણજી ટ્રોફી સહિતની સ્થાનિક ટૂર્નામેન્ટ્સમાં પણ સારું રમતો પણ કહેવાતા ધુરંધરો ખસતા નહોતા તેના કારણે તક નહોતી મળતી. તક મળતાં જ સૂર્યકુમારે પોતાની બેટિંગનો પાવર પણ સૌને બતાવી દીધો ને નેતૃત્વની ક્ષમતા પણ સાબિત કરી દીધી.

આ જીત સાથે ભારતીય ક્રિકેટ એક નવા યુગમાં પ્રવેશ્યું છે કેમ કે ભારતે છેલ્લી ત્રણ આઈસીસી ટૂર્નામેન્ટ્સ જીતી છે. ૨૦૨૪માં ટી-૨૦ વર્લ્ડ કપ, ૨૦૨૫માં ચેમ્પિયન્સ ટ્રોફી અને હવે ૨૦૨૬માં ફરી ટી ૨૦ વર્લ્ડ કપ જીતીને ભારતીય ટીમે જીતની હેટ-ટ્રિક કરી છે. ભારત માટે અસલી પડકાર આ વર્ચસ્વ જાળવી રાખવાનો છે. ભૂતકાળમાં ૧૯૮૦ના દાયકામાં વેસ્ટ ઈન્ડિઝ અને પછી ૨૦૦૦ના દાયકામાં ઓસ્ટ્રેલિયાનો વિશ્વ ક્રિકેટમાં સંપૂર્ણ દબદબો હતો. ભારતે જીતની હેટ-ટ્રિક પછી આ દબદબો કઈ રીતે ઊભો થાય એ વિશે વિચારવું જોઈએ.

ભારતે પોતાનું પ્રભુત્વ ઊભું કરવા માટે બોલિંગના વિકલ્પો વિશે વધારે ધ્યાન આપવું જોઈએ. ભારત પાસે સ્ફોટક બેટ્સમેનની કમી નથી પણ બોલિંગમાં ભારતના વિકલ્પો હજુય મર્યાદિત છે. તેમાં પણ પેસ બોલિંગમાં તો ભારત હજુય જસપ્રિત બૂમરાહના મેજિક પર જ નિર્ભર છે. ન્યુઝીલેન્ડ સામેની ફાઈનલની જીતમાં બૂમરાહના મેજિક સ્પેલનો ફાળો બહુ મોટો હતો. બૂમરાહ અત્યારે ૩૨ વર્ષનો છે એ જોતાં આવતા વરસે વન ડે ઈન્ટરનેશનલના વર્લ્ડ કપમાં રમશે ને હવે પછીના ટી-૨૦ વર્લ્ડ કપમાં પણ કદાચ રમી નાંખે પણ તેનાથી વધારે ખેંચે એવી શક્યતા નથી.

મોહમ્મદ સિરાજ સારો બોલર છે, પણ સિરાજ પણ ૩૧ વર્ષનો છે તેથી એ પણ બે-ચાર વર્ષમાં નિવૃત્ત થશે એ જોતાં અર્શદીપસિંહ સિવાય ભારત પાસે બીજો કોઈ સારો પેસર જ નથી. ક્રિકેટમાં સૌને હીરો બેટ્સમેન લાગે છે કેમ કે બેટ્સમેન ચોગ્ગા-છગ્ગા ફટકારીને સૌનું મનોરંજન કરે છે પણ મેચ તો બોલરો જ જીતાડે છે ને તેમાં સૌથી મહત્વનો રોલ પેસરનો હોય છે કેમ કે બોલિંગની શરૂઆત કરનાર બેટ્સમેનને હાવી ના થવા દે તો વિરોધી ટીમ દબાણમાં આવી જતી હોય છે. બૂમરાહ, સિરાજ ને અર્શદીપે છેલ્લાં ચાર-પાંચ વર્ષમાં આ કામગીરી અસરકારક રીતે નિભાવી છે પણ હવે તેમનાથી આગળ વિચારવાનો સમય આવી ગયો છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ-સૌર વસંતઋતુ, મંગળવાર, તા. ૧૦-૩-૨૦૨૬, વિંછુડો, ભદ્રા

- ભારતીય દિનાંક ૧૯, માહે ફાલ્ગુન, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, ફાલ્ગુન વદ-૭
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે ફાલ્ગુન, તિથિ વદ -૭
- પારસી શહેનશાહી રોજ ૨૮મો જમીઆદ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૨૮મો જમીઆદ, માહે ૮મો આવાં, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૫મો અશીશવંઘ, માહે ૧૨મો સ્પેનદાર્મદ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૦મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૨મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૭
- નક્ષત્ર અનુરાધા રાત્રે ક. ૧૯-૫૪ સુધી, પછી જયેષ્ઠા
- ચંદ્ર વૃશ્ચિકમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃશ્ચિક (ન, ય)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૫૨, અમદાવાદ ક. ૦૬ મિ. ૫૫, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૫, અમદાવાદ ક. ૧૮ મિ. ૪૫, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ઃ-
- ભરતીઃ સાંજે ક. ૧૬-૨૧, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૪૦ (તા. ૧૧)
- ઓટઃ સવારે ક. ૦૯-૩૫, રાત્રે ક. ૨૧-૫૫
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ' નામ સંવત્સર, ફાલ્ગુન – કૃષ્ણ સપ્તમી. વિંછુડો, ભદ્રા સમાપ્તિ રાત્રે ક. ૧૨-૩૯.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, મહાબલિ હનુમાનજીનું પૂજન, હનુમાન ચાલીસા, સુંદરકાંડ, બજરંગ બાણ વાંચન, વિશેષરૂપે શનિ દેવતાનું પૂજન, અગ્નિપૂજા, નાગકેસરના ઔષધીય, યજ્ઞ પ્રયોગો, મુંડન કરાવું નહીં, મહેંદી લગાવવી, નવાં વસ્રો, બી વાવવું, શ્રી વિષ્ણુ સહસ્ર નામ પાઠ વાંચન.
- આચમનઃ ચંદ્ર-મંગળ ચતુષ્કોણ અવિચારી, ચંદ્ર-રાહુ ચતુષ્કોણ મોટી મોટી આશાઓ રાખનારા, ચંદ્ર-બુધ ચતુષ્કોણ ખોટું બોલવાની આદત.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-મંગળ ચતુષ્કોણ, ચંદ્ર-રાહુ ચતુષ્કોણ, ચંદ્ર-બુધ ચતુષ્કોણ (તા. ૧૧). ચંદ્ર જયેષ્ઠા યુતિ, ચંદ્ર પૃથ્વીથી અત્યંત દૂર જાય છે. ચંદ્ર ક્રાંતિવૃત્તથી મહત્તમ દક્ષિણે ૫ અંશ ૧૬ કળાના અંતરે રહે છે.
- ગ્રહગોચરઃ સૂર્ય-કુંભ, મંગળ-કુંભ, વક્રી બુધ-કુંભ (બુધ અસ્ત) વક્રી ગુરુ-મિથુન, શુક્ર-મીન, (શુક્ર પશ્ચિમમાં દેખાશે) માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

# ઈન્ડિગોની ફ્લાઈટ યુદ્ધને લીધે પાછી ફરી

નવી દિલ્હી : માંચેસ્ટર જનારી ઈન્ડિગો ફ્લાઈટ સોમવારે અમુક અંકુશોને લીધે પાછી ફરી હતી. આ ફ્લાઈટ લીઝમાં લીધેલા બોઈંગ ૭૮૭ વિમાન વડે ચાલે છે. વિમાન આફ્રિકાના દેશ ઈરિટ્રિયાની હવાઈસીમામાં પ્રવેશવાનું હતું ત્યારે આ દેશના સત્તાવાળાઓએ વિમાનને પ્રવેશવાની પરવાનગી આપી નહોતી.

ઈન્ડિગોએ એક નિવેદનમાં કહ્યું હતું કે અમારી દિલ્હીથી માંચેસ્ટર જનારી ફ્લાઈટ ૬ઈ ૦૩૩ને પશ્ચિમ એશિયના યુદ્ધને લીધે લાદવામાં આવેલા છેલ્લી મિનિટના હવાઈ અંકુશોને લીધે તેને મૂળ સ્થાન પાછું ફરવું પડ્યું હતું. અમે મુસાફરી ફરી શરૂ કરવા લાગતાવળગતા સત્તાવાળાઓ સાથે વાતચીત કરી રહ્યા છીએ. સૂત્રોએ કહ્યું હતું કે ઈરિટ્રિયાના સત્તાવાળઓ સાથે મંજૂરીનો પ્રશ્ન હોવાથી અને ભયનું આકલન કર્યા બાદ અમે ફ્લાઈટને પાછી દિલ્હી લઈ જવાનું નક્કી કર્યું હતું. (એજન્સી) ■

# ભારતને રશિયન તેલ ખરીદવાની અમેરિકાની અરજ

ન્યૂયોર્ક/વોશિંગ્ટનઃ પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધ વચ્ચે સંભવિત પુરવઠાની અછત અને ભાવ વધારાનો ભય ઓછો કરવા માટે અમેરિકાએ ભારતને વિનંતી કરી છે કે તે દરિયાઈ પરિવહનમાં પહેલાથી જ રહેલા રશિયન ક્રૂડ ઓઇલની ખરીદી કરે અને તેને ભારતીય રિફાઇનરીઓ સુધી પહોંચાડે જેથી યુદ્ધ વચ્ચે બજારને સ્થિર કરવા અને કિંમતોમાં ઉછાળાની સંભાવનાઓને ઓછી કરી શકાય. અમેરિકાના એનર્જી મંત્રી ક્રિસ રાઈટે કહ્યું હતું કે આ પગલું બજારને સ્થિર રાખવા માટે એક ટૂંકા ગાળાનો અને વ્યવહારુ પ્રયાસ છે. રાઈટે સ્પષ્ટ કર્યું કે આ નિર્ણય રશિયન તેલ અંગે અમેરિકાની નીતિમાં કોઈ ફેરફારના સંકેત આપતી નથી.

રવિવારે મીડિયા સાથેની વાતચીતમાં તેમણે કહ્યું હતું કે તેમણે ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસન્ટ સાથે મળીને ભારતીય અધિકારીઓ સાથે વાત કરી હતી જેથી ચીની રિફાઇનરીઓમાં સપ્લાયની રાહ જોઈ રહેલા ક્રૂડ ઓઈલ કાર્ગોને ભારત ખરીદી શકે. રાઈટે કહ્યું હતું કે, ''ભારત આ મામલામાં એક સારો ભાગીદાર રહ્યો છે. મે અને ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસન્ટે ભારતીય અધિકારીઓ સાથે ફોન પર વાત કરી અને કહ્યું હાલમાં તમામ ક્રૂડ ઓઈલ ચીની રિફાઇનરીઓમાં પહોંચાડવાનું બાકી છે.''

તેમણે કહ્યું હતું કે, ''ત્યાં ક્રૂડ ઓઈલને ઉતારવા માટે છ અઠવાડિયા રાહ જોવાને બદલે તેને અગાઉથી ભારત ખરીદીને પોતાની રિફાઈનરીઓમાં મોકલે જેથી ઓઈલની અછતની આશંકા, કિંમતોમાં અચાનક વધારો અને બજારમાં ફેલાયેલી ચિંતાઓને ઓછી કરી શકાય.'' આ સાથે તેમણે કહ્યું કે રશિયા પ્રત્યે અમેરિકાની નીતિમાં કોઈ ફેરફાર થયો નથી અને ભારત તેને લઇને પુરી રીતે સ્પષ્ટ છે.

જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું રશિયન તેલ ખરીદવા માટે ભારતને આપવામાં આવેલી ૩૦ દિવસની છૂટ ટ્રમ્પ વહીવટીતંત્રના રશિયાને અલગ પાડવાના લક્ષ્યને નબળી પાડે છે ત્યારે તેમણે કહ્યું હતું કે, ''એવું નથી. આ ફક્ત એક વ્યવહારું પગલું છે અને તેની અસર ફક્ત ટૂંકા ગાળાની રહેશે. રશિયા પ્રત્યેની નીતિમાં કોઈ ફેરફાર થયો નથી.''

ગયા અઠવાડિયે નાણાં મંત્રાલય દ્વારા આપવામાં આવેલી છૂટ હેઠળ ભારત ૩૦ દિવસ માટે રશિયા પાસેથી ક્રૂડ તેલ ખરીદી શકે છે. અગાઉ ટ્રમ્પ સરકારે રશિયન તેલ ખરીદવા માટે ભારતીય ઉત્પાદનો પર ૨૫ ટકા દંડાત્મક ટેરિફ લાદ્યો હતો. જો કે, વચગાળાના વેપાર કરારના ભાગ રૂપે ગયા મહિને આ ડ્યુટી હટાવવા પર સહમતિ સધાઈ હતી. રાઈટે એમ પણ કહ્યું હતું કે ભારતે રશિયન તેલની આયાત સંપૂર્ણપણે બંધ કરી દીધી છે અને અમેરિકા, વેનેઝુએલા અને અન્ય દેશોમાંથી તેની આયાત વધારી રહ્યું છે. ■

# અનેક શહેરોની રેસ્ટોરાં પર ઈન્કમ ટેક્સના દરોડા

નવી દિલ્હીઃ આવકવેરા ખાતાની હૈદરાબાદ ઈન્વેસ્ટિગેશન વિંગે શોધી કાઢ્યું હતું કે રેસ્ટોરાંએ કરચોરી કરવા બિલિંગ સોફ્ટવેરમાં ઘાલમેલ કરીને સેલ્સ ઓછું બતાડ્યું હતું. આને પગલે ઈન્કમ ટેક્સ વિભાગે અનેક શહેરની વિવિધ રેસ્ટોરાં પર દરોડા પાડ્યા હતા. વેરાના સત્તાવાળાઓએ અનેક રેસ્ટોરાંમાં દરોડા (ઑફિસ પ્રીમાઈસીસની મુલાકાત લઈને) પાડ્યા હતા. બિલિંગ સિસ્ટમ સમજવવા દિલ્હીની પાંચ રેસ્ટોરાંમાં સર્ચ કર્યું હતું. ચકાસણીની કવાયત થોડા દિવસ વધુ ચાલશે.

હૈદરાબાદની તપાસ પાંખે રેસ્ટોરાંના બિલિંગ સોફ્ટવેરનો સર્વે કર્યો હતો. આમાં માલુમ પડ્યું હતું કે અમુક હોટેલ અને રેસ્ટોરાંમાં આવક ઓછી દેખાડવા સોફ્ટવેરમાં ઘાલમેલ કરાય છે.

અધિકારીઓએ અંદાજ કર્યો હતો કે હૈદરાબાદ એકલામાં કરોડો રૂપિયાની કરચોરી કરાઈ છે. (એજન્સી) ■

## પહેલા પાનાનું ચાલુ

### શૅરબજાર અને રૂપિયો

સંકેત અને મધ્ય પૂર્વ યુદ્ધની ભારતના મેક્રોઇકોનોમિક્સ પર સંભવિત નકારાત્મક અસરની આગાહીઓ અને અટકળો વચ્ચે બજારમાં વ્યાપક વેચવાલી જોવા મળી હતી.

સોમવારે સેન્સેક્સ ૨૪૯૪.૩૮૫ પોઇન્ટ સુધી નીચે પટકાઇને સત્રને અંતે ૧૩૫૨.૭૪ પોઇન્ટ અથવા તો ૧.૭૧ ટકાના કડાકા સાથે ૭૭,૫૬૬.૧૬ પોઇન્ટની સપાટીએ અને નિફ્ટી ૪૨૨.૪૧ પોઇન્ટ અથવા તો ૧.૭૩ ટકાના ઘટાડા સાથે ૨૪,૦૨૮.૦૫ની સપાટીએ સ્થિર થયો હતો.

પશ્ચિમ એશિયામાં અમેરિકા, ઇઝરાયલ અને ઇરાન યુદ્ધ વધીને વધુ ઉગ્ર બનાવી રહ્યા હોવા સાથે ઇઝરાયલે ઇરાનના ક્રૂડ ઓઇલના ભંડારો પર કરેલા આક્રમક હુમલા બાદ વિશ્વભરના શેરબજારોમાં ગભરાટ ફેલાઇ ગયો છે. સત્રને અંતે રોકાણકારોની સંપત્તિમાં અંદાજે રૂ. નવ લાખ કરોડનું ધોવાણ થયું છે.

અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ ભલે ગમે એવા બણગાં ફૂંકે, ઇરાને વધુ તીવ્ર હુમલા શરૂ કરવા સાથે તેની સાવ સસ્તા ખર્ચે ઊભા કરેલા લશ્કરી સંરજામથી અમેરિકાના અબજો ડોલરના રડારોમાં ભાંગફોડ કરીને અમેરિકાને મોટી શિકસ્ત આપી છે. ઇરાન પર વધુ મિસાઇલ હુમલા અને ઇરાન તરફથી વધુ આક્રમક જવાબની તૈયારી વચ્ચે બજારનું સેન્ટિમેન્ટ ખોરવાઇ ગયું છે.

અખાતી દેશોમાં યુદ્ધ વધુને વધુ તીવ્ર બનતું જઇ રહ્યું છે ત્યારે શેરબજારમાં અપેક્ષા અનુસાર જ જોરદાર કડાકા સાથે સપ્તાહની શરૂઆત થઇ છે. નિફ્ટી અને સેન્સેક્સમાં સત્ર ખૂલવાની ગણતરીની મિનિટોમાં જ ત્રણ ટકાથી મોટો કડાકો બોલાઇ જતાં બજારમાં હાહાકાર મચી ગયો હતો અને એ તબક્કે લગભગ ૧૩ લાખ કરોડ રૂપિયાનું ધોવાણ થઇ ગયું હતું.

ઈરાન અને ઇઝરાયલ-યુએસ વચ્ચેના યુદ્ધની ભીષણતામાં સતત વધારો થઇ રહ્યો હોવાથી ક્રૂડ ઓઇલના ભાવમાં જબરો ઉછાળો આવ્યો હતો અને તે બેરલ દીઠ ૧૨૦ ડોલર સુધી પહોંચી ગયું હતું. એ જ સાથે ડોલર સામે રૂપિયો નવી ઐતિહાસિક નીચી સપાટીએ પટકાવાને કારણે મેક્રોઇકોનોમિક્સ પર ચિંતા વધી જવાથી વેચવાલીનું દબાણ તીવ્ર બન્યું હતી.

ખાસ કરીને બેંકિંગ, ઓટો અને પીએસયુ બેંક શેરોમાં ભારે નુકસાન થયું હતું, જે રિસ્ક ઓફ સેન્ટિમેન્ટનો સંકેત આપે છે. મેટલ, મીડિયા અને રિયલ્ટીમાં પણ તીવ્ર ઘટાડો થયો હતો, જ્યારે એફએમસીજી, આઇટી અને ફાર્મા જેવા ડિફેન્સિવ સેક્ટરના શેરો તુલનાત્મક રીતે ઓછા ઘટ્યા હતા. ■

### ક્રૂડ ઑઈલના

૧૦૭.૮૦ અમેરિકન ડૉલર થયો હતો.

અમેરિકા દ્વારા જેનું ઉત્પાદન થાય છે તે વેસ્ટ ટેક્સાસના ઈન્ટરમિડિયેટ લાઈટ, સ્વીટ ક્રૂડના ભાવમાં ઉછાળો આવીને બેરલદીઠ ૧૧૯.૪૮ અમેરિકન ડૉલર થયા હતા, પરંતુ તે પછી ઘટીને એક બેરલદીઠ ૧૦૩ ડૉલર થયા હતા.

યુદ્ધ બીજા અઠવાડિયામાં પ્રવશતાં તેલના ભાવ વધી ગયા છે. તેલ અને ગેસના ઉત્પાદન જ્યાં થાય છે તે જરૂરી દેશો અને સ્થળો યુદ્ધમાં ઘેરાયા હોવાથી તેલના ભાવ વધી ગયા છે. સાત ઔદ્યોગિક દેશ બજાર પરના દબાણને દૂર કરવા તેલના વ્યૂહાત્મક ભંડાર ખોલવા તૈયાર થયા હોવાના અહેવાલથી તેલના ભાવ સોમવારે મોડેથી ઘટ્યા હતા. હોર્મુઝની સમુદ્રધુનીથી દરરોજ ૧.૫ કરોડ બેરલ તેલ રવાના થાય છે જે વિશ્વના તેલના ૨૦ ટકા જેટલું છે. જોકે ઈરાને હોર્મઝનો માર્ગ બંધ કરી દીધો છે.

#### તેલના વાયદાના ભાવ વધ્યા

પશ્ચિમ એશિયાની કટોકટીને લીધે ગ્લોબલ એનર્જી પુરવઠામાં વિક્ષેપ આવ્યો છે અને ખનીજ તેલના વાયદાના ભાવમાં ૨૬ ટકાનો ઉછાળો આવ્યો હતો. ફ્યુચર્સ ટ્રેડમાં તેલનો ભાવ ૧૦,૫૪૯ રૂપિયાની સર્વકાલીન ઊંચી સપાટીએ પહોંચ્યો હતો. મલ્ટિ કમોમોડિટીઝ એક્સચેન્જ (એમસીએક્સ)માં ખનીજ તેલની માર્ચની ડિલિવરીના ભાવ ૨,૧૮૬ રૂપિયા એટલે કે ૨૦.૧૩ ટકા વધીને ૧૦,૫૪૯ રૂપિયાની સૌથી મોટી સપાટીએ પહોંચ્યા હતા. શુક્રવારે વાયદા બજારમાં તેલના બંધ ભાવ ૮,૩૬૩ રૂપિયા હતા. (એજન્સી) ■

### બૅન્ક અકાઉન્ટ્સના

બેલેન્સ સેવિંગ્સ એકાઉન્ટની સુવિધા આપે છે, જેમાં પ્રધાનમંત્રી જન ધન યોજના હેઠળ ખોલવામાં આવેલા ખાતાઓનો સમાવેશ થાય છે, જેથી બેન્કિંગ સુવિધાઓ તમામને મળી શકે, ખાસ કરીને બેન્કિંગ સુવિધાઓ વિનાના, નબળા અને નાના થાપણદારો માટે અને નાણાકીય સમાવેશને પ્રોત્સાહન મળી શકે.

આ ખાતાઓમાં કોઈપણ મિનિમમ બેલેન્સ રાખવાની જરૂર હોતી નથી અને ખાતાધારકોને કોઈપણ દંડ વસૂલ્યા વિના થાપણો, રૂપિયા ઉપાડવા અને એટીએમ જેવી મૂળભૂત બેન્કિંગ સેવાઓ મફતમાં પૂરી પાડવામાં આવે છે.

સીતારમણે કહ્યું હતું કે પીએમજેડીવાય ખાતાઓ સહિત લગભગ ૭૨ કરોડ બીએસબીડીએ પર મિનિમમ બેલેન્સ ન રાખવા બદલ કોઈ દંડ લાગુ પડતો નથી. અન્ય ખાતાઓ માટે બેન્કો પોતાના બોર્ડની મંજૂર કરાયેલી પોલીસી અને ભારતીય રિઝર્વ બેન્ક (આરબીઆઈ) ની હાલના નિર્દેશો અનુસાર મિનિમમ મંથલી એવરેજ બેલેન્સ ન રાખવા પર ચાર્જ વસૂલી શકે છે. આરબીઆઈના જણાવ્યા અનુસાર,આ પ્રકારના ચાર્જ યોગ્ય, ટ્રાન્સપરન્ટ અને સર્વિસ આપવા માટેના ખર્ચના હિસાબે હોવા જોઈએ.

નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ થી નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન જાહેર ક્ષેત્રની બેન્કોએ એમએબી ન રાખવાના કારણે કરન્ટ એકાઉન્ટ અને સેવિંગ્સ એકાઉન્ટ્સ ખાતાધારકો પાસેથી ૮,૦૯૨.૮૩ કરોડ રૂપિયા એકઠા કર્યા હતા. તેમણે કહ્યું હતું કે છેલ્લાં ત્રણ નાણાકીય વર્ષોમાં એકત્રિત કરાયેલ ૮,૦૯૨.૮૩ કરોડ રૂપિયાની રકમ સમાન સમયગાળા દરમિયાન જાહેર ક્ષેત્રની બેન્કોની કુલ આવકના આશરે ૦.૨૩ ટકા છે. ■

### જૈન સમાજની

અરજીઓ કોર્ટનો બોજ વધારે છે. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમાલ્યા બાગચીની ખંડપીઠ સમક્ષ જ્યારે આ અરજી આવી તો વકીલની અપીલ સાંભળીને સીજેઆઇ ખૂબ નારાજ થયા હતા. વકીલ સચિન ગુપ્તા પોતે પક્ષકાર તરીકે હાજર થયા હતા. સીજેઆઇ સૂર્યકાંતે તેમને કહ્યું કે તેઓ શા માટે જૈન સમુદાયની ભાવનાઓને ઠેસ પહોંચાડવા માગે છે.

સીજેઆઇના સવાલ પર વકીલે કહ્યું કે કારણ કે આ એક ખૂબ જ સામાન્ય સમસ્યા છે. ગુજરાતમાં એક દંપતીએ માત્ર ભોજનમાં ડુંગળીનો ઉપયોગ થતો હોવાથી છૂટાછેડા લીધા હતા. જો કે ખંડપીઠ વકીલની દલીલો અને જાહેર હિતની અરજીથી નારાજ થઇ હતી. કોર્ટે વકીલને ચેતવણી આપી કે ફરીથી આવી અરજી દાખલ કરી તો તેના સામે કાર્યવાહી પણ થઇ શકે છે.

સીજેઆઇ સૂર્યકાંતે કહ્યું કે તમે ફરીથી આવી અરજી લઇને આવશો તો તમે જોશો કે અમે શું કરી શકીએ છીએ. આ અરજી બંધારણની કલમ ૩૨ હેઠળ દાખલ કરવામાં આવી હતી. અરજીમાં સુપ્રીમ કોર્ટને ડુંગળી તામસિક ખોરાકમાં આવે છે કે તેમાં કયાં નકારાત્મક તત્ત્વો છે તેની તપાસ માટે એક સમિતિની રચના કરવાની માગ કરવામાં આવી હતી.

અરજદારે એમ પણ જણાવ્યું હતું કે જૈન સમુદાયના લોકો ડુંગળી, લસણ અને કંદમૂળ ખાતા નથી. તેઓ આને તામસિક ખોરાક માને છે. આ ઉપરાંત વકીલ સચિન ગુપ્તાએ અન્ય ત્રણ પીઆઇએલ દાખલ કરી હતી, પરંતુ કોર્ટે તેને પણ ફગાવી દીધી હતી.

સુપ્રીમ કોર્ટે એક વકીલે કાંદા અને લસણના સંશોધન મુદ્દે દાખલ કરેલી જાહેર હિતની અરજી પર નારાજગી વ્યક્ત કરીને ફગાવી દીધી છે તેમ જ વકીલને પૂછ્યું છે કે શું તમે આ બધી અરજીઓ અડધી રાતે ડ્રાફ્ટ કરો છો. આ બેન્ચના વડા સીજેઆઇ સૂર્ય કાંતે અરજીઓની પ્રકૃતિ અને મુસદ્દા પર પ્રશ્ન ઉઠાવતા ટિપ્પણી કરી હતી.

કોર્ટે પૂછ્યું હતું કે શું તમે આ બધી અરજીઓ મધ્યરાત્રિએ તૈયાર કરી રહ્યા છો. આ અરજીમાં ડુંગળી અને લસણમાં તામસિક છે કે તેમાં નકારાત્મક તત્ત્વો છે તે અંગે સંશોધન કરવા માટે એક સમિતિ બનાવવાનો નિર્દેશ કોર્ટને આપવાની માગ કરવામાં આવી હતી.

સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવેલી અરજીમાં કહેવામાં આવ્યું છે કે જૈન સમુદાય ડુંગળી, લસણ અને કંદમુળને તામસિક ખોરાક ગણીને ટાળે છે. સુનાવણી દરમિયાન અરજદારે કોર્ટને જણાવ્યું હતું કે આ મુદ્દો સામાન્ય છે. તેમજ ગુજરાત હાઇ કોર્ટમાં તાજેતરમાં છૂટાછેડા પણ ખોરાકમાં ડુંગળીના ઉપયોગના લીધે થયા હતા ત્યારે કોર્ટે પૂછ્યું, કે શું તમે જૈન સમુદાયની લાગણીઓને કેમ ઠેસ પહોંચાડવા માગો છો.

સુપ્રીમ કોર્ટે આ અરજી ઉપરાંત વકીલ દ્વારા દાખલ કરાયેલી અન્ય ત્રણ પીઆઈએલ પર સુનાવણી કરવાનો ઇનકાર કર્યો હતો. જેમાં દારૂ અને તમાકુ ઉત્પાદનોમાં કથિત હાનિકારક ઘટકોને નિયંત્રિત કરવા માટે દિશાનિર્દેશો માગવા,મિલકતોની ફરજિયાત નોંધણી સુનિશ્ચિત કરવાની માગ અને શાસ્ત્રીય ભાષાઓની ઘોષણા માટે માર્ગદર્શિકા બનાવવાની માગની હતી. ■

### નિકાસના પાછા

પર બર્થ કરવાની મંજૂરી આપવામાં આવશે જ્યાંથી તે રવાના થયું હતું સિવાય કે ટ્રાન્સશિપમેન્ટના કિસ્સામાં છૂટ અપાશે.

સીબીઆઈસીના સર્ક્યુલરમાં કહેવામાં આવ્યું છે કે સેન્ટ્રલ બોર્ડ ઓફ ઇનડાયરેક્ટ ટેક્સ એન્ડ કસ્ટમ્સ (સીબીઆઈસી) હેઠળની ફિલ્ડ ઓફિસ એવા કાર્ગોના તમામ એક્સપોર્ટ ઈન્સેટિવ મેન્યુઅલી વસૂલ કરશે જેમાં આઈજીએસટી, ડ્રોબેક વગેરે સામેલ છે. સીબીઆઈસીએ કહ્યું હતું કે તેને ફિલ્ડ ઓફિસમાંથી રિપ્રેઝન્ટેશન મળ્યા છે જેનાથી ખ્યાલ આવે છે કે હોર્મુઝ સ્ટ્રેટ બંધ થવાને કારણે અને દરિયાઈ માર્ગોમાં અડચણો ઊભી થવાના કારણે ભારતમાંથી નિકાસ કાર્ગોનું વહન કરતા કેટલાક જહાજો તેમના ગંતવ્ય બંદરો સુધી પહોંચી શકતા નથી અને ભારતીય બંદરો પર પાછા ફરી રહ્યા છે. આવા કાર્ગોના સંચાલન માટે એક સરળ પ્રક્રિયા સૂચવવા વિનંતી કરવામાં આવી છે.

હાલના સંજોગો આંતરરાષ્ટ્રીય શિપિંગ રૂટ્સ અને નિકાસ લોજિસ્ટિક્સને અસર કરતી એક અપવાદરૂપ પરિસ્થિતિ હોવાનું જણાવતા, સીબીઆઈસીએ વેપારને સરળ બનાવવા અને આવા કાર્ગોના ઝડપી સંચાલનને સુનિશ્ચિત કરવા માટે પ્રક્રિયાઓ નિર્ધારિત કરી છે, જ્યાં હોર્મુઝ સ્ટ્રેટ બંધ થવાને કારણે અથવા સમાન વિક્ષેપોને કારણે નિકાસ કાર્ગોને ભારતીય બંદરો પર પાછા લાવવામાં આવે છે.

વર્તમાન સ્થિતિ ઈન્ટરનેશનલ શિપિંગ રૂટ અને એક્સપોર્ટ લોજિસ્ટિક્સ પર અસર નાખનારી એક ખાસ સ્થિતિ છે. સીબીઆઈસીએ ટ્રેડને સરળ બનાવવા અને આવા કાર્ગોની ઝડપથી હેડલિંગ સુનિશ્ચિત કરવા માટેની રીતો બતાવવામાં આવી છે જ્યાં હોર્મુઝ સ્ટ્રેટના બંધ થવા અથવા આ પ્રકારની અચડણોના કારણે એક્સપોર્ટ કાર્ગોને ભારતીય પોર્ટ પર પરત લાવવામાં આવી શકે છે. દુનિયાભરમાં દરિયાઈ માર્ગથી ક્રૂડ ઓઈલનો પાંચમો હિસ્સો દરરોજ હોર્મુઝ સ્ટ્રેટથી પસાર થાય છે. તેલ પરિવહન માટે એક મહત્ત્વપૂર્ણ રસ્તો છે. પશ્ચિમ એશિયામાં સંકટના કારણે વૈશ્વિક તેલ અને કુદરતી ગેસના ભાવમાં વધારો થયો છે. હોર્મુઝ સ્ટ્રેટ પર્સિયન ગલ્ફને અરબી સમુદ્ર સાથે જોડતો ૩૩ કિલોમીટરનો સાંકડો માર્ગ છે. નોંધનીય છે કે ૨૮ ફેબ્રુઆરીના રોજ અમેરિકા અને ઇઝરાયલે ઇરાન પર લશ્કરી હુમલાઓ શરૂ કર્યા, જેનો બદલો લેવા માટે ઈરાને ક્ષેત્રમાં આવેલા અમેરિકાના સૈન્ય બેઝ પર હુમલા શરૂ કર્યા હતા. પ્રદેશમાં અમેરિકન બેઝ તેમજ ઇઝરાયલ પર હુમલાઓ સાથે લેવામાં આવ્યો. ત્યારથી પશ્ચિમ એશિયામાં કટોકટી વધી ગઈ છે, જેના કારણે વેપાર પ્રભાવિત થયો છે. સીબીઆઈસીએ ત્રણ પરિસ્થિતિઓમાં કાર્ગોના સંચાલન માટે પ્રક્રિયા નિર્ધારિત કરી છે. જો કાર્ગો કોઈ જહાજ પર લોડ કરવામાં આવે છે અને જહાજ ભારતીય જળક્ષેત્રમાં છે અને એક્સપોર્ટ જનરલ મેનિફેસ્ટ (ઈજીએમ) અને સી ડિપાર્ચર મેનિફેસ્ટ (એસડીએમ) ફાઇલ કરવામાં આવ્યું નથી તો જહાજના માસ્ટર/કેપ્ટન એક બાંયધરીપત્ર રજૂ કરશે જેમાં જણાવવામાં આવશે કે જહાજે ભારતીય જળક્ષેત્ર પાર કર્યું નથી. ■

### મીશોને મળી

માગણી કરી છે. આ ટેક્સની માંગણી કંપની દ્વારા જાહેર કરેલી આવકમાં ચોક્કસ વધારો અને એડજસ્ટમેન્ટના આધારે જાહેર કરવામાં આવી છે. મીશોએ જણાવ્યું હતું કે તે આકારણી આદેશની સમીક્ષા કરી રહી છે અને તેમાં કરવામાં આવેલી ટિપ્પણીઓ અને એડજસ્ટમેન્ટ સાથે સહમત નથી. કંપનીએ જણાવ્યું હતું કે, ''અમારું માનવું છે કે કંપની પાસે આ આદેશને પડકારવા માટે પૂરતા કાનૂની અને તથ્યપૂર્ણ આધાર છે અને તે તેના હિતોનું રક્ષણ કરવા માટે જરૂરી પગલાં લઈ રહી છે.''

કંપનીએ જણાવ્યું હતું કે આકારણી વર્ષ ૨૦૨૨-૨૩ માટે પણ આ જ પ્રકારના ટેક્સની માગણી કરવામાં આવી હતી. કર્ણાટક હાઈ કોર્ટે ૧૭ એપ્રિલ, ૨૦૨૫ રોજ તે કેસમાં વચગાળાનો સ્ટે આપ્યો હતો અને આ મામલો હજુ પણ પેન્ડિંગ છે. મીશોએ જણાવ્યું હતું કે વર્તમાન આકારણી આદેશ અને ટેક્સની માગ કરતી નોટિસ કંપનીની નાણાકીય સ્થિતિ, કામગીરી અથવા અન્ય પ્રવૃત્તિઓ પર કોઈ નોંધપાત્ર પ્રતિકૂળ અસર કરશે નહીં. ■

# રાજ્યમાં એસટી બસ ખરીદવા છેલ્લાં બે વર્ષમાં ૧૪૦૦ કરોડથી વધુની સહાય

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત વિધાનસભાના બજેટ સત્રના બીજા તબક્કાની સોમવારથી શરૂઆત થઈ હતી. જેમાં અમદાવાદના નારણપુરાના ધારાસભ્ય જિતેન્દ્ર પટેલ દ્વારા નવી બસો ખરીદવા એસટી નિગમને સહાયનો પ્રશ્ન પૂછ્યો હતો.

જિતેન્દ્ર પટેલે વિધાનસભામાં પૂછ્યું કે, રાજ્ય સરકાર દ્વારા એસટી નિગમને નવી બસો ખરીદવા સહાય આપવામાં આવે છે કે કેમ અને જો હા તો ૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી સહાય આપવામાં આવી.

જેનો જવાબ આપતાં સરકારે જણાવ્યું હતું કે, એસ ટી નિગમને રાજ્ય સરકાર દ્વારા નવી બસો ખરીદવા મૂડીકૃત સહાય આપવામાં આવે છે. ૦૧-૦૧-૨૦૨૪થી ૩૧-૧૨-૨૦૨૪ સુધી ૭૩૫.૮૮ કરોડ અને ૦૧-૦૧-૨૦૨૫થી ૩૧-૧૨-૨૦૨૫ સુધી ૭૧૦ કરોડ મળી કુલ બે વર્ષમાં ૧૪૪૫.૮૮ કરોડ સહાય ચૂકવવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, ગુજરાતના ખૂણેખૂણે, નાનામાં નાના ગામડાથી લઈને મોટાં શહેરો સુધી એસ.ટી. બસ પહોંચે છે. રાજ્યમાં કુલ ૧૬ ડિવિઝન અને ૧૨૫થી વધુ ડેપો કાર્યરત છે. નિગમ પાસે અંદાજે ૮,૦૦૦ થી વધુ બસનું કાફલો છે, જે દરરોજ લાખો કિલોમીટરનું અંતર કાપે છે.

# ગુજરાત હાઈ કોર્ટમાં ૫૬૧ જગ્યા છે ખાલી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત વિધાનસભાના સત્રમાં રાજ્યમાં હાઈ કોર્ટમાં ખાલી જગ્યાનો પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો. જેના જવાબમાં સરકારે જણાવ્યું કે, હાઈ કોર્ટમાં ૫૬૧ જગ્યા ખાલી છે. ૫૮ ટકા જગ્યા બે વર્ષથી ભરાઈ નથી. સરકારે વિધાનસભામાં આપેલા જવાબમાં જણાવ્યું કે, હાઈ કોર્ટમાં ૨૧૮૧ જગ્યાનું મહેકમ મંજૂર થયેલું છે. તેમાંથી ૧૬૨૦ જગ્યા ભરાયેલી છે. ૨૬ ટકા જગ્યા ખાલી છે. કુલ ખાલી જગ્યામાંથી ૫૮ ટકા એટલે કે ૨૩૭ જગ્યા બે વર્ષ કરતાં વધુ સમયથી ખાલી પડી છે.

રજિસ્ટ્રારથી લઈને સેક્શન ઓફિસરની ૨૩૪ જગ્યા એક વર્ષથી ખાલી છે. ક્લાસ-૧માં રજિસ્ટ્રાર અને આસિસ્ટન્ટ રજિસ્ટ્રારની ૧૨-૧૨, ક્લાસ-૨માં સૌથી વધુ સેક્શન ઓફિસરની ૨૦, ક્લાસ-૩માં સૌથી વધુ નાયબ સેક્શન ઓફિસરની ૨૪૦ જગ્યા ખાલી છે.

ક્લાસ-૪માં સૌથી વધુ અટેન્ડન્ટની ૧૫૦ જગ્યા ખાલી છે. એકંદરે સૌથી વધુ ક્લાસ-૩ની ૩૪૧ જગ્યા ખાલી છે. તેમાં પણ ૨૦૩ જગ્યા બે વર્ષથી વધુ સમય થયો છતાં ખાલી છે, તેવી માહિતી વિધાનસભામાં રજૂ કરવામાં આવી હતી.

# વર્ષ ૨૦૨૮માં અંકલેશ્વર એરપોર્ટ શરૂ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત સરકારે વિધાનસભામાં મહત્ત્વની માહિતી આપતા જણાવ્યું હતું કે અંકલેશ્વર ખાતે પ્રસ્તાવિત એરપોર્ટ ૨૦૨૮માં શરૂ થવાની સંભાવના છે. આ સાથે તેમણે જણાવ્યું હતું કે પહેલા તબક્કાનું કામ પૂરું થઈ ગયું છે.

વિધાનસભામાં એક પ્રશ્નના જવાબમાં આ માહિતી આપવામાં આવી હતી. નાગરિક ઉડ્ડયન વિભાગ વતી જવાબ આપતા, નાયબ મુખ્ય પ્રધાને જણાવ્યું હતું કે એરપોર્ટ ૨૦૨૮ના અંત સુધીમાં કાર્યરત થવાનું આયોજન છે.

જવાબ મુજબ, લગભગ ૮૨ હેક્ટર જમીન પર કામનો પ્રથમ તબક્કો પૂર્ણ થઈ ગયો છે. આ તબક્કામાં ૨,૨૦૦ મીટર રનવેનું બાંધકામ, તેમજ ગ્રાઉન્ડ લેવલિંગ, એપ્રોન ડેવલપમેન્ટ, ટેક્સી-વે અને સર્વિસ રોડ સુવિધાઓ જેવા સંલગ્ન કાર્યોનો સમાવેશ થાય છે.

બાકીનું વિકાસ કાર્ય આગામી તબક્કામાં હાથ ધરવામાં આવે તેવી અપેક્ષા છે જેથી એરપોર્ટને નિર્ધારિત સમયમર્યાદામાં કાર્યરત કરી શકાય.

# ગાંધીધામ ભાજપના યુવા હોદ્દેદારનો આપઘાતઃ પત્નીએ ૧૮ સામે ફરિયાદ નોંધાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ગાંધીધામ શહેર ભાજપના મંત્રી અને આદિપુરના રહેવાસી દીપેશ અશ્વિન ત્રિપાઠીએ વ્યાજખોરોના કથિત પઠાણી ઉઘરાણી અને વ્યવસાયિક કિન્નાખોરીથી કંટાળીને આપઘાત કરી લીધો હોવાની માહિતી પ્રકાશમાં આવી હતી.

આ મામલે મૃતકની પત્ની દીપાબેન ત્રિપાઠીએ આદિપુર પોલીસ મથકે ૧૮ શખ્સ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતાં પોલીસે આત્મહત્યા માટે મજબૂર કરવા સહિતની કલમો હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ફરિયાદમાં જણાવ્યા અનુસાર, મરણ જનાર દીપેશ ત્રિપાઠી બાલાજી વેફર્સની એજન્સી ધરાવતા હતા. માલ પહોંચાડવાનું કામ સંભાળતી 'કટારિયા એન્ટરપ્રાઇઝ'ના માલિકો અને કર્મચારીઓ (રૂપેશ, કલ્પેશ, અંકિતાબેન) પૈસા ચૂકવવા છતાં સમયસર માલ આપતા નહોતા. આ ઉપરાંત, મુંદરાના એસ.આઈ. વિપુલ નામના શખ્સે અંગત અદાવત રાખી દીપેશના ગોદામની બાજુમાં જ અન્યને એજન્સી અપાવી દીધી હતી અને તેમના રૂટમાં કાપ મુકાવી આર્થિક નુકસાન પહોંચાડ્યું હતું. હોળી-ધુળેટીના તહેવાર અગાઉ પણ માલ ન આપીને એજન્સી બંધ કરાવી દેવાની મૃતકને ધમકી આપવામાં આવી હતી. આર્થિક સંકડામણમાં આવેલા દીપેશે અનેક લોકો પાસેથી ઊંચા વ્યાજે નાણાં લીધાં હતાં. કરણ આહીર અને પરિવાર પાસે દાગીના ગીરવે રાખ્યા હોવા છતાં અને રકમ પરત ચૂકવ્યા બાદ પણ દાગીના પરત ન કરી ધમકી આપી હતી, જ્યારે નટુભા સોઢા (ભચાઉ) પાસે તેમના મકાનની ઓરિજિનલ ફાઈલ ગીરવે રાખી હોવા છતાં પઠાણી ઉઘરાણી ચાલુ રાખી હતી. આજ રીતે ધર્મેન્દ્રસિંહ ભાટી અને ક્રિપાલસિંહ ઊંચા વ્યાજ માટે ગોદામ પર માણસો મોકલી ધાકધમકી આપતા હતા, પ્રકાશ મોદી નામનો શખ્સ લોન કરાવી આપવાના બહાને અડધી રકમ પોતે રાખી લેતો અને હપ્તા દીપેશ પાસે ભરાવી ત્રાસ આપતો હતો.

અન્ય આરોપીઓમાં કલ્પેશ ઠક્કર, દર્શન ઠક્કર, રોશની ભટ્ટ (ભુજ), ભીખુ અને ચંદ્રસિંહ બાપુ (ઝોનવાળા) દ્વારા પણ મુદ્દલ કરતા બમણું વ્યાજ વસૂલ્યા બાદ વધુ નાણાંની માગણી કરી માનસિક ત્રાસ આપવામાં આવતો હતો.

ચોંકાવનારી બાબત એ છે કે, જે દિવસે દીપેશે આત્મહત્યા કરી તે દિવસે પણ હિતેશ રાજકોટિયા નામનો શખ્સ તેમના ઘરે ઉઘરાણી કરવા પહોંચ્યો હતો. આ ઉપરાંત મુકેશ અને હરેશ મીરાણી (મઢોરા એજન્સી) નામના શખ્સો દીપેશના બેંક ટ્રાન્ઝેક્શન પર નજર રાખતા અને જેવો માલ માટે આર.ટી.જી.એસ. થાય કે તરત જ વ્યાજ લેવા પહોંચી જતા હતા. મૃતક દીપેશ ત્રિપાઠીએ આપઘાત કરતા પહેલા એક સ્યુસાઇડ નોટ લખી હતી અને ફોનમાં વીડિયો પણ બનાવ્યો હતો. જેમાં આ તમામ ૧૮ શખ્સોના ત્રાસની વિગતો અને નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સ્યુસાઇડ નોટમાં તેમણે વહીવટી તંત્રના અધિકારીઓનો ઉલ્લેખ કરી ધંધો ચાલુ રાખવા બાબતે પણ લખાણ કર્યું છે.

પોલીસે હાલ ૧૮ શખ્સો સામે ગુનો નોંધીને ફરાર આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યાં છે. ભાજપના યુવા નેતાના આવા અંતિમ પગલાથી રાજકીય આલમમાં પણ ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે.

# આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ સહિતના કોર્સ માટે એમઓયુ સાઈન થયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકાર દ્વારા આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઈ), બ્લોકચેન, સાયબર સિક્યુરિટી અને ઈમરજિંગ ટેકનોલોજી લો એન્ડ પૉલિસીમાં 'પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા કોર્સ' શરૂ કરવા માટે ગુજરાત ઇન્ફોર્મેટિક્સ લિમિટેડ (જીઆઈએલ), વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ (ડીએસટી) અને ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી (જીએનએલયુ) વચ્ચે સોમવારે એમઓયુ સાઈન કરવામાં આવ્યા હતા. ગાંધીનગર ખાતે આયોજિત 'ગુજરાત વાઇસ ચાન્સેલર્સ મીટ' દરમિયાન આ એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે વિજ્ઞાન અને ટેકનોલોજી પ્રધાન અર્જુન મોઢવાડિયા, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ પ્રધાન ડો. પ્રદ્યુમન વાજા હાજર રહ્યા હતા.

આ કાર્યક્રમમાં રાષ્ટ્રીય અને ગુજરાત રાજ્યની અગ્રણી યુનિવર્સિટીઓના ૨૦થી વધુ વાઇસ ચાન્સેલરોએ પણ ભાગ લીધો હતો, જે સરકાર અને શૈક્ષણિક સંસ્થાઓ વચ્ચેના સહયોગને મજબૂત કરવા માટે રાજ્યની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

આ ભાગીદારી દ્વારા જીઆઈએલ ઉભરતી ટેકનોલોજી અને તેના નિયામક માળખામાં વિશિષ્ટ શૈક્ષણિક કાર્યક્રમોની રચના અને અમલમાં જીએનએલયુને સહયોગ આપશે. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય ટેકનોલોજી અને કાયદામાં આંતર શાખાકીય કુશળતા ધરાવતા વ્યાવસાયિકો તૈયાર કરવાનો છે, જે એઆઈ ગવર્નન્સ, બ્લોકચેન રેગ્યુલેશન, સાયબર સુરક્ષા કાયદા, ડેટા પ્રાઇવસી અને ડિજિટલ ગવર્નન્સ માટેના પૉલિસી ફ્રેમવર્ક જેવા જટિલ પાસાઓ પર ધ્યાન કેન્દ્રિત કરશે. આ પહેલ ગુજરાતની ઝડપથી વિસ્તરી રહેલી ડિજિટલ ઇકોસિસ્ટમને ટેકો આપવા સક્ષમ કુશળ કાર્યબળ (સ્કિલ્ડ વર્કફોર્સ ) ઊભું કરવામાં નોંધપાત્ર યોગદાન આપે તેવી અપેક્ષા છે તેમ સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ દ્વારા જણાવ્યું હતું.

# સાયબર ફ્રોડની ફરિયાદ બાદ રાજ્યમાં બે વર્ષમાં ૨.૮૪ લાખથી વધુ બેંક એકાઉન્ટ કરાયા અનફ્રીઝ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં રોજબરોજ ક્યાંકને ક્યાંક સાયબર ફ્રોડના સમાચાર આવતા રહે છે. ઘણી વખત વ્યક્તિને તેમની સાથે સાયબર ફ્રોડ થયું છે તેવી ખબર પડતાં એકાઉન્ટ ફ્રીઝ કરાવી દેતા હોય છે. કાયદાકીય પ્રોસેસ બાદ ભોગ બનનારનું બેંક એકાઉન્ટ અનફ્રીઝ કરવામાં આવે છે. અમદાવાદના મણિનગરના ધારાસભ્ય અમૂલ ભટ્ટે બેંક એકાઉન્ટ અનફ્રીઝ કરવા અંગે પ્રશ્ન પૂછ્યો હતો.

ધારાસભ્ય અમૂલ ભટ્ટે પૂછ્યું હતું કે ૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં સાયબર હેલ્પલાઈન થકી ફ્રીઝ થયેલા બેંક એકાઉન્ટમાં નિર્દોષ નાગરિકોના કુલ કેટલા બેંક એકાઉન્ટ અનફ્રીઝ કરવામાં આવ્યા છે? અનફ્રીઝ બેંક એકાઉન્ટ ખોલાવવા અરજી માટે કોઈ વ્યવસ્થા કરવામાં આવે છે કે કેમ અને તેનું સ્ટેટ્સ જાણવા કોઈ વ્યવસ્થા કરવામાં આવી છે કે કેમ?

આ અંગેનો જવાબ આપતાં સરકારે જણાવ્યું કે, ૦૧-૦૧-૨૦૨૪ થી ૩૧-૧૨-૨૦૨૪ સુધીમાં ૨,૪૭,૫૮૭ તથા ૦૧-૦૧-૨૦૨૫થી ૩૧-૧૨-૨૦૨૫ સુધીમાં ૩૭,૧૯૨ મળી કુલ ૨,૮૪,૭૭૯ બેંક એકાઉન્ટ અનફ્રીઝ કરવામાં આવ્યા છે. અનફ્રીઝ બેંક એકાઉન્ટ ખોલાવવા માટે નાગરિકોએ ઓનલાઈન પોર્ટલ પર અરજી કરવી પડે છે. અરજદારોએ રૂબરૂ હાજર રહેવાની જરૂરિયાત રહેતી નથી.

આ ઉપરાંત સરકારે કહ્યું, બેંક એકાઉન્ટ ખોલાવવા અરજી કર્યા બાદ તેનું સ્ટેટસ જાણવા સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સની કચેરી ખાતે ફોન કરીને તેમજ વોટ્સએપથી બેંક ખાતું ખોલાવવા કરેલી અરજી બાબતે સ્ટેટસ જાણી શકાય છે.

# અમદાવાદ સહિત ગુજરાતની ત્રણ કોર્ટને બૉમ્બથી ઉડાવી દેવાની ફરી ધમકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં શાળા, કોર્ટ, સરકારી કચેરીઓને બૉમ્બથી ઉડાવી દેવાની ધમકીનો સિલસિલો યથાવત રહ્યો હતો. સોમવારે ફરી ગુજરાતની ત્રણ કોર્ટને ધમકી આપતા ઈ-મેલ્સ મળ્યા હતા. ઘટનાની જાણ થતાંની સાથે જ બૉમ્બ સ્કવોર્ડ, ડોગ સ્કવોર્ડ સહીતની ટીમોએ ઘટનાસ્થળે પહોંચીને તપાસ શરૂ કરી હતી. મળતી વિગતો અનુસાર સોમવારે અમદાવાદ ગ્રામ્ય કોર્ટને બૉમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. આ સાથે અમરેલી અને દાહોદ કોર્ટને પણ ધમકી આપવામાં આવી હતી. કોર્ટને બૉમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા તંત્ર સતર્ક થઈ ગયું હતું અને તપાસ હાથ ધરી હતી. આ સાથે કોર્ટમાં હાજર તમામની સુરક્ષાની પણ તંત્રએ તકેદારી રાખી હતી.

# જંગલેશ્વર બાદ રાજકોટમાં લક્ષ્મીનગર સ્લમ એરિયામાં બુલડોઝર ફરી વળ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદઃ રાજકોટમાં થોડા દિવસમાં જંગલેશ્વર વિસ્તારમાં મેગા ડિમોલિશન ડ્રાઈવ ચાલી હતી અને ૧૫૦૦ આસપાસ દબાણ હટાવાયાં હતાં. શહેરમાં ફરી સોમવારે લક્ષ્મીનગર ઝૂંપડપટ્ટી વિસ્તારમાં લાંબા સમયથી ચાલતા ગેરકાયદેસર અતિક્રમણને દૂર કરવા માટે એક મેગા ડિમોલિશન ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ કામગીરી સીડીએસ બિપિન રાવત અંડરબ્રિજની આસપાસ થઈ હતી, જ્યાં રેલ્વે અને મ્યુનિસિપલ કોર્પોરેશન બંનેની જમીન પર બાંધકામો બનાવવામાં આવ્યાં હતાં, તેવી માહિતી સૂત્રોએ આપી હતી.

આ ઝુંબેશ દરમિયાન, અધિકારીઓએ ૩૫૦થી વધુ ઝૂંપડીઓ હટાવી, લગભગ પાંચ એકર જમીન પર અતિક્રમણ કરાયેલું હતું જેને હટાવવામાં આવ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. બાંધકામોને ઝડપી અને અસરકારક રીતે દૂર કરવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશને ૨૦થી વધુ જેસીબી મશીનો અને ૫૦ ટ્રેક્ટર સહિત ભારે મશીનરીનો ઉપયોગ કર્યો હતો.

કોઈપણ અનિચ્છનીય ઘટના ન બને તે માટે સ્થળ પર ભારે પોલીસ સુરક્ષા ગોઠવવામાં આવી હતી. આ કામગીરી દરમિયાન શહેર પોલીસ, ક્રાઈમ બ્રાન્ચ અને રેલ્વે પ્રોટેક્શન ફોર્સ (આપીએફ) ની ટીમો સહિત ૪૦૦ થી વધુ પોલીસ કર્મચારી હાજર રહ્યા હતા.

ભક્તિનગર રેલવે સ્ટેશનના આધુનિકરણ માટે આ જગ્યાને ખાલી કરાવવી જરૂરી હતી. અહીં નવો રેલવે ટ્રેક પણ નખાઈ રહ્યો છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે રહેવાસીઓને અનેક વખત નોટિસ આપવામાં આવી હતી. જ્યારે ઘણા રહેવાસીઓએ સ્વેચ્છાએ પોતાના ઘર ખાલી કરી દીધું, ત્યારે બાકીના ગેરકાયદેસર બાંધકામોને દૂર કરવા માટે ડિમોલિશન ઝુંબેશ જરૂરી હતી.

# અમદાવાદને સાણંદ, કલોલ, મહેસાણા અને દહેગામ સાથે જોડવા આરઆરટીએસ યોજના તૈયાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : શહેરી પરિવહન માળખાને અપગ્રેડ કરવાના એક મોટા પ્રયાસના ભાગરૂપે ગુજરાત સરકારે અમદાવાદને ઝડપથી વિકસતા વિસ્તારો સાથે જોડવા માટે રિજનલ રેપિડ ટ્રાન્ઝિટ સિસ્ટમ (આરઆરટીએસ) ની યોજના શરૂ કરી છે. રાજ્ય સરકાર શહેરી વિસ્તરણના આગામી તબક્કાની તૈયારી કરી રહી હોવાથી, સુરત, રાજકોટ અને વડોદરા માટે આ જ પ્રકારે આરઆરટીએસ નેટવર્ક અંગે વિચારણા કરવામાં આવી રહી છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે પ્રસ્તાવિત નેટવર્ક હેઠળ અમદાવાદને સાણંદ, કલોલ, મહેસાણા અને દહેગામ સાથે જોડવામાં આવે તેવી શક્યતા છે. સુરત માટે, સંભવિત લિંક્સમાં નવસારી, બારડોલી અને વલસાડનો સમાવેશ થાય છે, જ્યારે વડોદરાને આણંદ, નડિયાદ અને ડભોઈ સાથે જોડવામાં આવે તેવી શક્યતા છે. રાજકોટના નેટવર્કમાં વાંકાનેર અને ગોંડલનો સમાવેશ થાય તેવી શક્યતા છે. આ પ્રોજેક્ટના માર્ગદર્શન માટે, રાજ્ય સરકારે નેશનલ કેપિટલ રીજન ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનની મદદ લીધી છે.

સરકારે વર્ષ ૨૦૨૬-૨૭ના બજેટમાં આરઆરટીએસની ટેકનીકલ સ્ટડી અને પ્લાનિંગ માટે ૧૦ કરોડ રૂપિયા ફાળવ્યા છે. અમદાવાદને ફિઝિબિલિટી અસેસમેન્ટ માટે હાઈ-પ્રાયોરિટીવાળો શહેરી વિસ્તાર માનવામાં આવશે. સેપ્ટ યુનિ. હાલ સૌથી યોગ્ય અલાઈનમેન્ટ અને ટેક્નોલોજી વિકલ્પની ઓળખ કરવા માટે એક ઓલ્ટરનેટિવ એનાલિસિસ રિપોર્ટ તૈયાર કરી રહી છે, તેમ પણ સૂત્રોએ જણાવ્યું હતું.

વધુમાં મળતી વિગતો અનુસાર એકવાર માસ્ટર પ્લાન તૈયાર થઈ જાય પછી, રાજ્ય સરકાર મંજૂરીઓ અને પ્રારંભિક કામગીરીનો આગામી રાઉન્ડ શરૂ કરશે. સૂત્રએ જણાવ્યું હતું કે, અમારો હેતુ ૨૦૩૦ કોમનવેલ્થ ગેમ્સ પહેલા આરઆરટીએસ દ્વારા અમદાવાદની આસપાસના નગરોને જોડવાનું ભૌતિક કાર્ય શરૂ કરવાનો છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, ગુજરાતના અનેક મોટા શહેરોમાં ૪૦થી ૬૦ કિમીના અંતરમાં એક મહત્ત્વનું શહેરી કેન્દ્ર આવેલું છે. આ ઉપનગરોના પોતાના મોટા શહેરો સાથે આર્થિક મજબૂત સંબંધ છે. એક અધિકારીએ જણાવ્યું હતું કે, સાણંદ, કલોલ, મહેસાણા, અને દહેગામ પહેલાથી જ અમદાવાદના શહેરી વિસ્તારો તરીકે ઉભર્યા છે. સારી પરિવહન સુવિધાઓના કારણે આ ઉપનગરો શહેરી કેન્દ્ર બની શકે છે.

ગુજરાતમાં ઝડપથી શહેરીકરણ થઈ રહ્યું છે. હાલમાં ૧૭ મહાનગરપાલિકા અને ૧૫૨ નગરપાલિકા છે. રાજ્યની લગભગ ૪૮ ટકા વસ્તી હવે શહેરી વિસ્તારોમાં રહે છે. આ અગાઉ, રાજ્ય સરકારે મોટા શહેરોની આસપાસ પાંચ સેટેલાઇટ ટાઉન વિકસાવવાની જાહેરાત કરી હતી અને ૨૦૨૫-૨૬ના બજેટમાં આ પહેલ માટે ₹૫૦ કરોડ ફાળવ્યા હતા.

૧૮ ઓક્ટોબર, ૨૦૨૫ ના રોજ, શહેરી વિકાસ અને શહેરી આવાસ વિભાગે કલોલ, સાણંદ, સાવલી, બારડોલી અને હીરાસરને મોટા શહેરોના વિસ્તરણ તરીકે વિકસાવવા માટે સેટેલાઇટ ટાઉન તરીકે નોટિફાય કર્યા છે.

# રાજ્યસભા ચૂંટણી માટે ભાજપે કેન્દ્રીય નિરીક્ષકોની નિમણૂક કરી, હરિયાણા માટે હર્ષ સંઘવીને જવાબદારી

અમદાવાદઃ ભારતીય જનતા પાર્ટી દ્વારા આગામી રાજ્યસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને દેશના વિવિધ રાજ્યો માટે કેન્દ્રીય નિરીક્ષકોની નિમણૂક કરવામાં આવી છે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ દ્વારા જાહેર કરાયેલા નિર્ણય મુજબ ગુજરાતના નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીને હરિયાણા રાજ્ય માટે કેન્દ્રીય નિરીક્ષક તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. આ નિમણૂકને ગુજરાતના રાજકીય વર્તુળોમાં મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

મળતી વિગત મુજબ, હરિયાણા માટે માત્ર એક જ કેન્દ્રીય નિરીક્ષક તરીકે હર્ષ સંઘવીની પસંદગી કરવામાં આવી છે. ગુજરાતના નાયબ મુખ્ય પ્રધાનને અન્ય રાજ્યની જવાબદારી સોંપવી એ ભાજપના કેન્દ્રીય નેતૃત્વનો તેમના પ્રત્યેનો વિશ્વાસ દર્શાવે છે. છેલ્લા કેટલાક વર્ષોમાં હર્ષ સંઘવી રાજ્યમાં વહીવટી તેમજ રાજકીય ક્ષેત્રે સક્રિય રહ્યા છે અને પાર્ટીના સંગઠનાત્મક કાર્યક્રમોમાં પણ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ રાજકીય નિરીક્ષકો પક્ષના ધારાસભ્યો સાથે સંકલન રાખે છે, મતદાન પ્રક્રિયા અંગે માર્ગદર્શન આપે છે અને ચૂંટણી દરમિયાન પાર્ટીની વ્યૂહરચના સફળ રીતે અમલમાં આવે તેની ખાતરી કરે છે.

ભાજપના સંગઠનાત્મક કામકાજમાં સક્રિય ભૂમિકા ભજવનારા હર્ષ સંઘવીને હવે હરિયાણામાં રાજ્યસભા ચૂંટણી દરમિયાન પાર્ટીની કામગીરી પર નજર રાખવાની જવાબદારી ગુજરાતના રાજકીય વર્તુળોમાં પણ મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

# અમદાવાદ-ઉદયપુર વંદે ભારત એક્સપ્રેસને શામળાજી સ્ટોપેજ ફાળવાયું

અમદાવાદઃ હજારો શ્રદ્ધાળુઓ તેમજ અરવલ્લી જિલ્લાના રહેવાસીઓને લાભ આપતો નિર્ણય રેલવે મંત્રાલયે કર્યો છે. રેલવેએ અસારવા (અમદાવાદ)-ઉદયપુર રૂટ પર શામળાજી રોડ રેલવે સ્ટેશન પર વંદે ભારત એક્સપ્રેસને સ્ટોપેજ આપવાની મંજૂરી આપી છે. સાબરકાંઠાનાં સાંસદ શોભનાબેન એમ. બારૈયા દ્વારા કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવને લેખિત રજૂઆત બાદ આ મંજૂરી આપવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

રેલવે મંત્રી દ્વારા જારી કરાયેલા સત્તાવાર પરિપત્ર મુજબ, ટ્રેન નંબર ૨૬૯૬૩/૨૬૯૬૪ ઉદયપુર શહેર-અસરવા (અમદાવાદ) વંદે ભારત એક્સપ્રેસ હવે શામળાજી રોડ સ્ટેશન પર રોકાશે. આ નિર્ણયથી પ્રખ્યાત શામળાજી મંદિરની મુલાકાત લેતા યાત્રાળુઓ માટે મુસાફરીના સમયમાં નોંધપાત્ર ઘટાડો થવાની અપેક્ષા છે. જોકે, રેલવે અધિકારીઓ દ્વારા હજુ સુધી આ સ્ટોપેજના સમયની માહિતી આપાવમાં આવી નથી. સંપૂર્ણ માહિતી મળ્યા બાદ મુસાફરો શામળાજી આવવા-જવા માટે ટિકિટ બુક કરાવી શકશે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

આ સ્ટોપેજનો લાભ ગુજરાત અને રાજસ્થાન તરફથી આવતા-જતા બન્ને રાજ્યના શ્રદ્ધાળુઓ લઈ શકશે. સ્થાનિક રહેવાસીઓ માટે, આ નિર્ણયથી અરવલ્લી જિલ્લામાં પર્યટન, વેપાર અને રોજગારને વેગ મળવાની પણ અપેક્ષા છે, કારણ કે કનેક્ટિવિટી વધતા મંદિર અને નજીકના વિસ્તારોમાં મુલાકાતીઓની સંખ્યામાં વધારો થવાની સંભાવના છે. આ સ્ટોપેજ સાથે, શામળાજી વંદે ભારત કનેક્ટિવિટી મેળવનાર રાજ્યનું ૨૨મું સ્ટેશન બનશે.

# ટી-૨૦ વર્લ્ડ કપ માટે રેલવેએ દોડાવી ૧૨ સ્પેશ્યલ ટ્રેન, દોઢ કરોડની કમાણી કરી

અમદાવાદઃ રવિવારે યોજાયેલી ટી-૨૦ વર્લ્ડ કપ ચેમ્પિયનશિપની ફાઈનલ મેચ અમદાવાદ ખાતે રમાઈ હતી અને ભારતે શાનદાર વિજય મેળવી કપ પોતાને નામ કરી દેશને મહામૂલી ભેટ આપી હતી, ત્યારે રેલવેએ પણ ક્રિકેટ રસિયાઓને મેચના મેદાન સુધી પહોંચાડી લગભગ ૧.૫૦ કરોડની કમાણી કરી હતી.

અમદાવાદ રેલવે મંડળે આપેલી માહિતી અનુસાર રેલવેએ ૧૨ સ્પેશ્યલ ટ્રીપનું સંચાલન કર્યું હતું.

આ વિશેષ ટ્રેનો દ્વારા ૧૫,૦૦૦થી વધુ યાત્રીઓએ મુસાફરી કરી અને આ ટ્રેનોમાં ૧૦૦ ટકાથી વધુ ઑક્યુપેન્સિ નોંધાઈ હતી. આ ટ્રેનોના સંચાલનથી ₹૧.૫૦ કરોડથી વધુ આવક પ્રાપ્ત થઈ હોવાનું રેલવેએ જણાવ્યું હતું. સાથે સાથે અમદાવાદ, દિલ્હી આશ્રમ, અમદાવાદનવી દિલ્હી સ્વર્ણ જયંતી રાજધાની, અમદાવાદ મુંબઈ સેન્ટ્રલ વંદે ભારત, ગાંધીનગર કેપિટલ મુંબઈ સેન્ટ્રલ વંદે ભારત , અમદાવાદ દાદર ગુજરાત મેલ, અમદાવાદ બાંદ્રા ટર્મિનસ લોકશક્તિ જેવી પ્રીમિયમ ટ્રેનોમાં પણ ૧૦૦ ટકાથી વધુ ઑક્યુપેન્સિ રહી હતી.

કુલ ૬ વિશેષ ટ્રેનો અમદાવાદ તરફ અને તથા છ વિશેષ ટ્રેનો અમદાવાદથી પરત જવા સંચાલિત કરવામાં આવી હતી, તેવી માહિતી રેલવે મંડળે આપી હતી.

# છેલ્લાં બે વર્ષમાં ગુજરાતની વિવિધ ચેકપોસ્ટ પરથી ₹૪૨ કરોડથી વધુનો દારૂ જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્ય સરકારે સોમવારે વિધાનસભામાં જણાવ્યું હતું કે છેલ્લાં બે વર્ષમાં ગુજરાત, મધ્ય પ્રદેશ અને રાજસ્થાન સરહદો પર ચેકપોસ્ટ પરથી ₹૪૨ કરોડથી વધુનો દારૂ જપ્ત કરવામાં આવ્યો હતો. કૉંગ્રેસના ધારાસભ્ય ઇમરાન ખેડાવાલાના પ્રશ્નના જવાબમાં, ગુજરાતના નાયબ મુખ્યપ્રધાન હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે ૨૫ જાન્યુઆરીના રોજ પૂરા થયેલા બે વર્ષના સમયગાળામાં ₹૩૮.૮૯ કરોડની કિંમતના ભારતીય બનાવટના વિદેશી દારૂ (આએમએફએલ) ની ૧,૦૪૯,૮૫૫ બોટલ અને ₹૩.૩૩ કરોડની કિંમતના ૧૫૯,૨૬૫ બિયરની બોટલ જપ્ત કરવામાં આવી હતી.

સંઘવીએ તેમના લેખિત જવાબમાં જણાવ્યું હતું કે આ જપ્તીઓ મધ્ય પ્રદેશ અને રાજસ્થાન સરહદો પર ચેકપોસ્ટ પરથી કરવામાં આવી હતી, જેનો ઉપયોગ ઘણીવાર ગુજરાતમાં દારૂની તસ્કરી કરવા માટે થાય છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં ૧,૦૧૮ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે અને ૧૪૧ ફરાર છે. આપના ધારાસભ્ય ગોપાલ ઇટાલિયાના પ્રશ્નના જવાબમાં સંઘવીએ જણાવ્યું હતું કે છેલ્લા બે વર્ષમાં અમદાવાદ અને વડોદરા જિલ્લામાં પરમિટ વિના દારૂ પીતા લોકો સામે ૩૨,૦૦૦ થી વધુ કેસ દાખલ કરવામાં આવ્યા છે.

વિધાનસભામાં જાહેર કરાયેલા આંકડા મુજબ, ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ સુધીમાં, અમદાવાદ જિલ્લામાં પરમિટ વિના દારૂ પીતા લોકો સામે ૧૭,૩૧૧ કેસ દાખલ કરવામાં આવ્યા હતા, જ્યારે વડોદરા જિલ્લામાં આવા ૧૫,૧૫૪ કેસ દાખલ કરવામાં આવ્યા હતા.

ગૃહપ્રધાને જણાવ્યું હતું કે પોલીસે આવા ગ્રાહકોને દારૂ સપ્લાય કરનારાઓ સામે પણ અનેક કડક પગલાં લીધા છે. આમાં એવા વિસ્તારોમાં પેટ્રોલિંગ વધારવાનો સમાવેશ થાય છે જ્યાં લોકો વારંવાર દારૂ પીતા જોવા મળે છે, તેમજ શહેર, જિલ્લા અને રાજ્ય સ્તરે દારૂબંધી ઝુંબેશ ચલાવવાનો સમાવેશ થાય છે.

સંઘવીએ જણાવ્યું હતું કે ગેરકાયદેસર દારૂના વેપારમાં વારંવાર સામેલ લોકોને ''લિસ્ટેડ બુટલેગર'' જાહેર કરવામાં આવે છે, જેના પગલે તેમની સામે સમયાંતરે દરોડા પાડવામાં આવે છે. તેમણે કહ્યું હતું કે જો આવા વ્યક્તિઓ દારૂબંધી સંબંધિત ગુનાઓમાં સંડોવાયેલા જોવા મળે છે, તો તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવે છે, જેમાં દારૂબંધી કાયદા હેઠળ કાર્યવાહી, તડીપાર કરવા અને સમાજ વિરોધી પ્રવૃત્તિઓ (પાસા) હેઠળ કાર્યવાહીનો સમાવેશ થાય છે.

સંઘવીએ વિધાનસભામાં જણાવ્યું હતું કે ગેરકાયદે દારૂ સપ્લાય કરતા અથવા તેનું ઉત્પાદન કરતા પકડાયેલા લોકો સામે પણ અલગ કેસ દાખલ કરવામાં આવે છે.

# મહારાષ્ટ્રમાં દહેજના કેસોમાં ઘટાડો થયો, સરકારે કાર્યવાહી વધારીઃ પ્રધાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રમાં છેલ્લા પાંચ વર્ષમાં દહેજ સંબંધિત ગુનાઓમાં ઘટાડો થયો છે, મંત્રી પંકજ ભોયરે સોમવારે જણાવ્યું હતું કે રાજ્ય સરકારે તકેદારી સમિતિઓ અને વિશેષ તપાસ ટીમો દ્વારા આ પ્રથા સામે કડક કાર્યવાહી વધુ તીવ્ર બનાવી છે. રાજ્ય વિધાનસભામાં ધ્યાન ખેંચવાના પ્રસ્તાવનો જવાબ આપતા, ભોયરે જણાવ્યું હતું કે દહેજ સંબંધિત ગુનાઓ ૨૦૨૨માં ૧૮૦ કેસથી ઘટીને ૨૦૨૫માં ૧૩૮ થયા છે. તેમણે ધ્યાન દોર્યું હતું કે રાજ્યે મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા સૂચિત મહારાષ્ટ્ર દહેજ પ્રતિબંધ નિયમો, ૨૦૦૩ દ્વારા દહેજ વિરોધી કાયદો લાગુ કર્યો છે. તેમણે સરકાર દ્વારા લેવામાં આવેલા પગલાંઓની યાદી આપી, જેમાં આવા કેસોની દેખરેખ માટે રાજ્ય, જિલ્લા અને તાલુકા સ્તરે દહેજ પ્રતિબંધ અધિકારીઓની નિમણૂંક અને મહિલાઓ અને બાળકો સામેના ગુનાઓને રોકવા માટે કાર્યરત વધારાના ડિરેક્ટર જનરલ રેન્કના અધિકારીની આગેવાની હેઠળ પોલીસમાં એક અલગ પાંખનો સમાવેશ થાય છે.

તેમણે જણાવ્યું હતું કે દહેજ ઉત્પીડન અને ઘરેલુ હિંસાની ફરિયાદોના નિરાકરણ માટે મહિલા હેલ્પલાઇન, ભરોસા સેલ, તકેદારી સમિતિઓ અને ખાસ પોલીસ તપાસ ટીમો જેવી પદ્ધતિઓ સ્થાપિત કરવામાં આવી છે. દહેજ સંબંધિત ગુનાઓનો ડેટા શેર કરતા તેમણે જણાવ્યું હતું કે ૨૦૨૧માં ૧૭૨ કેસ નોંધાયા હતા જેમાં ૫૩૪ ધરપકડ કરવામાં આવી હતી અને ૨૦૨૨માં ૧૮૦ કેસ નોંધાયા હતા જેમાં ૫૧૫ ધરપકડ કરવામાં આવી હતી.

૨૦૨૩માં ૧૭૦ કેસ નોંધાયા હતા અને ૩૮૧ લોકોની ધરપકડ કરવામાં આવી હતી, ૨૦૨૪માં ૧૩૯ કેસ નોંધાયા હતા અને ૨૩૪ ધરપકડ કરવામાં આવી હતી અને ૨૦૨૫માં ૧૩૮ કેસ નોંધાયા હતા જેમાં ૩૧૩ ધરપકડ કરવામાં આવી હતી, એમ ભોયરે જણાવ્યું હતું. તેમણે કહ્યું કે કલેક્ટરના નેતૃત્વ હેઠળની જિલ્લા સ્તરીય સમિતિઓ દહેજ પ્રથાઓ સામે કાર્યવાહી અને ઘરેલુ હિંસાથી મહિલાઓના રક્ષણ અધિનિયમ, ૨૦૦૫ હેઠળ કેસોની સમીક્ષા કરવા માટે સંકલન કરે છે. તેમણે જણાવ્યું હતું કે મહારાષ્ટ્રમાં ૨૬ નવેમ્બરને દહેજ વિરોધી દિવસ તરીકે ઉજવવામાં આવે છે, અને બીજી ડિસેમ્બર સુધીના આગામી સાત દિવસો દહેજ વિરોધી સપ્તાહ તરીકે ઉજવવામાં આવે છે, જે દરમિયાન જનજાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. ચર્ચા દરમિયાન, ઘણા વિધાનસભ્યોએ દહેજ ઉત્પીડન અને ન્યાયમાં વિલંબ અંગે ચિંતા વ્યક્ત કરી. કોંગ્રેસના જ્યોતિ ગાયકવાડે નોંધ્યું હતું કે કાનૂની જોગવાઈઓ હોવા છતાં, દહેજ સંબંધિત ગુનાઓ એક ગંભીર સામાજિક સમસ્યા છે અને રાજ્યમાં દહેજ ઉત્પીડન અને દહેજ મૃત્યુ અંગે જિલ્લાવાર ડેટા માંગ્યો હતો. તેમણે આવા કેસોમાં પોલીસ તપાસનો સમયગાળો અને પ્રક્રિયા ઝડપી બનાવવા માટે લેવામાં આવેલા પગલાં વિશે પણ પૂછ્યું. એનસીપીના વિધાનસભ્ય પ્રકાશ સોલંકેએ ગ્રામીણ વિસ્તારોમાં આ સમસ્યાઓ વિશે વાત કરી જ્યાં સામાજિક અને આર્થિક પરિબળોને કારણે ઘણા પુરુષો અપરિણીત રહે છે.

તેમણે આરોપ લગાવ્યો કે કેટલાક કિસ્સાઓમાં કપટી લગ્ન ગોઠવવામાં આવે છે, જ્યાં સ્ત્રી પૈસા પડાવવા માટે અનેક પુરુષો સાથે લગ્ન કરે છે, અને પૂછ્યું કે શું સરકાર આવા મુદ્દાઓને સંબોધશે. ભાજપના વિક્રમ સાતપુતેએ કેટલાક કિસ્સાઓમાં કાયદાના દુરુપયોગ અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને આરોપ લગાવ્યો હતો કે ક્યારેક પરિવારોને ધમકાવવા માટે ખોટી ફરિયાદોનો ઉપયોગ કરવામાં આવે છે અને સવાલ કર્યો હતો કે શું સરકાર દહેજ પ્રતિબંધ અધિકારીઓ દ્વારા નિયમિત ત્રિમાસિક અહેવાલો રજૂ કરવાની ખાતરી કરશે. કોંગ્રેસના નીતિન રાઉતે એમ પણ નોંધ્યું હતું કે કાયદા અને જાગૃતિ અભિયાનો હોવા છતાં, પીડિતો ફરિયાદો સાથે પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવામાં અચકાય છે.

તેમણે પૂછ્યું હતું કે શું સરકાર દહેજ ઉત્પીડનના કેસોને ઝડપી બનાવવા અને ફરિયાદો નોંધવાનો ઇનકાર કરનારા પોલીસ અધિકારીઓ સામે કડક પગલાં લેવાનું વિચારશે. પ્રધાને તેમના જવાબમાં કહ્યું હતું કે દહેજ ઉત્પીડન એક સામાજિક સમસ્યા છે જેમાં સમાજ અને કાયદા ઘડનારાઓની ભાગીદારીની જરૂર છે અને ગૃહને ખાતરી આપી હતી કે સભ્યો દ્વારા કરવામાં આવેલા સૂચનોની તપાસ કરવામાં આવશે અને યોગ્ય પગલાં લેવામાં આવશે.

# બસ સ્ટોપ નજીક ગેરકાયદે પાર્ક કરાયેલાં ૨૬,૪૬૨ વાહનોને ૧૦.૫૧ લાખનો દંડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં નિયમોનો ભંગ કરીને બસ સ્ટોપ નજીક પાર્ક કરવામાં આવેલાં વાહનો સામે ટ્રાફિક પોલીસે લાલ આંખ કરી હતી. ટ્રાફિક પોલીસ દ્વારા હાથ ધરાયેલી વિશેષ ઝુંબેશમાં બે સપ્તાહ દરમિયાન આ રીતે ગેરકાયદે પાર્ક કરાયેલાં ૨૬ હજારથી વધુ વાહનો સામે કાર્યવાહી કરી ૧૦.૫૧ લાખ રૂપિયાથી વધુનો દંડ ફટકારવામાં આવ્યો હતો.

બેસ્ટના બસ સ્ટોપથી અંદાજે ૧૫ મીટર સુધી કોઈ પણ વાહન પાર્ક કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. સ્ટોપ પર બસ સહેલાઈથી ઊભી રહી શકે અને ત્યાંથી પસાર થઈ શકે તે માટે આ નિયમ લગાવવામાં આવ્યો છે. તેમ છતાં અનેક વાહનચાલકો દ્વારા આ નિયમનું ઉલ્લંઘન કરવામાં આવે છે.

બસ સ્ટોપને અડીને વાહન પાર્ક કરવાને કારણે ઘણી વાર પ્રવાસીઓને બસમાં ચડ-ઊતર કરવામાં પણ ખાસ્સી મુશ્કેલી પડે છે. એ સિવાય સ્ટોપ પર બસ ઊભી રહી શકતી ન હોવાથી ટ્રાફિકની સમસ્યા ઊભી થાય છે. પરિણામે ટ્રાફિક પોલીસ દ્વારા આવાં વાહનો પર કાર્યવાહી કરવા માટે વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.

૨૩ ફેબ્રુઆરીથી ૮ માર્ચ દરમિયાન હાથ ધરાયેલી આ ઝુંબેશમાં મુંબઈના વિવિધ બસ સ્ટોપ નજીક નિયમોનું ઉલ્લંઘન કરીને પાર્ક કરવામાં આવેલાં ૨૬,૪૬૨ વાહન પર કાર્યવાહી કરવામાં આવી હતી. આ વાહનો સામે ૧૦,૫૧,૬૦૦ રૂપિયાનાં ઈ-ચલાન લાગુ કરાયાં હતાં. મોટર વેહિકલ ઍક્ટની જોગવાઈ અને સંબંધિત નિયમ અનુસાર ઈ-ચલાન દ્વારા દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી હતી. વાહનધારકો પાસેથી દંડની રકમ વસૂલવામાં આવી હોવાનું પણ ટ્રાફિક પોલીસે જણાવ્યું હતું.

## પાંચમા પાનાનું ચાલુ

### નિયમ મુજબ

કરેલી રકમ વસુલવામાં આવે છે. તેથી નોંધણી વખતે યોગ્ય સ્ટેમ્પ ડ્યુટી ભરવી ખરીદદાર માટે જરૂરી છે. સ્ટેમ્પ ડ્યુટી ન ભરવી કે નિયમ મુજબ ન ભરવી કાયદાને ગુનો છે. તે માટે મહારાષ્ટ્ર સ્ટેમ્પ એક્ટ ૧૯૫૬માં કાર્યવાહીની જોગવાઈ છે. સ્ટેમ્પ ડ્યુટી ન ભરવી કે નિયમ મુજબ ન ભરતા એક મહિના થી લઈને ૬ મહિના સુધીની જેલ અને દંડ થઇ શકે છે. હાલ ૫૦૦૦ દંડ ભરવો પડે છે. હવે આ રકમમાં મોટો વધારો થવા જઈ રહ્યો છે. તેથી હવે ઘર ખરીદતી વખતે સ્ટેમ્પ ડ્યુટી ન ભરવી કે યોગ્ય રકમ ન ભરવી ખરીરદાર માટે મોંઘુ પડી શકે છે.

પ્રોપર્ટી ખરીદનાર યોગ્ય સ્ટેમ્પ ડ્યુટી ભરે અને સરકારને યોગ્ય ટેક્સ મળે તે માટે રાજ્ય સરકારે દંડની રકમમાં વધારો કરવાનો પ્રસ્તાવ મુક્યો છે. બજેટ રજૂ કરતા મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે આ અંગે માહિતી આપી હતી. તે મુજબ ભવિષ્યમાં દંડની રકમ પાંચ હજારથી વધીને એક લાખ થશે. આ નિર્ણયને માન્યતા મળતા અમલમાં મુકવામાં આવશે. દંડની રકમમાં વધારો થતા ખરીદદાર યોગ્ય સ્ટેમ્પ ડ્યુટી ભરશે તેવી અપેક્ષા રાખવામાં આવે છે.

## સંસ્થા સમાચાર

### પ્રેમ-એકતા ને આનંદના ઉત્સવની થઈ ઉજવણી



શ્રી નાગરદાસ ધારસી ભૂતા હાઈસ્કૂલમાં પૂર્વ પ્રાથમિક, પ્રાથમિક અને માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની સાથે તમામ વાલીઓની સહભાગિતાથી હોળીના પર્વની ઉજવણી કરવામાં આવી હતી. એ દરમિયાન હોળીનાં ગીતો, રંગારંગ નૃત્ય અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

### લિટરરી ઍવોર્ડ

પ્રિયદર્શિની એકેડેમીએ ૧૨ માર્ચે આઈએમસી બિલ્ડિંગ, ચર્ચગેટ ખાતે લિટરરી ઍવોર્ડનું આયોજન કર્યું છે. હિન્દી, મરાઠી, ગુજરાતી અને સિંધી ભાષામાં આ ઍવોર્ડ એનાયત કરવામાં આવશે. સાથે જ એકેડેમીએ ૪૨મી એનિવર્સરીની ઘોષણા પણ કરી છે. આ સિવાય આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓને વિવિધ ક્ષેત્રે સ્કોલરશિપ આપવામાં આવશે. જેથી કરીને તેમનું શિક્ષણ અધવચ્ચે અટકી ન જાય.

### કાવ્ય પઠન

સાહિત્ય સંસદમાં ડૉ. અસ્મિત યાજ્ઞિકે સ્વરચિત કાવ્યોનું પઠન પાંચ માર્ચે કર્યું હતું. એનો લાભ સાહિત્યપ્રેમીઓએ લીધો હતો. અંધેરી વેસ્ટમાં આવેલા કનુભાઈ સૂચકનું નિવાસસ્થાન, ૮મા માળે, ફ્લેટ-૨૨માં આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

### ટેબલ ટૅનિસ ટૂર્નામેન્ટ

બોરીવલીમાં મંડપેશ્વર સિવિક ફેડરેશન દ્વારા ગોલ્ડન સિંગલ્સ ટેબલ ટેનિસ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. એ અગાઉ પિકલ બોલ ટૂર્નામેન્ટ યોજવામાં આવી હતી, જેમાં ૬૦ લોકોએ ભાગ લીધો હતો. સિનિયર સિટીઝન્સ પ્રીમિયર લીગમાં પણ વરિષ્ઠોએ હોંશભેર ભાગ લીધો હતો.

### હૉસ્પિટલને દાન

રોટરી ક્લબ ઑફ મુંબઈ કાંદિવલી વેસ્ટ દ્વારા ચવાણ હૉસ્પિટલને ડાયાલિસિસ અને ફિસ્યુલા સર્જરી માટે ૮૦ હજાર રૂપિયાની રકમ ચેક દ્વારા આપવામાં આવી છે. એનાથી જરૂરતમંદોને રાહત મળી રહેશે.

### મહિલાઓ માટે રમતગમત

પ્રગતિ મિત્ર મંડળ શક્તિ મહિલા વિભાગ દ્વારા રમતગમતનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં મહિલાઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો. વિજેતાઓને ઈનામ આપીને સન્માનિત કરવામાં આવી હતી. સાથે જ સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ વિશે પણ માહિતી આપવામાં આવી હતી.

### મુંબઈમાં યોજાશે

માહિતી આપતાં જણાવ્યું હતું કે, ભારતીય ટીમની આ જીત સમગ્ર દેશ માટે ગૌરવની ક્ષણ છે. ટીમ ઈન્ડિયાના ખેલાડીઓનું સન્માન કરવા માટે મુંબઈમાં એક ભવ્ય વિજય પરેડ અને સન્માન સમારોહનું આયોજન કરવામાં આવશે. તેમણે એવો અંદાજો પણ આપ્યો હતો કે ટીમ ઈન્ડિયા દિલ્હીથી જેવી મુંબઈ પાછી આવશે કે તરત જ તેમની વિક્ટરીનું સેલિબ્રેશન કરવામાં આવશે. વાત કરીએ વિક્ટરી પરેડના રૂટની તો સૂત્રોના જણાવ્યા અનુસાર, ૨૦૦૭ અને ૨૦૨૪ની જેમ જ આ વખતે પણ વિજય પરેડ મુંબઈના મરીન ડ્રાઈવથી શરૂ થઈને વાનખેડે સ્ટેડિયમ સુધી યોજાઈ શકે છે. વાનખેડે સ્ટેડિયમમાં ખેલાડીઓ માટે વિશેષ સન્માન સમારોહનું આયોજન કરવામાં આવશે, જ્યાં બીસીસીઆઈના પદાધિકારીઓ અને રાજ્ય સરકારના પ્રતિનિધિઓ હાજર રહેશે. જોકે, આ બાબતે હજી સુધી કોઈ ઓફિશિયલ માહિતી સામે આવી નથી. મુંબઈ પોલીસને આ ભવ્ય ઈવેન્ટ માટે કડક સુરક્ષા વ્યવસ્થા જાળવી રાખવા સૂચના આપવામાં આવી છે. લાખોની સંખ્યામાં ચાહકો ઉમટી પડવાની શક્યતાને જોતા ટ્રાફિક મેનેજમેન્ટ અને ક્રાઉડ કંટ્રોલ માટે વિશેષ પ્લાન તૈયાર કરવામાં આવ્યો હોવાની માહિતી પણ સામે આવી રહી છે.

### ધાર્મિક કાર્યક્રમ

ઉત્તર પ્રદેશ ભાગી છૂટવાની તૈયારીમાં હોવાની માહિતી મળ્યા બાદ પોલીસ ટીમે કુર્લા સ્ટેશને જઇને પાંચ આરોપીને ઝડપી પાડ્યા હતા, જેઓ મુંબઈમાં અલગ અલગ સ્થળે રહેતા હતા. આરોપીઓ ધાર્મિક કાર્યક્રમ, રાજકીય સભા તથા અન્ય સ્થળોએ ગિરદીનો લાભ લઇને લોકોના મોબાઇલ ચોરતા હતા અને બાદમાં પોતાના અન્ય સાથીદારોની મદદથી તેને નેપાળ અને બાંગ્લાદેશમાં વેચી મારતા હતા.

### ટ્રાફિક સિગ્નલ

વર્ષથી પાલિકા આ યોજનાની અમલવારી કરી રહી છે. આ વર્ષે પણ શહેરમાં તાપમાન ૩૯ ડિગ્રી સુધી પહોંચી ગયું છે. આ તીવ્ર ઉનાળાનો સામનો કરવા માટે, નગરપાલિકા દ્વારા સિગ્નલ પાસે જાળીનું આવરણ નાખવામાં આવશે. સિગ્નલની રાહ જોતી વખતે વાહનચાલકોને ગરમીનો અનુભવ ન થાય તે માટે આ પગલાં લેવામાં આવશે. ઉપરાંત વિવિધ એનજીઓની મદદથી શહેરના ૨૫ ભીડભાડવાળા સ્થળોએ પાણીની પરબ શરૂ કરવામાં આવશે.

### અંબરનાથની

ફાટી નીકળી હતી. આગ લાગતાં જ કંપનીના કર્મચારીઓ બહાર દોડી આવ્યા હતા. કહેવાય છે કે કંપનીમાં મોટા પ્રમાણમાં કેમિકલ હોવાથી આગ ઝપાટાભેર વધી હતી. જોતજોતાંમાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. સૌપ્રથમ મોટો ધડાકો થયો ત્યારે કેમિકલને કારણે આગનો ભડકો ઊંચે સુધી ઊડતો દેખાયો હતો. પછી પણ કંપનીમાંથી ધડાકા સંભળાયા હોવાનો દાવો સ્થાનિકોએ કર્યો હતો.

આગની તીવ્રતા જોતાં સતર્કતા ખાતર આસપાસની કંપનીઓના કર્મચારીઓને બહાર નીકળી જવાની સૂચના અપાઈ હતી. કહેવાય છે કે આગની જ્વાળા એટલી ભાયનક દેખાતી હતી કે આસપાસની કંપનીઓ માટે પણ જોખમ ઊભું થયું હતું. આ કંપનીની નજીક કેમિકલની અન્ય કંપનીઓ હોવાનું જાણવા મળ્યું હતું. આગની જાણ થતાં અંબરનાથ, બદલાપુર, કલ્યાણ-ડોમ્બિવલી અને ઉલ્હાસનગર ફાયર બ્રિગેડમાંથી વૉટર ટૅન્કર ઘટનાસ્થળે રવાના કરાયાં હતાં. સ્થાનિક પોલીસ અને એમ્બ્યુલન્સ પણ ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયર બ્રિગેડના જવાનોએ આગ પર કાબૂ મેળવવાના પ્રયાસ હાથ ધર્યા હતા, પરંતુ ત્રણેક કલાક સુધી આગ કાબૂમાં આવી નહોતી.

કહેવાય છે કે આગને કારણે કેમિકલનાં ડ્રમ ફાટવાથી ધડાકા સંભળા હતા. ધડાકાને કારણે આગની જ્વાળા ઊંચે ઊડતી હતી. ચારથી પાંચ કિલોમીટર સુધી આગની જ્વાળા અને ધુમાડાના ગોટા નજરે પડતા હતા.

### બીજું યલો અલર્ટ

તાપમાન અકોલા જિલ્લામાં ૪૦.૪ ડિગ્રી નોંધાયું હતું, જ્યારે જળગાંવમાં ૩૯.૬, સોલાપુરમાં ૩૯.૪, બ્રહ્મપુરીમાં ૩૯.૪, વાશિમમાં ૩૯.૪, વર્ધામાં ૩૯.૨, યવતમાળમાં ૩૯ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. મુંબઈના કોલાબામાં ૩૫.૯ ડિગ્રી અને સાંતાક્રુઝમાં ૩૮.૪ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું.

### ગરમી કેમ

દરમિયાન આ પ્રકારનું દિવસનું અતિશય તાપમાન એકદમ સામાન્ય છે. આ એક લાક્ષણિક શુષ્ક ગરમીનું તાપમાન છે જેના કારણે ગુજરાત પર એક એન્ટિસાયક્લોન બન્યું છે. પરિણામે, આસપાસ ઘણી ગરમ હવા છે, જેના કારણે દરિયાઈ પવનની ગતિ ઘણા કલાકો સુધી ધીમી પડી ગઈ છે. પરિણામે, દિવસ દરમિયાન તાપમાન સતત વધતું રહે છે, જેના પરિણામે ગરમ પરિસ્થિતિઓ બને છે,' એમ એક આઈએમડી અધિકારીએ જણાવ્યું હતું. સામાન્ય રીતે, મુંબઈમાં તાપમાન ૧૦ માર્ચની આસપાસ અથવા તે પછી ૩૫-૩૬ ડિગ્રીના આંકને વટાવી જાય છે. જોકે, આઈએમડીનો રેકોર્ડ દર્શાવે છે કે ૧૦ વર્ષમાં પહેલી વાર, મુંબઈમાં પહેલા અઠવાડિયામાં જ આટલું ઊંચું દિવસનું તાપમાન નોંધાયું છે.

### ઓટોરિક્ષાની

જ નહીં, કે કેટલાક બાંગ્લાદેશી નાગરિકોને ગેરકાયદેસર રીતે લાઇસન્સ આપવામાં આવ્યા હોવાની અમને ફરિયાદો મળી છે. આ સંદર્ભમાં, સરકાર માને છે કે લાઇસન્સનું પુનર્ગઠન કરવું જરૂરી છે, એમ તેમણે જણાવ્યું હતું.

આ સ્થગતી કાયમી નથી અને રાજ્ય પ્રધાન મંડળની બેઠકમાં નવી રિક્ષાઓને કયા માપદંડો પર લાઇસન્સ આપવામાં આવે તેની વિગતવાર ચર્ચા કરવામાં આવશે. પ્રધાને એ પણ સ્પષ્ટ કર્યું કે છેવાડાના વિસ્તારો સુધી કનેક્ટિવિટી સુધારવા અને પરિવહન વ્યવસ્થાને નિયંત્રિત કરવા માટે ટૂંક સમયમાં એક નવી નીતિ ઘડવામાં આવશે. રાજ્યના નાગરિકોને સરળ અને પ્રદૂષણમુક્ત પરિવહન સુવિધાઓ પૂરી પાડવા માટે આ કડક નિર્ણય લેવામાં આવ્યો હોવાનું પરિવહન વિભાગે જણાવ્યું છે.

### બીએમસીમાં

એનો તીવ્ર વિરોધ કર્યો હતો. છેલ્લા બે વર્ષમાં રેલિંગ અને 'સ્ટ્રીટ ફર્નિચર' પાછળ પાલિકા ૩૦૦ કરોડ રૂપિયા ખર્ચ કરી ચૂકી છે તો તે જ કામ માટે ફરીથી ૩૮૫ કરોડ રૂપિયા ખર્ચવાની જરૂર શું છે એવો સવાલ તેમણે કર્યો હતો.

કમિશનરને લખેલા પત્રમાં અમિત સાટમએ સનસનાટીભર્યો દાવો કર્યો છે કે મનોરંજન ક્ષેત્રના કેટલાક લોકોએ હવે નગરપાલિકામાં 'લાયેઝિંગ (સમન્વય)નો નવો ધંધો શરૂ કર્યો છે અને આ ટેન્ડર તેમના ફાયદા માટે બહાર પાડવામાં આવ્યું હતું. પાલિકા પાસે 'ઈ-વોર્ડ' ઓફિસ બનાવવા માટે પૈસા નથી તો ૩૮૫ કરોડની રેલિંગ માટે પૈસા ક્યાંથી આવે છે?'

### સરકારે રદ

૨૦૨૪ના રોજ મંજૂરી આપવામાં આવી હતી અને રાજ્યમાં એક લાખથી વધુ વસ્તી ધરાવતા શહેરોમાં ઇ-બાઇક ટેક્સી સેવાઓ શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. તે મુજબ મહારાષ્ટ્ર ઇ-બાઇક-ટેક્સી નિયમ, ૨૦૨૪ સૂચિત કરવામાં આવ્યા છે અને આ નિયમો અનુસાર બાઇક ટેક્સીઓ માટે ૧૦૦ ટકા ઇલેક્ટ્રિક હોવું ફરજિયાત છે. ઉપરાંત અરજદારોને તમામ નિયમો અને શરતો પૂર્ણ કરવા માટે ચોક્કસ સમય આપવામાં આવ્યો છે.

આ પ્રક્રિયા મુજબ ઉબેર ઇન્ડિયા સિસ્ટમ્સ, રેપિડો ટ્રાન્સપોર્ટેશન સર્વિસીસ અને એની ટેક્નોલોજીસ (ઓલા) ને મુંબઈ મેટ્રોપોલિટન રિજનમાં ૩૦ દિવસ માટે કામચલાઉ લાઇસન્સ આપવામાં આવ્યા હતા.

એવી અપેક્ષા રાખવામાં આવી હતી કે,આ સમયગાળા દરમિયાન બધી જરૂરી શરતો પૂરી થશે અને અંતિમ લાઇસન્સ મેળવવામાં આવશે.

## જૈન મરણ

**મચ્છુકાંઠા વિશા શ્રીમાળી જૈન**

ગામ વાટાવદર નિવાસી હાલ મલાડ, સ્વ. લાભકુંવરબેન ચંદુલાલ મણિલાલ મહેતાના પુત્ર સ્વ. કિશોરભાઈના પત્ની દીપાબેન (ઉં.વ.૫૫) તે સ્વ. દિપકભાઈ, યોગેશભાઈ - નલિનીબેન, ભરતભાઈ - હેમાબેન તથા અંજનાબેન પરેશભાઈ સંઘવીના ભાભી. ધર્મિલ તથા અભિષેકના માતુશ્રી. દિક્ષીના સાસુ. જામનગર નિવાસી ભારતીબેન કનકભાઈ કચરાભાઈ શાહના પુત્રી તા. ૭/૩/૨૬ શનિવારના અરિહંતશરણ પામેલ છે. બંને પક્ષ તરફથી ભાવયાત્રા તા. ૧૨/૩/૨૬ના ગુરૂવાર ૧૦ થી ૧૨. સ્થળ : શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ (મોટો ઉપાશ્રય), પારેખ લેન કોર્નર, એસ. વી. રોડ, કાંદિવલી વેસ્ટ.

**વિજાપુર સત્તાવીસ વિશા શ્રીમાળી જૈન**

ચરાડા નિવાસી હાલ ગોરેગામ પ્રવિણાબેન કાંતિલાલ સ્વરૂપચંદ શાહ (ઉં. વ. ૮૩) સોમવાર, તા. ૯-૩-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ.કાંતિલાલના પત્ની. આશિષભાઇ, વર્ષાબેન, આશાબેનના મમ્મી. પાયલબેન, કેતનકુમાર, દિપકકુમારના સાસુ. કેનિ, દિયા, રિષિત, યશ, જીમીત, દિષ્ટિના દાદી. સ્વ. રમણભાઇ, સ્વ. બાબુભાઇ, સ્વ. રસીકભાઇ, સ્વ. શાંતાબેન, સ્વ. કમળાબેન, સ્વ. કંચનબેન, સુશીલાબેનના ભાભી. પ્રાર્થનાસભા તા. ૧૦-૩-૨૬ મંગળવારના સાંજે ૭.૩૦થી ૯. ઠે. સરદાર વલ્લભભાઇ પટેલ હોલ, શિવસેના ઓફિસની સામે, એસ. વી. રોડ, ગોરેગામ (વેસ્ટ).

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

મોરચુપણા નિવાસી હાલ મુલુંડ માતુશ્રી કાન્તાબેન મોતીચંદ લલ્લુભાઇ શાહના સુપુત્ર ગુણવંતરાય (ઉં. વ. ૭૬) રવિવાર તા. ૮-૩-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે કૈલાસબેનના પતિ. રિતેશ તથા વૈશાલીના પિતાશ્રી. નવીનભાઇ, મહેન્દ્રભાઇ, ઇન્દુબેન નવીનચંદ્ર, મધુબેન પ્રતાપરાય, સ્વ. ભાનુબેન રમણીકલાલ, પદ્માબેન લલિતકુમાર તથા શશીકલાબેન હર્ષદભાઇના ભાઇ. ઇન્દુબેન તથા વનીતાબેનના જેઠ. શ્વસુર પક્ષે રતિલાલ જીવનલાલ મહેતા ખાખરીયાવાળાના જમાઇ. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**દશા શ્રીમાળી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન**

થાનગઢ નિવાસી હાલ મુંબઈ સાયન, પ્રવીણચંદ્ર ડાહ્યાલાલ પારેખ (ઉં. વ. ૮૯) તા. ૮-૩-૨૬ના રોજ અરિહંતશરણ પામેલ છે. તે ભારતીબેનના પતિ. પ્રીતિબેન - હરેશભાઈ, સંગીતાબેન - ચેતનભાઇ, બીજલબેન - નીતિનભાઈ, રાજેનભાઈ - ચારુબેન તથા ડોલીબેન - મેહુલભાઈના પિતાશ્રી. ક્રિશમા - ફાલ્ગુન - પ્રિયાંશી - જયના દાદાશ્રી. કનૈયાલાલ, ભરતભાઈ, છાયાબેન, હંસાબેન, દીનાબેનના ભાઈ. મુગટભાઈ, મધુભાઈ, સતિષભાઈ, વસંતબેન, ભાનુબેન, કુંદનબેન, અરુણાબેન અને સ્મિતાબેનના બનેવી. પ્રાર્થનાસભા તા. ૧૦ માર્ચ, મંગળવાર સાંજના ૪ થી ૫:૩૦. સ્થળઃ અમુલખ અમીચંદ હાઇસ્કુલ, ગેટ નંબર ૧, સમતાબાઇ ઓડિટોરિયમ, ૭૬ રફી અહેમદ કિડવાઈ રોડ, એસ એન ડી ટી કોલેજની બાજુમાં, મુંબઈ ૧૯.

**ઝાલાવાડ જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન**

ભૂગુપુર નીવાસી હાલ સાંતાક્રુઝ, સ્વ. અમૃતલાલ લક્ષ્મીચંદ શાહના પુત્ર કુમુદરાય શાહ (ઉં. વ. ૯૧) ૭/૩/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. દોલતરાય, સ્વ. રવીન્દ્રભાઈ, ડો. રમાબેન, સ્વ. દિનેશભાઇ, સ્વ. કિરણ તિલક મહેરા, મધુકરભાઈના ભાઈ. સ્નેહલતાબેનના પતિ. સંજય, રેશ્મા મયુર શાહ અને રાજીવના પિતા. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલા દશા શ્રી મુ જૈન**

ચોટીલા નિવાસી હાલ કાંદિવલી, સ્વ. હીરાબેન ઘેલાભાઈ કોઠારીના પુત્ર હસમુખભાઈ (ઉં. વ. ૭૬) ૮/૩/૨૬ના રોજ અરિહંતશરણ પામેલ છે. તે હીનાબેનના પતિ. પ્રિતી, ધારા, અમી તથા જયના પિતા. રાજેશ, સ્નેહલ, વિશાલના સસરા. ભરતભાઈ સ્મિતાબેન, દિપીકાબેન, છાયાબેનના ભાઈ. સાસરાપક્ષે સ્વ. સાકળચંદ વૃજલાલ વોરાના જમાઈ. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી દેરાવાસી જૈન**

મોરબી નિવાસી હાલ ઘાટકોપર, હંસાબેન ન્યાલચંદભાઈ ટોલિયા (ઉં. વ. ૯૧) સોમવાર તા. ૯/૩/૨૬ના રોજ અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. ન્યાલચંદભાઈ રૂપચંદ ટોલિયાના ધર્મપત્ની. રાજેશ, શૈલેષ, વિરેશ તથા સ્વ. મિતાના માતુશ્રી. સ્વ. નારાયણદાસ તથા સ્વ. શારદાબેન દોશીના સુપુત્રી. જેલી, સ્વ. શેફાલી, દીપ્તિ, સ્વ. ભરતભાઇ મણિયારના સાસુ. સ્વ. રમેશભાઈ, કિશનભાઇ, સ્વ. ભરતભાઇ, ઉલ્લાસબેન વોરાના બેન. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ટોડા હાલે મલાડના શ્રી નવીન દેવજી લઘુ ગોગરી (ઉં. વ. ૬૮) તા. ૭-૩-૨૬ના અરિહંત શરણ પામ્યા છે. સ્વ દમયંતી દેવજી ગોગરી ના સુપુત્ર. સ્વ જયા, અરૂણા ના પતિ. રાહુલ, નિકેશ, યશના પિતા. મોખાના સ્વ મુલબાઈ રામજી સત્રાના જમાઈ. કમલાશંકર વિજયા ના જમાઈ. સ્વ લક્ષ્મીચંદ સ્વ જયશ્રી સ્વ પ્રફુલ અને કલાના ભાઈ. પ્રાર્થના રાખેલ નથી. સરનામું : અરૂણા ગોગરી, રૂમ નં. ૭, શ્રી ગણેશ કૃપા, કોટેજ નં. ૧, માર્વે રોડ, માલવણી ચર્ચ, મલાડ (વે.), મું. ૯૫.

કુંદરોડીના ગાંગજી ખીમજી મામણીયા (ઉં. વ. ૮૧) તા. ૬-૩-૨૦૨૬ના અવસાન પામ્યા છે. જીવીબાઈ ખીમજી મુરજીના સુપુત્ર. સુશીલાબેનના પતિ. પરેશ, જયશ્રીના પિતાશ્રી. જીવરાજ, શામજી, પોપટલાલ, કાંતિલાલ, હસમુખ, કલ્યાણજીના ભાઈ. લાખાપુરના દેવકાબેન ભાણજી પચાણ શેઠીયાના જમાઈ. પ્રાર્થના : સુમતિનાથ જૈન દેરાસર (પાંચમે માળે), ગુજરાત ક્લબની બાજુમાં, માટુંગા (સે.રે.), ટા. ૩ થી ૪.૩૦.

ભોજાયના આણંદજી નાગજી શીવજી રાંભીયા (ઉં. વ. ૭૪) તા. ૮-૩-૨૬ના અવસાન પામેલ છે. માતુશ્રી પાનબાઇ નાગજીના પુત્ર. શાંતાબેનના પતિ. પારૂલના પિતા. શેરડીના સાકરબેન ગુલાબચંદ, વરંડી જેઠીબાઇ વેલજી, ભોજાયના રંજન મોહનલાલના ભાઇ. કોકીલીયાના દેવકાબાઇ હીરજી આસુ દેઢીયાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. શાંતાબેન આણંદજી રાંભીયા, એ/૩૦૧, આનંદ એપાર્ટમેન્ટ, દત્તપાડા રોડ, કણકીયા આરોહાની બાજુમાં, બોરીવલી (ઇસ્ટ), મું. ૯૨.

હાલાપુર હાલે ગઢસીસાના રતનબેન છેડા (ઉં. વ. ૯૦) તા. ૭-૩ના અરિહંત શરણ પામેલ છે. ખેતબાઈ નાગજીના પુત્રવધૂ. સ્વ. વલ્લભજી નાગજી છેડાના ધર્મપત્ની. સ્વ. દિપક, રમેશ, દિનેશ, જયેશ, ભાવેશના માતાજી. સાભરાઈ દેવાબેન તેજશીના સુપુત્રી. પ્રાર્થના રાખેલ નથી.ઠે. જયેશ છેડા, ન્યુ કામધેનુ સોસાયટી, સી-૭-એન/૩, ગ્રાઉન્ડ ફ્લોર, એમ. જી. કોમ્પલેક્ષ, સે. ૧૪, વાશી, નવી મુંબઈ-૪૦૦૭૦૩.

મોટી વરંડીના ઉદય (વલુ) કેશવજી ગડા (ઉં. વ. ૫૭) તા. ૭-૩-૨૬નાં દેશમાં હાર્ટ એટેકથી અવસાન પામેલ છે. ભચીબાઇ કેશવજીના પુત્ર. રસીલાના પતિ. પરેશ, કોમલના પિતા. વસંત, પ્રફુલના ભાઇ. વિઢ હાલે લાયજાના સાકરબેન શામજી વીરજી ગોસરના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. એડ્રેસ : પરેશ ઉદય ગડા, વરંડી મોટી, તાલુકો અબડાસા-૩૭૦૪૯૦.

કુંદરોડીના હસમુખ મેઘજી છેડા (ઉં.વ.૭૩) તા.૮-૩-૨૬ના અવસાન પામેલ છે. પાંચીબાઈ (રાણબાઈ) પાસુ મુરજીના પૌત્ર. માકબાઈ મેઘજીના પુત્ર. નિર્મળાના પતિ. ચિંતન, કેયુરના પિતા. હરીલાલ, ગિરીશ, હરીશ, મુકેશ, લાખાપર જવેર નેમજી, ભાનુમતી પ્રેમજી, ભુજપુર કોકીલા કેશવજી, ભોરારા કુસુમ નાનજી, સમાઘોઘા વનિતા ધીરજલાલ, ગુંદાલા પુષ્પા જયંતીના ભાઈ. તેજબાઈ વેરશી ના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ.હસમુખ છેડા, બી/૭૦૨ સિદ્ધિ એન્કલેવ સોસાયટી, નંદા પાટકર રોડ, વિલેપાર્લે (ઈ), મું - ૫૭.

## પારસી મરણ

પરવેઝ ખુશરુ ઇરાની તે મરહુમ બાનુના ધની. તે ગુવર ખુશરુ ઇરાનીના દીકરા. તે પીઇકીના પપા. તે અદીલના સસરા. તે ટિયારા ને અરમાનના મમાવા. (ઉં. વ. ૮૮) રે. ઠે. બિલ્ડિંગ નં.૩,નીયમત મંઝીલ, બીજે માળે, નસરવાનજી પીટીટ સ્ટ્રીટ, ગ્રાન્ટ રોડ, મુંબઇ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૦-૩-૨૬ના દીને બપોરે ૩.૪૫ વાગે બેહરામ બાગ અગિયારીમાં છેજી.

રોશન માનેક મોટાવરા તે મરહુમ માનેક પીરોશા મોટાવરાના ધણીયાની. તે મરહુમો ટેમીના અને પેસ્તનજી પીરોશા દવીએરવાલાના બેટી. તે મરહુમો નરીમાન અને મીનું પેસ્તનજી દવીએરવાલાના બહેન. તે મરહુમ ડોકટર પરવીન મીનુ દવીએરવાલાના નણંદ. તે મરહુમો બચામાય અને પીરોશા માનેકજી મોટાવરાના વહુ. મરહુમ સામ પીરોશા મોટાવરાના ભાભી. (ઉં. વ. ૯૦) લંડન મધે તા. ૧-૩-૨૬ રોજ બહેસ્તનશીન થયા છે.

અસપી સોરાબ ખમબાતા તે મરહુમ રોશનના ધની. તે મરહુમો આલામાય સોરાબજી ખમબાતાના દીકરા. તે ઝરીર, રોહીન્ટન, ફરોખના પપા. તે મોનાઝ ને દીલશાદના સસરા. તે મરહુમો રુસ્તમ, જીમી ને બાનુ ધનજીશાના ભાઇ. તે હુશાનના બપાવાજી. તે રોદા, શીરીન, મરહુમ પરવીનના મામા. તે ફરીદાના કાકા. તે મરહુમો ખોરશેદબાનુ ધનજીશા સીગનપોરીયાના જમાઇ. (ઉં. વ. ૯૫) રે. ઠે. નેસ બાગ એનકસી નં-૨, બીજે માળે, ફ્લેટ નં-૩, નાના ચોક, ગ્રાન્ટ રોડ, મુંબઇ-૪૦૦૦૦૪. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૧-૩-૨૬ને દીને બપોરે ૩.૪૦ વાગે સેથના અગિયારીમાં.

## હિન્દુ મરણ

**કોળી પટેલ**

ગામ અમલસાડ - વાસણ, હાલ મલાડ મંજુલાબેન બાબુભાઈ પટેલ (ઉં. વ. ૭૭) દેવલોક પામેલ છે. તે મનીષાબેન, રાકેશભાઈ, જયેશભાઈના માતુશ્રી. તે મહેન્દ્રભાઈ, પિંકીબેન અને ભાવિકાબેનના સાસુમા. તનીક્ષ, જીયા, ભાર્ગવી, ભવ્યના દાદી તે રુષભના નાનીમા. ૬ માર્ચ, ૨૦૨૬ના દેવલોક પામેલ છે. તેમનું બેસણું તા. ૧૨-૩-૨૦૨૬, ગુરુવાર, સમયઃ ૩ થી ૫, તેમના નિવાસસ્થાને. પુષ્પાણીઃ- ૧૭-૩-૨૦૨૬, સમય ૩ થી ૪. રૂમ નં. ૧૦, બાબુરાવ વાંગે ચાલ, તાનાજી નગર, શિવસમ્રાટ જીમખાના પાસે, કુરાર વિલેજ, મલાડ (ઈસ્ટ). લૌકિક પ્રથા રાખેલ નથી.

**કચ્છી લોહાણા**

સ્વ. નર્મદાબેન નરશી વાલજી દાવડાના પૌત્ર. સ્વ. માલતીબેન મુલરાજ દાવડાના પુત્ર દિલીપભાઇ (ઉં. વ. ૫૪) કચ્છ ગામ નખત્રાણા હાલ મુલુંડ તા. ૮-૩-૨૬ના રવિવારે શ્રીરામશરણ પામેલ છે. તે રાજેશભાઇ, સ્વ. અતુલભાઇ, નીતીનભાઇ તથા પરાગભાઇના ભાઇ. સ્વ. સાકરબાઇ મુલજી પારપિયાના દોહિત્રા. પ્રિયા પરાગ દાવડા અને જયોતી નીતીન દાવડાના જેઠ. હસ્તી, સુભમ, હની, આધ્યાના કાકા. લૌકિક વ્યવહાર બંધ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી. ઠે. પરાગ મુલરાજ દાવડા, ૭૨/૩, વોર્ડ નં. ૧૦, ટાકલે નિવાસ એલ. એમ. રોડ, ચુનાભઠ્ઠી પોલીસ સ્ટેશનની બાજુમાં, ચુનાભઠ્ઠી (ઇસ્ટ).

**નવગામ વિસાનાગર વણીક સમાજ**

વસઇ (ડાભલા) હાલ વડોદરા અ. સૌ. રશ્મીબેન નીતીનકુમાર શાહ (ઉં. વ. ૭૨) તા. ૭-૩-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. નીતીનકુમાર ચંદુલાલ શાહના પત્ની. ભાવીન-જીનલના માતુશ્રી. નીમા-રોનકકુમારના સાસુ. ગં. સ્વ. શાંતાબેન ચંદુલાલ શાહના પુત્રવધુ. નરેન્દ્રભાઇ, હર્ષદભાઇ, બંકીમભાઇ, સ્વ. નીખીલભાઇ, અ. સૌ. વર્ષાબેન રાજેશકુમારના ભાભી. પિયરપક્ષે સ્વ. સૂર્યાબેન નવનીતલાલ શાહના દીકરી.

**ચોરવાડ ગિરીનારાયણ બ્રાહ્મણ**

સ્વ. નિર્મળાબેન હીરાલાલ જોષીના પુત્ર તરુણભાઇના ધર્મપત્ની અ. સૌ. ઉમાબેન (ઉં. વ. ૬૭) તા. ૬-૩-૨૬ના રોજ બોરીવલી મુકામે શ્રીજીચરણ પામ્યા છે. તે ધવલના માતુશ્રી. અ. સૌ. શ્વેતાના સાસુ. શુદ્ધિના દાદી. સ્વ. શાંતાબેન યશવંતભાઇ ભટ્ટના પુત્રી. સ્વ. કુસુમબેન અને લાલજીભાઇ સર કતીરાના વેવાણ. લૌકિક વ્યવહાર બંધ છે.

**ચરોતર રૂખી સમાજ**

ગામ જેસરવાળાના સુપુત્રી હાલ મુંબઇ (અંધેરી) રંજન નગીન સોલંકી (ઉં. વ. ૭૩) તા. ૫-૩-૨૬ના ગુરુવારે દેવલોક પામ્યા છે. જે નગીનભાઇના પત્ની. ટીના, કૌશિક, સુમતી, તૃપ્તી, ખ્યાતી, સોની, બોનોના મમ્મી. ભારતી-મોનાક્ષીના બેન. પ્રતિકના ફોઇ. મિલિંદ, બોબી, વિરલ, વિવેક, મોહીતના સાસુમા. મોક્ષાના દાદી. સુતક સુવાળા તા. ૧૧-૩-૨૬ બુધવારના તેમના નિવાસ સ્થાને સાંજે ૪થી ૫.૩૦ તથા પ્રાર્થનાસભા તા. ૧૧-૩-૨૬ના સાંજે ૬થી ૮. ઠે. જોશી જાગીર હોલ, સહાર રોડ, પારસી વાડા, ચકાલા અંધેરી (ઇસ્ટ).

**આજક ગિરિનારાયણ બ્રાહ્મણ**

આજક નિવાસી (હાલ બોરીવલી) સ્વ. બીપીનચંદ્ર ગિરધરલાલ પુરોહિત (ઉં.વ. ૮૨) સોમવાર, તા. ૯-૩-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. સરસ્વતી ગિરધરલાલના પુત્ર. તે પ્રવીણ ધનસુખલાલ જોષીના જમાઇ. તે ગં. સ્વ. કાશ્મીરાબેનના પતિ. તે કિન્નરી, મીનળના પિતાશ્રી. તે કુંતલકુમારના સસરા. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**દશા મોઢ માંડલિયા વણિક**

વેરાવળ નિવાસી હાલ બોરીવલી, સ્વ. પુષપાબહેન ચંદ્રકાંત શાહના સુપત્ર હરેશભાઈ (ઉં. વ. ૬૪) શુક્રવારે તા. ૬-૩-૨૬નાં રોજ અવસાન થયેલ છે. તે નીલમના પતિ. વિધિના પિતા. સ્વ. ભરતભાઈ, શૈલેષભાઈ, નીતાબેન, નયનાબેન, પન્નાબેન કિરીટભાઈ સોલંકી, ચેતનાબેન મુકેશભાઈ દેસાઈના ભાઈ. નગીનદાસ જુગલદાસ શાહ બરહાનપુરવાલા હાલ કાંદિવલીના જમાઈ, કરણ, દિશા-મીહીર, ખુશ્બુ-પારીન, દીવજ, કબીરના કાકા. લૌકિક વહેવાર બંધ છે.

| | | |
|---|---|---|
| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |

ઉનાળાની શરૂઆતમાં જ આગ ઓકતી ગરમી

# એક અઠવાડિયામાં મુંબઈ, થાણે, પાલઘર માટે બીજું યલો અલર્ટ

## રાજ્યમાં અકોલા ૪૦.૪ ડિગ્રી સાથે સૌથી ગરમ: મુંબઈમાં સૌથી વધુ ગરમી રામ મંદિરમાં નોંધાઈ: ૧૮ જિલ્લા માટે અલર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: એક અઠવાડિયામાં બીજી વખત, ભારતીય હવામાન વિભાગ (આઈએમડી) એ મુંબઈ, થાણે, પાલઘર, રાયગઢ અને રત્નાગિરી જિલ્લાઓ માટે ગરમીનું યલો અલર્ટ જારી કર્યું છે, જે ૯ માર્ચથી ૧૧ માર્ચ સુધીના સમયગાળા માટે આપવામાં આવ્યું છે. સૌથી મહત્ત્વની વાત એ છે કે આ હીટ વેવની ચેતવણી મહારાષ્ટ્રના ૧૮ જિલ્લા માટે આપવામાં આવી છે.

સતત બે દિવસ સુધી મહત્તમ (દિવસ) તાપમાન ૩૭ ડિગ્રી સેલ્સિયસથી વધુ થાય ત્યારે આવી રીતે હીટ વેવની ચેતવણી જારી કરવામાં આવે છે.

વેધશાળા દ્વારા આપવામાં આવેલી ચેતવણીમાં જાલના અને આકોલા જિલ્લા માટે ત્રણેય દિવસ યલો અલર્ટની ચેતવણી આપવામાં આવી છે, જ્યારે મુંબઈ, થાણે, પાલઘર, રાયગઢ, રત્નાગિરિ, જળગાંવ, સંભાજીનગર અને અમરાવતી માટે નવમી અને દસમી માટે યલો અલર્ટ જાહેર કરવામાં આવ્યું છે, જ્યારે પરભણી અને વર્ધા જિલ્લામાં દસમી અને અગિયારમી માર્ચે યલો અલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. રાજ્યના ધુળે, નંદુરબાર અને નાશિક જિલ્લા માટે ફક્ત નવમીના યલો અલર્ટ છે જ્યારે અહિલ્યાનગર અને બીડમાં દસમી માર્ચે અને હિંગોલીમાં ફક્ત અગિયારમી માર્ચે યલો અલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

રાજ્યમાં સોમવારે સૌથી વધુ (જુઓ પાનું ૪) ▶▶



**રાહત...:** હાલમાં મુંબઈ સહિત સંપૂર્ણ રાજ્યમાં ગરમીનું પ્રમાણ વધ્યું છે ત્યારે સોમવારે પણ હવામાન વિભાગ તરફથી યલો એલર્ટ જાહેર કરાયું હતું ગરમીથી રાહત મેળવવા દરિયામાં ડૂબકી લગાવતા બાળકો તસવીરમાં જોઈ શકાય છે. (અમય ખરાડે)

### ■ મુંબઈમાં તાપમાનની પરિસ્થિતિ

રવિવારે, મુંબઈના સાંતાક્રુઝ ખાતે આઈએમડીની વેધશાળામાં દિવસનું તાપમાન ૩૫.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે સામાન્ય કરતાં ૩.૪ ડિગ્રી વધારે હતું. સોમવારે સવારે, લઘુત્તમ તાપમાન ૨૧.૩ ડિગ્રી સેલ્સિયસ હતું, જે સામાન્ય કરતાં ૧.૨ ડિગ્રી વધારે છે. સોમવારે માટે મહત્તમ તાપમાન સાંજે ૫.૩૦ વાગ્યા પછી જાહેર કરવામાં આવેલા આંકડા મુજબ રામ મંદિરમાં ૪૨.૫, વિક્રોલીમાં ૪૧.૭, વિદ્યાવિહારમાં ૩૯.૩, દહિસરમાં ૩૯.૧, ચેમ્બુરમાં ૩૮.૯, બાંદ્રામાં ૩૭.૯ અને ભાયખલા ૩૬.૨ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું. આ વર્ષે પહેલી હીટ વેવની ચેતવણી ચોથી માર્ચે જારી કરવામાં આવી હતી, જ્યારે મુંબઈમાં દિવસનું તાપમાન ૩૮.૭ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે વર્ષનો સૌથી ગરમ દિવસ હતો. પાંચમી માર્ચે, દિવસનું તાપમાન ૩૮.૯ ડિગ્રી સેલ્સિયસ પર પહોંચ્યું હતું. બંને દિવસે, તાપમાન સામાન્ય કરતા ૫.૭ અને ૫.૯ ડિગ્રી વધારે હતું.

### ■ ગરમી કેમ વધી રહી છે?

વેધશાળાના અધિકારીઓએ જણાવ્યું હતું કે તાપમાનમાં વધારો એ એન્ટી-સાયક્લોનિક રચનાની અસર છે જેણે ગુજરાત પર એન્ટી-સાયક્લોનિક પરિભ્રમણ નિર્માણ કર્યું છે. એન્ટિસાયક્લોનિક પરિભ્રમણ એ મોટા પાયે, ઘડિયાળની દિશામાં (ઉત્તરી ગોળાર્ધમાં) અથવા ઘડિયાળની વિરુદ્ધ દિશામાં (દક્ષિણ ગોળાર્ધમાં) પવન પેટર્ન છે જે ઉચ્ચ વાતાવરણીય દબાણના મધ્ય પ્રદેશની આસપાસ ફરે છે. આ એક ઉચ્ચ દબાણ પ્રણાલી છે, જે હવાને બહારની તરફ વાળે છે અને શુષ્ક હવામાન જેવી સ્થિતિ તરફ દોરી જાય છે, નીચા દબાણની પ્રણાલીથી વિપરીત, જે વરસાદ અથવા ચક્રવાત તરફ દોરી જાય છે. 'સંક્રમણ સમયગાળા (જુઓ પાનું ૪) ▶▶

# નિયમ મુજબ સ્ટેમ્પ ડ્યુટી ભરો, નહીં તો એક લાખ સુધીનો દંડ ભરવો પડશે

મુંબઈ: હવે ઘર અથવા તો જમીન ખરીદીની નોંધણી કરાવતી વખતે ગ્રાહકોએ ખુબ કાળજી રાખવી પડશે. નોંધણી કરાવતી વખતે પ્રોપર્ટી માટે જે સ્ટેમ્પ ડ્યુટી નક્કી કરવામાં આવી હોય તે મુજબ ભરવી પડશે. સ્ટેમ્પ ડ્યુટીની રકમ ભરવામાં ભૂલ થઇ,ઓછી અથવા વધુ રકમ ભરી તો એક લાખ સુધીનો દંડ ફટકારવામાં આવશે.

રાજ્ય સરકારે દંડની રકમમાં ૨૦ ટકાનો વધારો કરવાનો પ્રસ્તાવ મુક્યો હોવાથી દંડની રકમ ૫૦૦૦ થી વધીને એક લાખ સુધી પહોંચી ગઈ છે. હાલમાં જ રાજ્યનું વર્ષ ૨૦૨૬-૨૭ નું બજેટ રજૂ કરવામાં આવ્યું હતું જેમાં દંડની રકમમાં વધારો કરવાનો પ્રસ્તાવ હતો જેથી આ નિર્ણયને ટૂંક સમયમાં અંતિમ સ્વરૂપ આપવામાં આવશે.

ઘર અથવા માલમત્તા ખરીદતી વખતે સરકાર પાસે તેની નોંધણી કરાવવી જરૂરી હોય છે. નોંધણી કરાવતી વખતે ઘરના એરિયા પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા નક્કી (જુઓ પાનું ૪) ▶▶

ટ્રાફિક અને પ્રદૂષણ નિયંત્રણમાં લાવવાનો પ્રયાસ

# ઓટોરિક્ષાની નવી પરમિટ આપવાનું બંધ કરાયું

મુંબઈ: રાજ્યમાં વધતી જતી ટ્રાફિક ભીડ અને પ્રદૂષણની સમસ્યાઓને નિયંત્રિત કરવા માટે રાજ્ય સરકારે ખૂબ જ મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. પરિવહનપ્રધાન પ્રતાપ સરનાઈકે જાહેરાત કરી છે કે નવ માર્ચથી સમગ્ર મહારાષ્ટ્રમાં નવી ઓટો રિક્ષા માટે પરમિટ આપવાનું સ્થગિત કરવામાં આવી રહ્યું છે. આ નિર્ણયથી રિક્ષા વ્યવસાયમાં ભારે હલચલ મચી ગઈ છે. સ્વરોજગાર અને ઓટો રિક્ષા લાઇસન્સ માટે અરજી કરનારાઓને આંચકો લાગ્યો છે.

કેન્દ્ર સરકારે સ્પષ્ટતા કરી છે કે સ્થાનિક પરિસ્થિતિઓના આધારે પાંચ લાખથી વધુ વસ્તી ધરાવતા શહેરોમાં ઓટો રિક્ષા લાઇસન્સ અંગે નિર્ણય લેવાનો અધિકાર રાજ્ય સરકારને છે. પરિવહન પ્રધાનના કેન્દ્ર સરકાર સાથેના પત્રવ્યવહાર બાદ, માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયે રાજ્ય સરકારને એક સત્તાવાર પત્ર દ્વારા 'મોટર વાહન અધિનિયમ ૨૦૧૯' હેઠળ તેમની પાસે આ અધિકાર હોવાની જાણ કરી છે.

આ સમયે પરિવહન પ્રધાને એક ગંભીર મુદ્દા તરફ ધ્યાન દોર્યું હતું. હાલમાં રાજ્યમાં લગભગ ૧૪ લાખ રિક્ષા લાઇસન્સ જારી કરવામાં આવ્યા છે. ઘણી જગ્યાએ એક જ ઘરમાં અનેક લાઇસન્સ જારી કરવામાં આવ્યા હોવાની ફરિયાદો મળી છે. માત્ર આટલું (જુઓ પાનું ૪) ▶▶

# અંબરનાથની કેમિકલ કંપનીમાં ભયાનક આગ

## કેમિકલને કારણે ધડાકા થતાં લોકોમાં ગભરાટ: ઊંચી ઊઠેલી આગની જ્વાળા દૂરથી નજરે પડતી હતી

થાણે: અંબરનાથ એમઆઈડીસીમાં આવેલી એક કેમિકલ કંપનીમાં ભયાનક આગ ફાટી નીકળતાં આસપાસની કંપનીઓ ખાલી કરાવવામાં આવી હતી. આગને કારણે કેમિકલનાં ડ્રમના ધડાકા સાંભળી લોકોમાં ગભરાટ ફેલાઈ ગયો હતો. લગભગ પાંચેક કિલોમીટર દૂર સુધી આગની જ્વાળા અને ધુમાડાના ગોટેગોટા નજરે પડતા હતા.

ફાયર બ્રિગેડના જણાવ્યા મુજબ અંબરનાથમાં આનંદનગર એમઆઈડીસીમાં આવેલી કેમિકલ કંપનીમાં સોમવારની સાંજે ૫.૪૫ વાગ્યાની આસપાસ અચાનક આગ (જુઓ પાનું ૪) ▶▶



થાણેમાં ગરમીના પ્રકોપ સામે પાલિકા એક્શન મોડમાં

# ટ્રાફિક સિગ્નલ પર જાળીદાર શેડ અને પાણીના પરબની વ્યવસ્થા

થાણે: થાણેમાં તાપમાન વધવાની સાથે થાણે મહાનગરપાલિકાએ તેનો સામનો કરવા માટે એક એક્શન પ્લાન અમલમાં મૂકવાનું શરૂ કર્યું છે. આ મુજબ, ગયા વર્ષની જેમ આ વર્ષે પણ સિગ્નલ પર રાહ જોઈ રહેલા વાહનચાલકોનો તડકાથી બચાવ થાય તે માટે જાળીદાર શેડ ઊભા કરવામાં આવશે. આ સાથે જ વિવિધ સ્વયંસેવી સંસ્થાઓના સહયોગથી શહેરના ૨૫ ભીડભાડવાળા સ્થળોએ કામચલાઉ પાણીના પરબ શરૂ કરવામાં આવશે. છેલ્લા કેટલાક વર્ષોમાં થાણેમાં તાપમાનમાં થયેલા નોંધપાત્ર વધારાને ધ્યાનમાં રાખી મહાનગરપાલિકાએ થાણેનો 'વ્યાપક હીટ એક્શન પ્લાન' તૈયાર કર્યો હતો. આ યોજના મહારાષ્ટ્ર સરકાર, થાણે મહાનગરપાલિકા અને 'કાઉન્સિલ ઓન એનર્જી, એન્વાયરમેન્ટ એન્ડ વોટર' જેવી સંસ્થાઓએ સંયુક્ત રીતે તૈયાર કરી હતી. છેલ્લા બે (જુઓ પાનું ૪) ▶▶



મુખ્ય પ્રધાને ટીમ ઈન્ડિયાને આપ્યા અભિનંદન

મુંબઈમાં યોજાશે ભવ્ય

# 'વિક્ટરી પરેડ'

મુંબઈ: અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાયેલી આઈસીસી ટી-૨૦ વર્લ્ડકપ ૨૦૨૬ની ફાઇનલમાં ટીમ ઈન્ડિયાએ શાનદાર જીત મેળવીને દેશભરમાં હોળી બાદ દિવાળી જેવો માહોલ સર્જી દીધો છે. આ બધા વચ્ચે મુંબઈમાં ટીમ ઈન્ડિયાની 'વિક્ટરી પરેડ' ક્યારે યોજાશે, તેને લઈને ચાહકોમાં ભારે ઉત્સુકતા હતી એનો જવાબ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે આપ્યો છે.

મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ટીમ ઈન્ડિયાને ઐતિહાસિક જિત માટે શુભેચ્છા પાઠવી હતી. આ સિવાય પ્રેસ કોન્ફરમાં મુંબઈમાં ટીમ ઈન્ડિયાની વિક્ટરી પરેડ ક્યારે યોજાશે એનો જવાબ પણ આપ્યો હતો. સીએમ ફડણવીસે જણાવ્યું હતું કે ટી-૨૦ વર્લ્ડકપ જિતેલા ટીમ ઈન્ડિયાના ખેલાડીઓના સ્વાગત માટે મુંબઈ સજ્જ થઈ રહ્યું છે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે વિક્ટરી પરેડ અંગે (જુઓ પાનું ૪) ▶▶

ઓલા, ઉબેર, રેપિડો કંપનીઓને મોટો ફટકો

# સરકારે રદ કર્યા કામચલાઉ લાઇસન્સ

મુંબઈ: મુંબઈ અને આસપાસના વિસ્તારોમાં વધતી જતી ગેરકાયદેસર બાઇક ટેક્સી સેવાઓને ધ્યાનમાં રાખીને, રાજ્ય સરકારે કડક કાર્યવાહીની ચેતવણી આપી છે અને નિયમોનું ઉલ્લંઘન કરતી કંપનીઓ સામે કેસ નોંધવામાં આવ્યા છે. ઉપરાંત પરિવહન પ્રધાને વિધાનસભામાં જાહેરાત કરી છે કે સંબંધિત કંપનીઓના કામચલાઉ લાઇસન્સ રદ કરવામાં આવ્યા છે. તેથી આ કંપનીઓની સેવાઓ હવે ઉપલબ્ધ રહેશે નહીં.

વિધાન પરિષદમાં નિયમ ૯૩ હેઠળ સભ્ય સુનિલ શિંદેએ રજૂ કરેલા સૂચનનો જવાબ આપતા, પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈકે જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારની મોટર વાહન એગ્રીગેટર માર્ગદર્શિકા ૨૦૨૦ મુજબ, મહારાષ્ટ્રમાં ઈ-બાઈક (ટુ-વ્હિલર) ટેક્સી માટે એક અલગ નીતિ તૈયાર કરવામાં આવી છે. આ નીતિને રાજ્ય પ્રધાન મંડળ દ્વારા ૭ ઓગસ્ટ, (જુઓ પાનું ૪) ▶▶

# ધાર્મિક કાર્યક્રમ, રાજકીય સભા, અન્ય સ્થળોએ ગિરદીનો લાભ લઈ મોબાઈલ ચોરનારા પકડાયા

## ફડણવીસની શપથવિધિ કાર્યક્રમમાં પણ મોબાઈલ તફડાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)


મુંબઈ: ધાર્મિક કાર્યક્રમ, રાજકીય સભા તેમ જ અન્ય સ્થળોએ ગિરદીનો લાભ લઇને મોબાઇલ ચોરનારી આંતરરાજ્ય ટોળકીના છ સભ્યને જે. જે. માર્ગ પોલીસે પકડી પાડ્યા હતા. આરોપીઓની ધરપકડ કરી પોલીસે ૧૬ ગુના ઉકેલી કાઢ્યા હતા અને ચોરીના બાવન મોબાઇલ જપ્ત કર્યા હતા. આરોપીઓ મોબાઇલ ચોર્યા બાદ પોતાના સાથીદારો મારફત તેને નેપાળ અને બાંગ્લાદેશમાં વેચી મારતા હોવાનું તપાસમાં જણાયું હતું. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની શપથ વિધિ કાર્યક્રમમાં પણ મોબાઈલ તફડાવ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

જે.જે. માર્ગ પોલીસે ધરપકડ કરેલા આરોપીઓની ઓળખ સાકીબ અશફાક ખાન, સરતાજ શેખ, આમીર આબિદ ખાન, ઇસ્તિયાક સાદિક ખાન, ગોહર ગુલામ જિલાની અને અફઝલ ઉસ્માન નાઇ તરીકે થઇ હતી. પાંચ આરોપીઓ મૂળ ઉત્તર પ્રદેશના વતની છે, જ્યારે ઇસ્તિયાક ખાન થાણે જિલ્લાના કૌસાનો રહેવાસી છે.

જે.જે. માર્ગ વિસ્તારમાં રહેતો અબ્દુલ રહેમાન સૈયદ (૨૧) રમજાન મહિનો ચાલી રહ્યો હોવાથી ૨૬ ફેબ્રુઆરીએ ખરીદી કરવા ગયો ત્યારે તેનો મોબાઇલ ચોરાયો હતો. આથી તેણે પોલીસમાં ફરિયાદ નોંધાવતાં ગુનો દાખલ કરાયો હતો. તપાસ દરમિયાન પોલીસ ટીમે મળેલી માહિતીને આધારે નળ બજાર વિસ્તાર તથા અન્ય ગિરદીના સ્થળે સતત ત્રણ દિવસ સાદાવેશમાં છટકું ગોઠવ્યું હતું અને શકમંદને તાબામાં લીધો હતો. તેની પૂછપરછમાં છ જણની ટોળકી વિશે પોલીસને જાણવા મળ્યું હતું, એમ અધિકારીએ જણાવ્યું હતું.

દરમિયાન આ ટોળકીના સભ્યો (જુઓ પાનું ૪) ▶▶

અંક પ્રગટ થઈ ચૂક્યો છે




# વિધાનસભાનું પદ જાળવી રાખવા શિંદે સમક્ષ ખોળો પાથરવા ઉદ્ધવને સલાહ

મુંબઈ: હાલમાં રાજ્યમાં વિધાન પરિષદની બેઠકના મુદ્દે જોરદાર ચર્ચા ચાલી રહી છે. શિવસેના ઠાકરે જૂથના નેતા ઉદ્ધવ ઠાકરેનો વિધાન પરિષદમાં કાર્યકાળ ૧૩ મેએ પૂરો થઈ રહ્યો છે. આ પરિસ્થિતિમાં તેઓ ફરીથી વિધાન સભ્ય બનશે કે નહીં તે અંગે વિવિધ તર્ક - વિતર્ક ચાલી રહ્યા છે. અધૂરામાં પૂરું ઠાકરે જૂથ ઉદ્ધવ ઠાકરેને ફરીથી ઉમેદવારી આપવાની માગ કરી રહ્યું છે. હવે શિવસેના શિંદે જૂથના સંસદ સભ્ય નરેશ મ્હસ્કેએ ઉદ્ધવ ઠાકરેના વિધાન પરિષદ સભ્યપદના મુદ્દા પર નિશાન તાક્યું છે.

નરેશ મ્હસ્કેએ તાજેતરમાં ઉદ્ધવ ઠાકરેના વિધાનસભા સભ્યપદ પર ટિપ્પણી કરી હતી. દિલ્હીમાં રજૂઆત કરવાને બદલે ઉદ્ધવ ઠાકરે જો ફોન કરશે તો ઉદાર દિલના શિંદે બધું છોડી તમારી પડખે ઊભા રહેશે એવી સલાહ નરેશ મ્હસ્કેએ આપી છે.

નરેશ મ્હસ્કેએ રાજ્યસભાની ચૂંટણી અંગે પણ ટિપ્પણી કરી હતી. રાજ્યસભાની ચૂંટણીમાં ઉદ્ધવ ઠાકરે પક્ષના વિધાનસભ્યો વિભાજીત થશે એવી શંકા હોવાથી તેમણે પોતાનો ઉમેદવાર ઊભો નહોતો રાખ્યો. જો તેમણે ઉમેદવાર ઊભો રાખ્યો હોત તો એ ચૂંટાઈ આવ્યો નહોત એવો દાવો મ્હસ્કેએ કર્યો હતો.

દરમિયાન મે ૨૦૨૬માં વિધાન પરિષદમાં ૯ બેઠક ખાલી થઈ રહી છે. જોકે વિધાનસભાની વર્તમાન સંખ્યા અનુસાર મહા વિકાસ આઘાડીને ૯ માંથી ફક્ત એક જ બેઠક મળવાની શક્યતા છે. આવી સ્થિતિમાં ઠાકરે જૂથ આ એકમાત્ર બેઠક ઉદ્ધવ ઠાકરેને આપવાનો આગ્રહ રાખી રહ્યું છે. હવે ઉદ્ધવ ઠાકરેનું ભાવિ તેના પર નિર્ભર રહેશે કે શરદ પવારની એનસીપી અને કોંગ્રેસ આ બેઠક માટે શું વલણ અપનાવે છે અને મત વિભાજન ટાળવા માટે શું સમાધાન કરવામાં આવે છે. ■

# બીએમસીમાં રેલિંગ માટેનું ૩૮૫ કરોડનું કૌભાંડ: ભાજપની શંકા બાદ ટેન્ડર રદ

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકામાં ટેન્ડર અને કૌભાંડોનો સિલસિલો અટકવાનું નામ નથી લઈ રહ્યો. પાલિકામાં પ્રશાસક હતા ત્યારે મુંબઈ મહાનગરપાલિકાના કેટલાક ટેન્ડરો સામે વાંધો ઉઠાવવામાં આવ્યો હતો. શિવસેના ઠાકરે જૂથે કૌભાંડ થયું હોવાનો આરોપ કર્યો હતો. હવે વહીવટીતંત્રને મુંબઈમાં ફૂટપાથ પર રેલિંગ બેસાડવા માટે ૩૮૫ કરોડ રૂપિયાના ટેન્ડરને થોડા કલાકોમાં જ રદ કરી શરમજનક પરિસ્થિતિમાં મુકાવું પડ્યું છે. ભાજપના મુંબઈ પ્રમુખ અમિત સાટમે આ ટેન્ડરમાં મોટા ભ્રષ્ટાચારની શંકા વ્યક્ત કર્યા પછી કમિશનર ભૂષણ ગગરાણીએ તાત્કાલિક ટેન્ડર રદ કરી દીધું છે.ગયા શુક્રવારે મહાપાલિકાના કેન્દ્રીય પ્રાપ્તિ વિભાગે મુંબઈમાં ફૂટપાથ પર રેલિંગ બેસાડવા ૩૮૫ કરોડ રૂપિયાનું ટેન્ડર બહાર પાડ્યું હતું. વિધાનસભ્ય અમિત સાટમે (જુઓ પાનું ૪) ▶▶

# માર્ગ અકસ્માતને કારણે ૫૮ બસ ડ્રાઈવર બરતરફ: શિંદે

મુંબઈ: મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ સોમવારે વિધાન પરિષદમાં જણાવ્યું હતું કે ૨૦૨૨ થી ૨૦૨૪ દરમિયાન માર્ગ અકસ્માતને કારણે પાલિકા સંચાલિત પરિવહન ઉપક્રમ 'બેસ્ટ' અને સર્વિસ કોન્ટ્રાક્ટર કંપનીના કુલ ૫૮ ડ્રાઇવરોને નોકરીમાંથી કાઢી મૂકવામાં આવ્યા હતા. એક પ્રશ્નના લેખિત જવાબમાં શિંદેએ જણાવ્યું હતું કે અકસ્માતોને કારણે ૬૦૩ ડ્રાઇવરોને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. વધુ જાણકારી આપતા શિંદેએ ઉમેર્યું હતું કે અકસ્માતો અટકાવવા માટે બેસ્ટ ઉપક્રમે ઇલેક્ટ્રિક બસ ડ્રાઇવરો માટે અદ્યતન તાલીમનો સમયગાળો લંબાવ્યો છે. વધુમાં ૨૦૦ ડ્રાઇવરોએ બસ ડ્રાઇવિંગ સિમ્યુલેટર સિસ્ટમ પર વ્યવહારુ તાલીમ મેળવી છે.

## સ્પીકર સામે અવિશ્વાસની દરખાસ્ત હાથ ન ધરાઈ

નવી દિલ્હીઃ વિરોધ પક્ષના સભ્યોએ પશ્ચિમ એશિયાની પરિસ્થિતિ પર ચર્ચા કરવાની માગણીના સમર્થનમાં હોબાળો મચાવતા લોકસભાને વારંવાર મોકૂફ કરવામાં આવી હતી અને આને લીધે સ્પીકર ઓમ બિરલા સામેની અવિશ્વાસની દરખાસ્ત હાથ ધરાઈ નહોતી. સરકાર અને લોકસભાના અધ્યક્ષે વિરોધ પક્ષ પર ગૃહની કાર્યવાહીને બાનમાં રાખવાનો આક્ષેપ કર્યો હતો.

ગૃહ બપોરે ત્રણ વાગ્યે આખા દિવસ માટે મોકૂફ રાખવામાં આવ્યું હતું. વિરોધ પક્ષના સભ્યોએ અવિરત હોબાળો મચાવ્યો હતો. વિરોધ પક્ષના સભ્યોએ સૂત્રોચ્ચાર કર્યો હતો. જગદંબિકા પાલ અધ્યક્ષસ્થાને હતા. તેમણે સભ્યોને બિરલા સામેની અવિશ્વાસની દરખાસ્ત હાથ ધરી શકાય એ માટે શાંતિ રાખવાનું કહ્યું હતું. પાલે વિરોધ પક્ષોને યાદ અપાવી હતી કે ગૃહના એજન્ડામાં સ્પીકર સામેની અવિશ્વાસની દરખાસ્ત છે આથી પશ્ચિમ એશિયાની પરિસ્થિતિ પરની સભામોકૂફી દરખાસ્ત સ્વીકારી ન શકાય. તેમણે વિરોધ પક્ષ પર કરદાતાના નાણાં વેડફવાનો આક્ષેપ કર્યો હતો. દરરોજ સંસદ પાછળ નવ કરોડ રૂપિયાનો ખર્ચ થાય છે. (એજન્સી) ■

# ઈરાનના ત્રણ જહાજને ભારતીય પોર્ટ પર ડોકિંગની અપાઈ મંજૂરી

નવી દિલ્હી : અમેરિકા-ઈરાન વચ્ચે વધતા જતા યુદ્ધ વચ્ચે ભારતે તાજેતરમાં એક મોટું પગલું ભર્યું છે. ભારતના વિદેશ પ્રધાન એસ. જયશંકરે રાજ્યસભામાં જાણકારી આપી હતી કે ઈરાને ૨૮ ફેબ્રુઆરીએ તેના ત્રણ જહાજને ભારતીય બંદરો પર ડોકિંગ (લાંગરવું) કરવાની મંજૂરી માગી હતી અને ભારતે કોઈ પણ જાતના વિલંબ કર્યા વિના ૧ માર્ચે મંજૂરી આપી હતી.

જયશંકરે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે આ સમગ્ર સંકટમાં ભારતની પ્રાથમિકતા તેનું રાષ્ટ્રીય હિત, ઊર્જાનો સતત પુરવઠો અને પશ્ચિમ એશિયામાં રહેતા એક કરોડ ભારતીયોની સલામતી છે. ભારતે શરૂઆતથી જ આ ક્ષેત્રમાં પરિસ્થિતિને વધુ વણસતી અટકાવવા માટે સતત વાતચીત, શાંતિ અને સંયમની અપીલ કરી છે.

ભારતના વિદેશ પ્રધાન એસ. જયશંકરે રાજ્યસભામાં જણાવ્યું હતું કે ઈરાને તેના યુદ્ધ જહાજ આઈઆરઆઈએસ લાવનને કોચી પોર્ટ પર ડોકિંગ કરવાની મંજૂરી આપવા બદલ ભારતનો આભાર માન્યો છે. ઈરાને ભારતના નિર્ણયને માનવતાવાદી પગલું ગણાવ્યું હતું. નોંધનીય છે કે ગયા અઠવાડિયે અમેરિકા દ્વારા ઈરાની યુદ્ધ જહાજ પર હુમલો કરીને હિંદ મહાસાગર ક્ષેત્રમાં ડૂબાડી દેવામાં આવ્યું હતું. સંસદમાં એક નિવેદનમાં જયશંકરે જણાવ્યું હતું કે એક ઈરાની જહાજ આઈઆરઆઈએસ લાવન ૪ માર્ચે કોચી પહોંચ્યું હતું અને તેના ક્રૂ સભ્યો હાલમાં ભારતીય નૌકાદળ સુવિધાઓમાં રહે છે.

જયશંકરે કહ્યું હતું કે અમારું માનવું છે કે આ યોગ્ય કામ હતું. ઈરાની વિદેશ મંત્રીએ આ માનવીય કામ બદલ આપણા દેશનો આભાર વ્યક્ત કર્યો છે. ત્રણ યુદ્ધ જહાજોમાંથી એક આઈઆરઆઈએસ દેના હતું જેને ૪ માર્ચે અમેરિકન સબમરીન દ્વારા ટોર્પિડોથી ઉડાવી દેવામાં આવ્યું હતું. જેના કારણે પશ્ચિમ એશિયાનો તણાવ હિંદ મહાસાગર ક્ષેત્રમાં ફેલાય તેવી ચિંતાઓ ઊભી થઈ હતી.

ભારત દ્વારા આયોજિત મિલાન બહુપક્ષીય નૌકાદળ કવાયત તેમજ આંતરરાષ્ટ્રીય ફ્લીટ રિવ્યૂમાં ભાગ લીધા પછી યુદ્ધ જહાજ ઘરે પરત ફરી રહ્યું હતું. આ હુમલામાં ઓછામાં ઓછા ૮૭ ઈરાની ખલાસીઓ માર્યા ગયા હતા.

જયશંકરે એમ પણ કહ્યું કે સરકાર દેશની ઊર્જા સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે. સરકાર ઊર્જા બજારોની ઉપલબ્ધતા, ખર્ચ અને જોખમોને ધ્યાનમાં રાખીને તે સંપૂર્ણપણે સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છે. અમારા માટે ભારતીય ગ્રાહકનું હિત હંમેશાં પ્રાથમિકતા રહ્યું છે અને રહેશે. જયશંકરે કહ્યું કે એક કરોડ ભારતીય નાગરિકો ગલ્ફ દેશોમાં રહે છે અને કામ કરે છે. ઈરાનમાં પણ થોડા હજાર ભારતીયો અભ્યાસ અને રોજગાર માટે ત્યાં રહે છે. આ પ્રદેશ આપણી ઊર્જા સુરક્ષા માટે ચાવીરૂપ છે અને તેમાં તેલ અને ગેસના ઘણા મહત્ત્વપૂર્ણ સપ્લાયર્સનો સમાવેશ થાય છે. ■

## પેટ્રોલ-ડીઝલના ભાવ તાત્કાલિક નહીં વધે

નવી દિલ્હી : આંતરરાષ્ટ્રીય બજારમાં ખનીજ તેલના ભાવ બેરલદીઠ ૧૦૦ અમેરિકન ડૉલરને વટાવી ગયા હોવા છતાં પેટ્રોલ અને ડીઝલના ભાવ તાત્કાલિક નહીં વધે, એવી માહિતી સરકારી સૂત્રોએ આપી હતી. સત્તાવાળાઓએ ઈંધણનો પુરવઠો સતત જાળવી રાખવાના પ્રયાસો વેગવંતા બનાવ્યા છે.

વેસ્ટ એશિયાની લડાઈ દસમા દિવસમાં પ્રવેશી ત્યારે વિશ્વમાં તેલના ભાવમાં ઉછાળો આવ્યો છે. આંતરરાષ્ટ્રીય ધોરણનું બ્રેન્ટ ક્રૂડ ઑઈલના ભાવ એક બેરલના ૧૨૦ ડૉલર થયા છે. યુદ્ધ શરૂ થયા બાદ તેલના ભાવમાં ૬૫ ટકા વધ્યા છે.

સરકારી સૂત્રોનાં જણાવ્યા પ્રમાણે સરકાર તેલની વૈશ્વિક બજાર પર નજર રાખી રહી છે. જોકે તે રિટેલ પ્રાઈઝ હાલમાં વધારવા માગતી નથી. તેલની કંપની તાત્પુરતો ભાવનો વધારો સહન કરશે.

દેશ પાસે કાચો માલ (ખનીજ તેલ) અને ફિનિશ પ્રોડક્ટ (ઈંધણ)નો પૂરતો પુરવઠો છે જે છ-આઠ અઠવાડિયાં સુધી ચાલે એમ છે. એલપી જી ગૅસ બુક કરવાની નીતિમાં ફેરફાર કરાયો છે. હવે ૨૧ દિવસને બદલે ૨૫ દિવસ પછી બીજું સિલિન્ડર મળશે. (એજન્સી)■

## અખાતના યુદ્ધમાં નાટોની એન્ટ્રી

દુબઈઃ તુર્કીના સંરક્ષણ મંત્રાલયે માહિતી આપી હતી કે દેશના હવાઈ સીમામાં આવેલા બેલિસ્ટિક મિસાઈલને નાટોના સંરક્ષણે આંતરી લીધું હતું. ઈરાનના યુદ્ધ બાદ સોમવારે બીજા મિસાઈલને આંતરવામાં આવ્યું હતું. અમેરિકા અને ઈઝરાયલે ૨૮ ફેબ્રુઆરીએ ઈરાન પર હુમલો કર્યા બાદ ઈરાને પશ્ચિમ એશિયાના અનેક દેશોમાં મિસાઈલ અને ડ્રોન વડે હુમલા કર્યા છે.

દરમિયાન દુબઈના સંદેશાનુસાર અમેરિકાએ ખારા પાણીને મીઠા બનાવતા ઈરાનના પ્લાન્ટ પર હુમલો કરતાં ઈરાને જવાબમાં બાહરિનના આવા જ પ્લાન્ટને લક્ષ્ય બનાવ્યો હતો. બાહરિને ઈરાન પર આક્ષેપ કર્યો હતો કે ઈરાને રવિવારે ખારા પાણીને મીઠા બનાવતા પ્લાન્ટ પર હુમલો કર્યો હતો. આને લીધે નાગરિક માળખા પરના હુમલા યુદ્ધમાં વાજબી ગણાશે. ઈરાનના વિદેશ પ્રધાન અબ્બાસ અર્ઘાચીએ કહ્યું હતું કે કેશમ ટાપુમાં ખારા પાણીને મીઠા બનાવતા પ્લાન્ટ પર અમેરિકાએ હવાઈ હુમલો કર્યો હતો. અને આને લીધે ૩૦ ગામનો પાણી પુરવઠો બંધ થઈ ગયો હતો. અમેરિકાએ નવો દાખલો બેસાડ્યો છે અને ઈરાને તેનું અનુસરણ કર્યું હતું. ઈઝરાયલે શનિવારે મોડેથી ઈરાનની તેલની સુવિધા પર હુમલો કર્યો હતો. આને લીધે પર્યાવરણ સામે મોટું જોખમ ઊભું થયું છે. ઈરાનના હુમલાનો ભોગ બનેલા દેશોમાં આક્રોશ વધતો જાય છે. આરબ લીગના વડાએ ઈરાનની પડોશી પર હુમલા કરવાની 'બેજવાબદાર નીતિ'ની આલોચના કરી હતી. અખાતના દેશો પર સેંકડો ડ્રોન અને મિસાઈલ વડે હુમલો કરાયો છે. સઉદી અરેબિયામાં પહેલું મરણ થયું છે. લશ્કરી પ્રોજેકટાઈલ રહેણાંક વિસ્તારમાં પડતા એક ભારતીય અને એક બાંગ્લાદેશી નાગરિકનું મરણ થયું છે. બીજા ૧૨ બાંગ્લાદેશી ઘાયલ થયા છે. અખાતના દેશમાં યુદ્ધને લીધે થયેલી જાનહાનિમાં મોટા ભાગના વિદેશી રહેવાસી અને કામદારો છે. ઈરાનમાં યુદ્ધને લીધે ઓછામાં ઓછા ૧,૨૩૦ લોકો માર્યા ગયા છે. લેબેનોનમાં ૩૯૭ લોકો માર્યા ગયા છે. ઈઝરાયલમાં ઓછામાં ઓછા ૧૧ જણ માર્યા ગયા છે.

બીજી બાજુ ઈરાનના પ્રમુખ મસુદ પેઝેશકિયાને શનિવારે પડોશી દેશની માફી માગ્યા બાદ રવિવારે ફેરવી તોળ્યું હતું. (એજન્સી)■

## નેશનલ હેરાલ્ડ કેસઃ સોનિયા-રાહુલ વિરુદ્ધ ઈડીની અરજી પર ૨૦ એપ્રિલે સુનાવણી

નવી દિલ્હીઃ દિલ્હી હાઇ કોર્ટે સોમવારે નેશનલ હેરાલ્ડ સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં કૉંગ્રેસ નેતાઓ સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને અન્યો સામે ચાર્જશીટ પર સંજ્ઞાન લેવાનો ઇનકાર કરવાના ટ્રાયલ કોર્ટના આદેશને પડકારતી ઇડીની અરજીની સુનાવણી ૨૦ એપ્રિલ માટે મુલતવી રાખી છે.

ન્યાયાધીશ સ્વરણ કાંતા શર્માએ જણાવ્યું કે કોર્ટ આજે કેસની સુનાવણી કરી શકશે નહીં. ઇડી તરફથી હાજર રહેલા એડિશનલ સોલિસિટર જનરલ એસ. વી. રાજુએ કોર્ટને કેસમાં ટૂંકી તારીખ આપવા વિનંતી કરી હતી. ત્યારબાદ કોર્ટે કેસની સુનાવણી ૨૦ એપ્રિલ સુધી મુલતવી રાખી હતી.

૨૨ ડિસેમ્બરના રોજ હાઇ કોર્ટે ગાંધી પરિવાર અને અન્યોને મુખ્ય અરજી સાથે ઇડીની એ અરજી પર પણ નોટિસ જારી કરી હતી કે જેમાં ૧૬ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ ટ્રાયલ કોર્ટના આદેશ પર સ્ટે મૂકવાની માગ કરવામાં આવી હતી. આ આદેશમાં કહેવામાં આવ્યું હતું કે આ કેસમાં એજન્સીની ફરિયાદને ધ્યાનમાં લેવી કાયદાના હિસાબે ખોટું છે, કારણ કે તે એફઆઇઆર પર આધારિત નથી. હાઇ કોર્ટે ગાંધી પરિવાર ઉપરાંત ઇડીની અરજી પર સુમન દુબે, સામ પિત્રોડા, યંગ ઇન્ડિયન, ડોટેક્સ મર્ચેન્ડાઇઝ પ્રાઇવેટ લિમિટેડ અને સુનીલ ભંડારીને પણ નોટિસ ફટકારી હતી.

ઇડીએ સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી સાથે દિવંગત કૉંગ્રેસ નેતા મોતીલાલ વોરા અને ઓસ્કાર ફર્નાન્ડિઝ સાથે-સાથે સુમન દુબે, સામ પિત્રોડા અને એક ખાનગી કંપની, યંગ ઇન્ડિયન પર ષડયંત્ર અને મની લોન્ડરિંગનો આરોપ મૂક્યો છે. તેમણે નેશનલ હેરાલ્ડ અખબાર પ્રકાશિત કરતી એસોસિએટેડ જર્નલ્સ લિમિટેડ(એજેએલ)ની લગભગ ૨,૦૦૦ કરોડ રૂપિયાની મિલકતો ખરીદી હોવાનો આરોપ છે. ■

## બાહરિનમાં રહેતા ભારતના નાગરિકોને સતર્ક રહેવા સલાહ

દુબઈઃ ભારતે બાહરિનમાં રહેતા તેના નાગરિકોને સતર્ક રહેવા અને અત્યંત સાવધાની રાખવાની સલાહ આપી છે. તેમજ આ ક્ષેત્રની પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સ્થાનિક અધિકારીઓની સુરક્ષા ગાઇડલાઇન્સનું પાલન કરવાનું સોમવારે એક એડવાઇઝરી જારી કરીને જણાવ્યું હતું.

બાહરિનમાં ભારતીય દૂતાવાસે એક એડવાઇઝરીમાં જણાવ્યું કે ભારતીય નાગરિકોને બાહરિનમાં ભારતીય દૂતાવાસ અને સ્થાનિક અધિકારીઓ દ્વારા જારી કરવામાં આવેલ અપડેટ્સ અને એડવાઇઝરીનું પાલન કરવાની વિનંતી કરવામાં આવે છે. જેમાં બાહરિનમાં ભારતીય દૂતાવાસ રાબેતા મુજબ કાર્યરત હોવાનું પણ જણાવાયું છે. આ સલાહ અમેરિકા અને ઈરાન વચ્ચે તાજેતરના હુમલાઓ પછી આવી છે. ૨૮ ફેબ્રુઆરીના રોજ અમેરિકા અને ઇઝરાયલે ઈરાન પર સંયુક્ત હુમલો કર્યો હતો. જે યુએસ પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ દ્વારા તેહરાન પર તેના પરમાણુ કાર્યક્રમ પર નવા કરાર માટે દબાણ વધાર્યાના થોડા દિવસો પછી થયો હતો. તેમાં જણાવાયું છે કે આ ટ્રાન્ઝિટ સાઉદી અરેબિયા અને બાહરિન દ્વારા કરવામાં આવી રહ્યું છે. ફસાયેલા ભારતીય નાગરિકો, ખાસ કરીને પ્રવાસી અથવા શોર્ટ-ટર્મ વીઝા પર આવેલા લોકોને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. એડવાઇઝરીમાં કહેવામાં આવ્યું છે કે રિયાધમાં ભારતીય દૂતાવાસ સાઉદી સરકાર પાસેથી અલગ-અલગ ટ્રાન્ઝિટ વીઝા મંજૂરી મેળવી રહ્યું છે. તેથી હાલમાં બાહરિનમાં ભારતીય દૂતાવાસ દ્વારા રિયાધમાં ભારતીય દૂતાવાસને ટ્રાન્ઝિટ વીઝા વિનંતીઓ મોકલવામાં આવી રહી છે. ■

## કરૂર ભાગદોડ કેસમાં અભિનેતા વિજયની મુશ્કેલી વધીઃ સીબીઆઇએ સમન્સ પાઠવ્યો

નવી દિલ્હી : તમિલનાડુના કરૂરના થયેલા ભાગદોડ કેસમાં અભિનેતા અને ટીવીકેના વડા વિજયની મુશ્કેલીઓમાં વધારો થઇ રહ્યો છે. જેમાં સીબીઆઇએ ફરી એક વાર અભિનેતા વિજયને મંગળવારે પૂછપરછ માટે સમન્સ પાઠવ્યો છે. અભિનેતા વિજયની આ પૂર્વે ૧૨ અને ૧૯ જાન્યુઆરીએ પૂછપરછ કરવામાં આવી હતી. ૨૭ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ કરૂરમાં તેમની રેલી દરમિયાન થયેલી ભાગદોડમાં ૪૧ લોકો માર્યા ગયાં હતાં અને ૬૦ થી વધુ ઘાયલ થયા હતા. આ કેસની તપાસ સુપ્રીમ કોર્ટના આદેશ બાદ સીબીઆઇને સોંપવામાં આવી છે. સીબીઆઇ આ કેસમાં તમામ પુરાવા એકત્ર કરી રહી છે. જેના પરથી આ ઘટનાના કારણો અને તથ્યો જાણી શકાય. ગત વર્ષે ઓક્ટોબરમાં,

સુપ્રીમ કોર્ટે સીબીઆઈ ડિરેક્ટરને આ કેસની તપાસ માટે એક વરિષ્ઠ અધિકારીની નિમણૂક કરવાનો નિર્દેશ આપ્યો હતો. ■

---

# ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ખોતરણી | SKULL |
| ખોદકામ | HUT |
| ખોપરી | CAVITY |
| ખોબલો | DIGGING |
| ખોરડું | CHISLE |

### માતૃભાષાની મહેક

મન મિલે તો કરીએ મેલા, ચિત્ત મિલે હો રહીએ ચેલા, દાસ કબીરા યું કહે સાધુ, સબસે બડા જો રહે અકેલા. આ પંક્તિઓમાં જીવનની અનોખી ફિલસૂફી સુંદર રીતે વણાઈ ગઈ છે. મન માને એને રુચે ત્યાં મળવું અને ચિત્ત ચોંટે એ વ્યક્તિના શિષ્ય બનવું. જોકે, આ બધામાં શ્રેષ્ઠ છે એકલરામ બનીને ફરતા રહેવું.

### ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ EISOPTROPHOBIA અનુભવે છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) અગરબત્તી
બ) અત્તર
ક) અંધારું
ડ) અરીસો

### ઈર્શાદ

આટલા બધા સંબંધ છે એને કેમ કરીને રાખું ?
શબરીની જેમ એક પછી એક બોરને જાણે ચાખું ! -- જગદીશ જોશી

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ■ | ■ | ૪ | ૫ | | ૬ |
| | ■ | ૭ | | ૮ | ■ | ૯ | | ■ | |
| ૧૦ | | | ■ | | ■ | ૧૧ | | | ■ |
| | ■ | ■ | ૧૨ | | ૧૩ | ■ | | ■ | ૧૪ |
| ■ | ૧૫ | | ■ | ■ | ૧૬ | | ■ | ■ | |
| ૧૭ | ■ | ■ | ૧૮ | ૧૯ | ■ | ■ | ૨૦ | | ■ |
| | ■ | ૨૧ | ■ | ૨૨ | ૨૩ | | ■ | ■ | ૨૪ |
| ■ | ૨૫ | | ૨૬ | ■ | | ■ | ૨૭ | | |
| ૨૮ | ■ | ૨૯ | | ■ | ૩૦ | ૩૧ | | ■ | |
| ૩૨ | | | | ■ | ■ | ૩૩ | | | |

**આડી ચાવી**

૧. બહાદુર સ્ત્રી (૪)
૪. અનેક પ્રકારનું (૪)
૭. કેફી (૩)
૯. પીંડા કરતું વળગણ કે તેવું માણસ (૨)
૧૦. રીત, તરેહ (૩)
૧૧. કડવો હોયે --- પણ શિતળ તેની છાંય (૩)
૧૨. પૃથ્વી (૩)
૧૫. લાલો --- વગર ન લોટે (૨)
૧૬. ઘા, નારૂં (૨)
૧૮. --- લક્ષણ જાય (૨)
૨૦. માનાર્થે તમે (૨)
૨૨. જીભ (૩)
૨૫. ચાલાક, હોશિયાર (૩)
૨૭. દેશદ્રોહી, કૃતઘ્ની (૩)
૨૯. ભાવ, કિંમત (૨)
૩૦. નાળિયેરનું ભાંગેલું કોટલું (૩)
૩૨. પહોળા મોંની તાંબડી (૪)
૩૩. ચતુર, બુદ્ધિમાન (૪)

**ઊભી ચાવી**

૧. મહાવીર સ્વામી (૪)
૨. મૂર્ખ, બેવકૂફ (૩)
૩. ઘોષ, ધ્વનિ (૨)
૪. નાની લાડકી બાળકી (૩)
૫. લાડમાં પાડેલું નામ (૪)
૬. હડસેલો (૨)
૮. એક ભક્ત કવિ, જેનાં દુહા પ્રખ્યાત છે (૩)
૧૩. આકરૂં, સખત (૨)
૧૪. બોલે તેનાં --- વેચાય (૨)
૧૭. --- તો ચલતા ભલા (૨)
૧૯. મદદ, વહાર (૨)
૨૧. એક માને પેટે જન્મેલું, ભાઈ (૪)
૨૩. સળી, પીંછી (૩)
૨૪. આત્મરક્ષણ, પોતાનો બચાવ (૪)
૨૬. આશ્રય (૩)
૨૭. ગંદું (૩)
૨૮. કેરીનું વૃક્ષ (૨)
૩૧. તસવીર (૨)

**ગયા વખતનો ઉકેલ**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ઉ | ઠા | ૨ ઉ | ૩ ગી | ર | ■ | ૪ ગુ | જ | ૫ રા | ન |
| ચ્ચ | ■ | ૬ પ | ત | ■ | ૭ ભા | મા | ■ | હ | ■ |
| ■ | ૮ તો | ર | ■ | ૯ હ | વ | ન | ■ | ૧૦ ત | ત્વ |
| ૧૧ ખા | લ | ■ | ■ | ૧૨ રા | તું | ■ | ૧૩ ઈ | ■ | ■ |
| વિં | ■ | ૧૪ વિ | ■ | યુ | ■ | ૧૫ આ | ના | કા | ૧૬ ની |
| ૧૭ દ | ર | મા | યો | ■ | ૧૮ સ | ■ | મ | ■ | રો |
| ■ | ■ | ન | ■ | ૧૯ વા | ઘ | ■ | ■ | ૨૦ સં | ગી |
| ૨૧ વા | ૨૨ સ | ■ | ૨૩ ચા | વ | ળું | ■ | ૨૪ અં | ત | ■ |
| ■ | મા | ■ | ૨૫ ક | ડ | ■ | ૨૬ દા | દા | ■ | ૨૭ સ |
| ૨૮ બં | ધિ | યા | ર | ■ | ૨૯ સ | હ | જ | પ્રા | પ્ત |

### ઓળખાણ પડી?

પરંપરાગત પંજાબી લોક સંગીત, ભાંગડા સંગીત તેમજ ભક્તિ સંગીતમાં વગાડવામાં આવતા પંજાબી ધાતુવાદ્યની ઓળખાણ પડી



અ) ચિમટા
બ) ધાડ
ક) કરતાલ
ડ) તીનતારા

### ચતુર આપો જવાબ માથું ખંજવાળો

'પીઠી ચોળ્યે વરણ ન પાલટે' પંક્તિમાં 'વરણ' શબ્દનો અર્થ જણાવો.

અ) વાયુ બ) રમત ક) રંગ ડ) વરદાન

### માઈન્ડ ગેમ

આંકડામાં લખવામાં આવતી સંખ્યા રોમન નંબર્સમાં લખતી વખતે અંગ્રેજી અક્ષરનો ઉપયોગ થાય છે? DLX એટલે કઈ સંખ્યા?

અ) ૨૯૦ બ) ૩૪૦ ક) ૫૬૦ ડ) ૬૧૦

### સુડોકુ-૯૨૪૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૬ | ૫ | ૯ | ૩ | ૭ | | | |
| ૩ | | | ૪ | | | | | |
| | | | ૬ | | ૫ | | | ૯ |
| | ૭ | | ૩ | | | ૬ | | |
| | ૨ | | | | | | ૯ | |
| | | ૧ | | | ૮ | | ૩ | |
| ૪ | | | ૧ | | ૨ | | | |
| | | | | | ૬ | | | ૫ |
| | | | ૭ | ૯ | ૩ | ૨ | ૪ | ૬ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૨૩૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૬ | ૩ | ૯ | ૮ | ૫ | ૭ | ૨ | ૧ |
| ૧ | ૮ | ૭ | ૬ | ૨ | ૩ | ૫ | ૪ | ૯ |
| ૯ | ૫ | ૨ | ૭ | ૧ | ૪ | ૬ | ૮ | ૩ |
| ૩ | ૪ | ૮ | ૨ | ૫ | ૬ | ૯ | ૧ | ૭ |
| ૫ | ૭ | ૧ | ૩ | ૯ | ૮ | ૨ | ૬ | ૪ |
| ૨ | ૯ | ૬ | ૪ | ૭ | ૧ | ૮ | ૩ | ૫ |
| ૭ | ૩ | ૪ | ૫ | ૬ | ૨ | ૧ | ૯ | ૮ |
| ૮ | ૨ | ૯ | ૧ | ૪ | ૭ | ૩ | ૫ | ૬ |
| ૬ | ૧ | ૫ | ૮ | ૩ | ૯ | ૪ | ૭ | ૨ |

### ગયા મંગળવારના જવાબ

| A | B |
|---|---|
| ખોખું | BOX |
| ખોગીર | SADDLE |
| ખોજ | SEARCH |
| ખોટ | DEFICEIT |
| ખોડ | DEFECT |

**ગુજરાત મોરી મોરી રેઃ**
ધારદાર વસ્તુ

**ઓળખાણ પડી?**
આસામ

**માઈન્ડ ગેમ :**
121

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :**
ભેટ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) સુભાષ મોમાયા (૪) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૫) વિપીન શાહ (૬) નૂતન વિપીન શાહ (૭) નીતા દેસાઈ (૮) તાહેર ઔરંગાબાદવાલા (૯) શીરીન ઔરંગાબાદવાલા (૧૦) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) ભારતી બુચ (૧૩) હર્ષા મહેતા (૧૪) પુષ્પા પટેલ (૧૫) શ્રદ્ધા આશર (૧૬) લજિતા ખોના (૧૭) જ્યોતિ ખાંડવાલા (૧૮) મીનલ કાપડિયા (૧૯) કિરીટ છેડા (૨૦) ચેતના છેડા (૨૧) પ્રવીણ વોરા (૨૨) નિખિલ બંગાળી (૨૩) અમીશી બંગાળી (૨૪) મહેશ સંઘવી (૨૫) ભરત કજરિયા (૨૬) મનીષા શેઠ (૨૭) ફાલ્ગુની શેઠ (૨૮) અંજુ ટોલિયા (૨૯) અરવિંદ કામદાર (૩૦) ભાવના કર્વે (૩૧) વિણા સંપટ (૩૨) દેવેન્દ્ર સંપટ (૩૩) અલકા વાણી (૩૪) ડાયના સંતોકે (૩૫) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૭) પુષ્પા ખોના (૩૮) નયના ગિરીશ મિસ્ત્રી (૩૯) જ્યોત્સના ગાંધી (૪૦) ઈનાક્ષી દલાલ (૪૧) હિના દલાલ (૪૨) રમેશ દલાલ (૪૩) ડો. પ્રકાશ કટકિયા (૪૪) મહેશ દોશી (૪૫) પ્રતિમા પમાણી (૪૬) ધીરેન્દ્ર મુલરાજ

તન-મન-ધનથી રહો

# તરોતાજા

મારું પોતાનું અર્થતંત્ર

ગૌરવ મશરૂવાળા
feedback@bombaysamachar.com

## જો સારાં કર્મ કર્યાં હશે તો સંપત્તિ સામે ચાલીને આવશે

એક દિવસ મારી દીકરી સવારનું છાપું લઈને મારી પાસે દોડતી આવી. અખબારમાં એક જાહેરખબર હતી જે ભગવાને છપાવી હતી. મથાળું હતું. 'જોઈએ છે- એક માણસ જે મારા વતી સંપત્તિ વહેંચી શકે.' આગળ લખ્યું હતું. : 'લાયકાત - અપેક્ષા રાખ્યા વિના સારાં કર્મ કર્યાં હોવાં જોઈએ. સ્વભાવે શાંત અને સરળ, ચારિત્ર્યવાન અને નીતિમૂલ્યોમાં માનતો હોવો જોઈએ.' દીકરી જાણવા માગતી હતી કે ભગવાનને શા માટે આવી વિજ્ઞાપન આપવાની જરૂર પડી. લોકોમાં સંપત્તિ વહેંચવાનું કામ તેઓ જાતે કેમ કરતા નથી? અને સારો માણસ આ કામ કેવી રીતે કરી શકે?

ભગવાન પાસે અઢળક સંપત્તિ છે. એણે સુનિશ્ચિત કરવું પડે એની સંપત્તિ લાયક લોકો સુધી પહોંચે. દુનિયામાં ઘણા બધા લોકોને ખૂબ બધી વસ્તુઓ જોઈએ છે. ભગવાન એકલો આ કામ ન કરી શકે. તેથી એ બીજાઓની મદદ લે છે. સૌથી પહેલાં તો એ વિશ્વાસુ માણસોને સંપત્તિ આપે છે કે જેથી તેઓ જરૂરતમંદ લોકો સાથે તે શેર કરી શકે.

જેણે ભૂતકાળમાં કોઈ જ અપેક્ષા વિના પૂરી ઈમાનદારીથી સારાં કર્મો કર્યાં હશે એને સંપત્તિ મળશે. ભગવાન ઉપર બેઠોબેઠો આ બધાનું નિરીક્ષણ કરતો રહે છે. જો આ લોકો નિષ્ઠાપૂર્વક પોતાનું કામ કરતા રહેશે તો ભગવાન એમને સંપત્તિ આપતો રહે છે.

જો તેઓ સંપત્તિનો ઉપયોગ પોતાનો અહમ્ સંતોષવામાં, દેખાડો કરવામાં, બીજાઓને નીચા પાડવામાં કરે અને પૈસાના જોરે અન્યો સાથે ખરાબ વ્યવહાર કરે, તો ભગવાન ધીમેધીમે એમની પાસેથી સંપત્તિ પાછી લઈ લે છે.

ઉપરવાળો ધ્યાન રાખે છે કે માણસ સારાં કામ ભગવાનનાં નામે કરે છે કે પોતે જ જશ ખાટી જવાની કોશિશ કરે છે? જમણા હાથે દાન કરો તો ડાબા હાથનેય ખબર ન પડવી જોઈએ એવું જ્યારે કહેવાય છે ત્યારે એનો અર્થ એ હોય છે કે તમારાં સારાં કર્મો વિશે બીજાઓને ખબર ન પડવી જોઈએ. જેવી એકાદ માણસને પણ ખબર પડશે કે તરત આપણા મનમાં મદ ભરાવા લાગશે- આ આપણો અહમ્ છે. ઈશ્વર ઈચ્છે છે કે આપણે સારાં કામ કરીને ભૂલી જઈએ. તે એટલાં માટે કે સારાં કામ આપણે ભગવાન વતી કરી રહ્યા છીએ. આપણે તેનો હિસાબ રાખવાની જરૂર નથી, ભગવાન પોતે જ હિસાબ રાખશે.

એક પ્રયોગ કરી જોઈએ. કોઈ પણ અપેક્ષા વગર એક સારું કામ કરો. પછી એને યાદ સુધ્ધાં ન કરો. આને તમારી આદત બનાવી દો. ખાતરી રાખો કે જો આ પ્રમાણે કરતા રહેશો તો સંપત્તિ તમારા સુધી પહોંચશે જ. સંપત્તિ આવશે ત્યારે આપણને અહેસાસ પણ નહીં થાય કે આપણાં સારાં કર્મોનું ફળ છે કેમ કે આપણે આપણાં સારાં કર્મોને ભૂલી ચુક્યા હોઈશું. આથી કૃપા વરસાવવા બદલ અને આપણને સંપત્તિવાન બનાવવા બદલ આપણે ઈશ્વરને હૃદયપૂર્વક આભાર પણ માનીશું. ■

**યોગિક વેલ્થ**

*આપણને સૌને પુષ્કળ પૈસા જોઈએ છે.*

*આ 'પુષ્કળ' એટલે ચોક્કસ કેટલી રકમ તે ભાગ્યે જ કોઈ જાણે છે અને પછી સલામતીના અહેસાસની લાયમાં આપણે જિંદગીભર આ અજાણ્યા આંકડાની પાછળ ભાગતાં રહીએ છીએ.*

વીમા સુરક્ષાકવચ

નિશા સંઘવી
feedback@bombaysamachar.com

## આપણી મહિલા માટે બેસ્ટ હેલ્થ પ્લાન નહીં લિયા તો ક્યા લિયા?

હમણાં આઠ માર્ચના આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની દેશભરમાં ઉજવણી થઈ એ નિમિત્તે આપણે મહિલાઓના આરોગ્ય અને નાણાકીય સલામતીને મહત્ત્વ આપવાનો નિર્ધાર દોહરાવવાનો છે. જીવનના દરેક તબક્કે નારીની દેખભાળનો સવાલ હોય ત્યારે યોગ્ય આરોગ્ય વીમો ઘણો જ મહત્ત્વપૂર્ણ બની જાય છે.

ભારતીય નારી આજની તારીખે પારિવારિક જવાબદારીઓ નિભાવવા ઉપરાંત વિવિધ ક્ષેત્રોમાં પ્રોફેશનલ અને આંત્રપ્રેન્યોર તરીકે કાર્યરત છે ત્યારે ઘણી વાર એમના સ્વાસ્થ્ય તરફ દુર્લક્ષ થઈ જાય છે. એમાંય પાછું જીવનશૈલીને લગતી બીમારીઓ અને મહિલાઓને જ થતી હોય એવી સ્તન કેન્સર અને ગર્ભાશયના મુખના (સર્વાઇકલ) કેન્સરની સમસ્યાઓ પણ ગંભીર બની ગઈ છે. આવામાં એમના માટેનો વિશેષ આરોગ્ય વીમો અત્યંત આવશ્યક બની જાય છે.

આપણે સૌ જાણીએ છીએ કે જીવનના દરેક તબક્કે નારીની સ્વાસ્થ્યસંબંધી જરૂરિયાતો અલગ હોય છે. એમને કિશોરાવસ્થા, પ્રજનન માટેનાં વર્ષો, રજોનિવૃત્તિ (મેનોપોઝ) તથા ઘડપણ એ દરેક તબક્કે આરોગ્યને લગતા અનેક પ્રશ્નો મૂંઝવતા હોય છે અને અનેક તકલીફો થતી હોય છે. આથી ભારતમાં મહિલાઓ માટેની વિશેષ આરોગ્ય વીમા યોજનાઓ ઉપલબ્ધ છે.

મહિલાઓના આરોગ્ય સામેના પડકારોમાં પોલિસિસ્ટિક ઓવેરિયન ડિસીઝ (પીસીઓડી), થાઇરોઇડ, ઓસ્ટિઓપોરોસિસ, સ્તન કેન્સર તથા ગર્ભાશયના મુખનું કેન્સરનો મુખ્યત્વે સમાવેશ થાય છે. આ વાતને ધ્યાનમાં રાખીને મહિલાઓ માટેના વિશેષ આરોગ્ય વીમા પ્લાનમાં આવરી લેવાયેલી અમુક બાબત આ પ્રમાણે છેઃ

*હૉસ્પિટલાઇઝેશનના, સર્જરીના તથા ડે કેર પ્રોસિજરના મોટા ખર્ચ સામે રક્ષણ આપવામાં આવે છે.

* સગર્ભાવસ્થા, પ્રસૂતિ તથા નવજાત શિશુને લગતી સારવારને આવરી લેવામાં આવે છે. ક્યારેક નિઃસંતાનપણાની અમુક સારવાર પણ એમાં સામેલ હોય છે. જોકે, નોંધનીય છે કે અમુક બાબતોમાં વેઇટિંગ પીરિયડ લાગુ થતો હોય છે.

* કેન્સર તથા અન્ય મોટી બીમારીઓને કારણે ઉદ્ભવતા મોટા ખર્ચને પણ આવરી લેવામાં આવે છે.

* રોગનિદાનમાં મોડું ન થાય એ માટે રોગનિવારણ માટેની તપાસ કરાવવા પર ભાર મૂકવામાં આવે છે. ભારતમાં મહિલાઓ રાબેતા મુજબની આરોગ્ય વીમાની પૉલિસી લઈ શકે છે અથવા તો મહિલાઓ માટેની ખાસ પૉલિસી કઢાવી શકે છે.

**મહિલા માટે ઉપલબ્ધ આરોગ્ય વીમાના પ્રકારઃ**

**ઇન્ડિવિજ્યુઅલ હેલ્થ ઇન્સ્યોરન્સઃ** આ પ્લાનમાં એક વ્યક્તિ માટેના હૉસ્પિટલાઇઝેશન તથા અન્ય તબીબી ખર્ચ આવરી લેવાય છે. જે મહિલાઓ પોતાના વીમા બાબતે નિર્ણય લેવા સક્ષમ છે એમના માટે એમની જરૂરિયાતો મુજબનો વીમો મળી શકે છે.

**ફેમિલી ફ્લોટર પ્લાનઃ** આ પ્લાનમાં પતિ-પત્ની, બાળકો અને ક્યારેક માતા-પિતા સહિતના પરિવારને આવરી લેવામાં આવે છે. પતિ-પત્ની યુવાન હોય એવા સમયે આવી પોલિસી ઘણી સારી હોય છે.

**મહિલા માટેના વિશેષ પ્લાનઃ**

આ માટે ઘણી વીમા કંપની વિશેષ પ્લાન્સનું આયોજન કરે છે, એમની પૉલિસીમાં મહિલાઓનાં કેન્સર અનેક ગાયનેકોલોજિકલ પ્રોસીજર, દાઝ્યાની સારવાર, પ્રસૂતિ, વગેરેને આવરી લેવામાં આવે છે. **ક્રિટિકલ ઇલનેસ અને કેન્સર પ્લાનઃ** સ્તન કેન્સર કે ગર્ભાશયના મુખના કેન્સર સહિતની કેટલીક નિશ્ચિત બીમારીઓનું નિદાન થયાની સ્થિતિમાં મહિલાને એક નિશ્ચિત રકમની ચૂકવણી કરનારો આ પ્લાન હોય છે. ફક્ત પ્રસૂતિ અને નવજાત શિશુની સારવારને લગતી બાબતો આવરી લેનારી પૉલિસી પણ મળે છે. આ પ્લાન કોમ્પ્રિહેન્સિવ પ્લાનના ભાગરૂપે અથવા અલગથી મેટરનિટી હેલ્થ ઇન્સ્યોરન્સ તરીકે મળે છે. એમાં સામાન્ય રીતે એકથી ચાર વર્ષનો વેઇટિંગ પીરિયડ હોય છે. મહિલાની ઉંમર, પારિવારિક જવાબદારીઓ, આરોગ્યની હિસ્ટરી અને પ્રીમિયમ ચૂકવવાની ક્ષમતાના આધારે મહિલાઓની આરોગ્ય પોલિસી કઢાવવાની હોય છે.

**જીવનના અલગ અલગ તબક્કે યોગ્ય પ્લાન કયો?**

* સૌ જાણે છે કે ઉંમરના દરેક તબક્કે આરોગ્યને લગતી અલગ અલગ જરૂરિયાતો હોય છે. આથી એને અનુરૂપ વીમો પણ હોવો જોઈએ. દા.ત. યુવાન અને અપરિણીત પ્રોફેશનલ હોય એમણે મોટી રકમનો બેઝ પ્લાન લેવો જોઈએ, જેમાં નો ક્લેમ બોનસ અને પ્રિવેન્ટિવ ચેક અપ જેવા લાભ હોવા જોઈએ. ઉપરાંત લાંબા ગાળાના રક્ષણ માટે ક્રિટિકલ ઇલનેસ રાઇડર પણ હોવું જોઈએ.

* પરિણીત મહિલા અને પરિવાર વિસ્તારવા ઈચ્છુક મહિલાએ માફકસરનો વેઇટિંગ પીરિયડ ધરાવતું મેટરનિટી કવરેજ લેવું જોઈએ. એમાં નવજાત શિશુની સારસંભાળ પણ આવરી લેવાય છે. મહિલાઓ માટેના વિશેષ પ્લાન કે ફેમિલી ફ્લોટર પ્લાનની પણ પસંદગી કરી શકાય છે.

ત્રીસથી પચાસ વર્ષની વયની મહિલાઓ માટે વધારે સમ ઇન્સ્યોર્ડ ધરાવતી પૉલિસી લેવી જોઈએ. એમાં ક્રિટિકલ ઇલનેસ અને કેન્સરનાં જોખમો પણ આવરી લેવાયેલાં હોવાં જોઈએ. આ સમયગાળામાં જીવનશૈલીને લગતી બીમારીઓ તથા મહિલાઓને થતાં કેન્સર માટેના રોગનિદાન અર્થેની તપાસ પણ આવરી લેવાયેલી હોવી જોઈએ. વરિષ્ઠ નાગરિક થયા બાદ કોમ્પ્રિહેન્સિવ પ્લાનને આગળ વધારવો જોઈએ અથવા તો સિનિયર સિટિઝન પ્લાન લઈ શકાય છે. આવા સમયે લાંબા ગાળાની બીમારીઓની સારવારને આવરી લેતી અને ઓછું કો-પે હોય એવી પૉલિસીની પસંદગી કરવી જોઈએ.

છેલ્લે, એટલું જ ઉમેરવાનું કે આરોગ્ય વીમાની પૉલિસી નાની ઉંમરે લીધી હોય તો પ્રીમિયમ ઓછું આવે છે, વેઇટિંગ પીરિયડ પણ જલદી પૂરો થઈ જાય છે અને જરૂર પડે એવા સમયે તમામ જોખમો સહેલાઈથી કવર થઈ જાય છે. ■

feedback@bombaysamachar.com

આરોગ્ય એક્સપ્રેસ

કવિતા યાજ્ઞિક

## હોઠ ગુલાબી રાખવા છે ...?



સૌંદર્યને નિખારવા માટે બજારમાં જાતજાતના ક્રીમ, લોશન, સીરમ વગેરે ઉપલબ્ધ હોય છે, પણ આપણે જાણીએ જ છીએ કે આપણું રસોડું કોઈ દવાખાનાથી ઓછું નથી. તેથી અનેક ઘરગથ્થુ ઉપાય આપણા માટે હાથવગા હોય છે. તે પૈસા પણ બચાવે છે. આપણા હોઠનું સૌંદર્ય નિખારવા માટે અને તેને ગુલાબી બનાવવા માટે આ છે કેટલાક ઘરગથ્થુ ઉપાય...

### હળદર

હળદરના ઔષધીય ગુણોથી કોણ અજાણ છે? ઘા રુઝાવાથી લઈને અસરગ્રસ્ત ત્વચા પર જાદુ કરવાનું કામ કરવા માટે જાણીતી છે.

તે ન માત્ર ત્વચાને આરામ આપે છે, હોર્મોનલ ખીલના ડાઘ દૂર કરવામાં મદદ કરે છે એટલું જ નહીં, તે કાળા પડી ગયેલા હોઠને પણ ઉજળા કરે છે. હળદર મેલાનોજેનેસિસને અટકાવીને તમારા હોઠનો રંગ હળવો કરે છે. તેમાં ઘણા એન્ટીબેક્ટેરિયલ અને બળતરા વિરોધી ગુણધર્મો છે જે કાળા ડાઘ ઘટાડવામાં અને હોઠને ચમકાવવામાં મદદ કરી શકે છે.

આવું અદ્ભુત હળદર માસ્ક બનાવવા માટેઃ

એક ચમચી હળદર પાવડર લો, તેમાં થોડા ટીપાં પાણી ઉમેરો, તેની પેસ્ટ બનાવો અને તેને તમારા હોઠ પર લગાવો. તેને સુકાવા દો અને પછી પાણીથી ધોઈ લો.

હવે, તમારા હોઠને થોડું મોઇશ્ચરાઇઝ કરો. તાત્કાલિક પરિણામો માટે આ પ્રક્રિયાને પુનરાવર્તિત કરો.

### ગુલાબજળ

સૌંદર્ય માટે ગુલાબજળનો ઉપયોગ સદીઓથી થાય છે. ગુલાબજળ એક સારા ક્લીન્ઝર તરીકે કામ કરે છે. તેથી, તેનો ઉપયોગ નિયમિત રીતે ત્વચાને તાજગી આપવા માટે થાય છે. તેના ગુણધર્મો ત્વચાને નરમાશથી શાંત અને ભેજયુક્ત બનાવે છે. તે ત્વચાના pH સ્તરને જાળવી રાખવામાં મદદ કરે છે અને ત્વચામાંથી વધારાનું તેલ પણ નિયંત્રિત કરે છે. વધુમાં, ગુલાબજળ ત્વચાના છિદ્રો ખોલીને અને ત્વચાની બળતરાને શાંત કરીને ત્વચામાંથી અશુદ્ધિઓને સાફ કરવામાં મદદ કરે છે.

આ ઉપરાંત, તે હોઠને હળવા કરવા અને તેમને ગુલાબી અને નરમ બનાવવા માટે જાણીતું છે.

### આ રહ્યા એના ઘરગથ્થુ ઉપાય

**ગુલાબજળની પેસ્ટ બનાવવા માટેઃ** એક ચમચી મધ લો અને તેમાં થોડા ટીપાં ગુલાબજળ ઉમેરો. સારી રીતે હલાવો અને હોઠ પર લગાવો. ૧૫ મિનિટ સુધી રહેવા દો અને પછી પાણીથી ધોઈ લો.

શ્રેષ્ઠ પરિણામો માટે આ પ્રક્રિયાનું દિવસમાં બે વાર પુનરાવર્તન કરો.

### ખાંડનું સ્ક્રબ

ખાંડ મૃત ત્વચાના કોષોને દૂર કરે છે અને તેને ભેજયુક્ત બનાવે છે, જેનાથી તે ચમકતી રહે છે. જો તમે તમારી ત્વચાને ચમકદાર બનાવવાનો પ્રયાસ કરી રહ્યા હો, તો ખાંડ એક શ્રેષ્ઠ ઘટક છે. તેના સૂક્ષ્મ કણો ત્વચાને સ્વચ્છ અને ચમકદાર બનાવે છે, જેના કારણે તેમાં નિખાર આવે છે. આ ઉપરાંત, ખાંડ ત્વચાની રચનાને સંતુલિત કરીને તેને કાયાકલ્પ પણ કરે છે. તેથી હોઠનો ગુલાબી રંગ પાછો લાવવામાં તેનો ઉપયોગ ચોક્કસ કરી શકાય.

### ખાંડનો ફેસ પેક બનાવવા માટે...

ત્રણ ચમચી ખાંડ અને એક ચમચી માખણ સારી રીતે મિક્સ કરો. પેસ્ટ બનાવો.

આ પેસ્ટને તમારા હોઠ પર દસ મિનિટ સુધી ઘસો અને પછી મોઇશ્ચરાઇઝિંગ ક્રીમ લગાવો. આ અઠવાડિયામાં ફક્ત બે કે ત્રણ વાર જ કરો, નહીં તો તેની પ્રતિકૂળ અસરો થઈ શકે છે.

### નાળિયેર તેલ

નાળિયેર તેલ ફક્ત તમારા વાળને જ સુંદર બનાવતું નથી પણ તમારા હોઠને કુદરતી ગુલાબી રંગ પણ આપે છે. તે કોલેજન બનાવવામાં અને જાળવવામાં મદદ કરે છે, જે તમારી ત્વચાની રચનાને સુધારે છે. વધુમાં, નારિયેળ તેલમાં એન્ટી-બેક્ટેરિયલ, એન્ટી-ફંગલ અને એન્ટી-વાયરલ ગુણધર્મો હોય છે, જે બળતરા ઘટાડીને ત્વચાને ઠંડક આપે છે અને ત્વચાને ચમકદાર બનાવે છે, જેનાથી કરચલીઓ અને સળ દૂર થાય છે. નાળિયેર તેલ હોઠને સુકાતા અટકાવે છે, જેનાથી હોઠનો ગુલાબી રંગ જળવાઈ રહે છે. તમે નારિયેળનું તેલ સીધું તમારા હોઠ પર લગાવી શકો છો અથવા તેને વિટામિન E તેલ સાથે મિક્સ કરી શકો છો.

### તૈયાર કરવા માટે...

એક ચમચી વર્જિન નારિયેળનું તેલ લો અને તેને વિટામિન E તેલના એક ટીપા સાથે મિક્સ કરો. આ મિશ્રણને સીધા તમારા હોઠ પર લગાવો અને તેને આખી રાત સુકાવા દો. પછી, સવારે સાદા પાણીથી ધોઈ લો. શ્રેષ્ઠ પરિણામો માટે આ પ્રક્રિયા દરરોજ કરો. ■

feedback@bombaysamachar.com

ફોકસ

નિધિ ભટ્ટ

## આ રોજિંદી આદતો તમારી આંખોને સ્વસ્થ રાખશે ને એલર્જીથી બચાવશે.



આંખોની એલર્જી અને દ્રષ્ટિ ગુમાવવી એ ઘણાં પરિબળોને કારણે થઈ શકે છે જેને આપણે ઘણીવાર અવગણીએ છીએ. જો કે તમારી દિનચર્યામાં કેટલીક નાની, સ્વસ્થ આદતો અપનાવવાથી તમારી આંખો સ્વસ્થ રહી શકે છે.

બદલાતા હવામાનને કારણે આંખોમાં ચીકણાપણું, લાલાશ, આંખોમાં પાણી અને ખંજવાળ જેવી સમસ્યાઓ થઈ શકે છે. વધુમાં આજકાલ નાની ઉંમરે ઝાંખી દ્રષ્ટિ થવી એ ખરાબ જીવનશૈલીને કારણે વધુને વધુ સામાન્ય બની ગયું છે. ઘણી ખરાબ આદતો છે જે આપણી આંખો અને એકંદર સ્વાસ્થ્ય પર નકારાત્મક અસર કરે છે. આ લેખમાં આપણે કેટલીક સારી આદતો વિશે જાણીશું જે તમારી આંખોને એલર્જીથી બચાવવા અને તેમને સ્વસ્થ રાખવામાં મદદ કરશે.

આંખો આપણા શરીરનો સૌથી સંવેદનશીલ ભાગ છે, તેથી તેમને થોડી વધારાની કાળજીની જરૂર છે, જો તમને ઝાંખી દ્રષ્ટિ, સતત માથાનો દુખાવો, તમારી આંખની એક બાજુમાં દુખાવો, અથવા આંખમાં તાણ જેવી સમસ્યાઓનો અનુભવ થાય છે, તો તમારે તાત્કાલિક ડોક્ટરનો સંપર્ક કરવો જોઈએ.

### સ્વચ્છતાનું ધ્યાન રાખો

આંખની એલર્જી ટાળવા માટે સારી સ્વચ્છતા જાળવવી મહત્ત્વપૂર્ણ છે. તમારી આંખોને વારંવાર સ્પર્શ કરવાનું ટાળો. આનાથી ચેપ લાગવાનું અથવા તેને વધુ ખરાબ થવાનું જોખમ વધી શકે છે. ઉપરાંત, બેક્ટેરિયા તમારી આંખો સુધી પહોંચતા અટકાવવા માટે તમારા હાથ સાફ રાખો. જો અંદર કે બહાર ધૂળ ઉડતી હોય, તો તેનાથી દૂર રહો અથવા ચશ્માં પહેરો.

### જો તમને એલર્જી હોય તો શું કરવું

જો તમને આંખોની કોઈપણ સમસ્યા, જેમ કે ચીકણાપણું, ખંજવાળ અથવા શુષ્કતાનો અનુભવ થાય, તો ડોક્ટરની સલાહ લો. ભીડવાળી જગ્યાએ ટાળો અને બહાર જતી વખતે સારા સનગ્લાસ પહેરો.

### ૨૦-૨૦-૨૦ નિયમ

જો તમારી પાસે બેસીને કામ હોય અને આખો દિવસ કમ્પ્યુટર પર કામ કરતા હોવ, તો ૨૦-૨૦-૨૦ નિયમનું પાલન કરો. આ દિવસોમાં લાંબા સમય સુધી સ્ક્રીન ટાઇમ આંખના તાણનું મુખ્ય કારણ છે. ૨૦ એટલે દર ૨૦ મિનિટે ૨૦ સેકન્ડનો વિરામ લેવો, અને આ સમય દરમિયાન ૨૦ ફૂટ દૂરની વસ્તુ પર ધ્યાન કેન્દ્રિત કરો. ઉપરાંત કામ કર્યા પછી તમારા ફોનની સ્ક્રીનથી દૂર રહેવાનો પ્રયાસ કરો.

### સૂર્યપ્રકાશથી બચાવો

લોકો ઘણીવાર તેમની ત્વચા પર સનસ્ક્રીન લગાવે છે, પરંતુ તેમની આંખોને અવગણે છે. યુવી કિરણો પણ તમારી આંખોને નુકસાન પહોંચાડે છે, તેથી જ્યારે પણ તમે તડકામાં બહાર જાઓ છો, ત્યારે યુવી પ્રોટેક્શન સનગ્લાસ પહેરો.

### સારી ઊંઘ મહત્ત્વપૂર્ણ છે

આંખોને સ્વસ્થ રાખવા માટે ૭ થી ૮ કલાકની સારી ઊંઘ લેવી જરૂરી છે. મોડી રાત સુધી જાગવાનું ટાળો, જે તમારી આંખોને તાજી રાખશે અને સવારે ભારેપણું અનુભવવાથી બચાવશે.

### સ્વસ્થ ખાઓ

સ્વસ્થ આહાર જાળવવો ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. તમારા આહારમાં લીલા શાકભાજીનો સમાવેશ કરો, જે વિટામિન- એ નો સ્ત્રોત છે અને અન્ય ઘણાં પોષક તત્ત્વો પૂરા પાડે છે.

ઉપરાંત ઓમેગા-૩ ફેટી એસિડથી ભરપૂર ખોરાક, જેમ કે બદામ, અખરોટ, માછલી અને ઈંડાનો સમાવેશ કરો. ગાજર, મરી અને શક્કરિયા પણ કેરોટીન અને ઘણા વિટામિનથી ભરપૂર શાકભાજી છે. ■

feedback@bombaysamachar.com
સ્વાસ્થ્ય સુધા
શ્રીલેખા યાજ્ઞિક

# કઢી ભારતીયોની પહેલી પસંદ સુપાચ્ય -રસભરી એક સ્વાદિષ્ટ વાનગી

‘કઢી’ નામ સાંભળતાની સાથે જ મનમાં તેને ઝટપટ ચાખવાની ઈચ્છા અચૂક થઈ આવે. અત્યંત સરળતાથી બનતી વાનગી એટલે જ ‘કઢી’. ફાગણ સુદ પૂનમ એટલે કે હોળીનો રંગભર તહેવાર. વસંતના વધામણાની સાથે હોળીનું પર્વ માનવ-જીવનને નવા રંગોથી ભરી દે છે. ચિંતા-મુક્ત થઈને મસ્ત મજાની જિંદગી જીવવાનું બળ પૂરું પાડે છે. હોળીમાં મહારાષ્ટ્રમાં એક ખાસ મીઠી વાનગી બનાવવામાં આવે છે. જેનું નામ છે પૂરણપોળી. ગુજરાતમાં તેને ‘વેડમી’ કહેવામાં આવે છે. તે ‘ગળી રોટલી’ તરીકે ઓળખાય છે. પૂરણપોળીની સાથે અન્ય વાનગીઓનો ખાસ સમાવેશ થાય છે. જેમાં લચકો દાળ, રીંગણ-બટેકાનું રસાવાળું શાક, સુપાચ્ય તેવી કઢી તથા ગાજર-વટાણાથી ભરપૂર છુટ્ટો ભાત. ભારતીયો વિવિધ વાનગી બનાવવાના જેટલા શોખીન છે તેટલાં જ વાનગીનું એકબીજા સાથે સંયોજન કરવામાં ચીવટવાળા છે. જેમ કે ઘરમાં લાડુ બનાવવામાં આવે તો તેની સાથે દાળ-ભાત- વાલ- બટાકાનું રસાવાળું શાક અચૂક બને. છુટ્ટા મગની સાથે કઢી અચૂક બને. ખીચડી સાથે કઢી બનાવવામાં આવે. મગની છુટ્ટી દાળ સાથે કઢી બનાવવામાં આવે. ઘી નાખેલાં ગરમા-ગરમ ભાતની સાથે લચકો દાળ તથા કઢી ખાવાની મોજ પડી જાય. જે નાનાં બાળકોથી લઈને વડીલોની મનપસંદ વાનગી ગણાય. રસાવાળા મગ હોય કે મગની દાળ તેની સાથે રોટલી કે રોટલા બને, શાક અચૂક સૂકું બને. ગામડાંમાં બાજરીના રોટલા સાથે રીંગણનો ઓળો-લસણની ચટણી સાથે હોય. સાંજના સમયે ઘેર-ઘેર ખીચડી-કઢીનું સ્વાદિષ્ટ સુપાચ્ય ભોજન બનતું જોવા મળે છે. હોળીમાં ભૂખ્યા રહેવાનો એક આગવો આનંદ હોય છે. સાંજના સમયે હોળીના પ્રાગટ્ય બાદ નાના-મોટા પ્રત્યેક ગરમા-ગરમ પૂરણપોળી સાથે મસ્ત મજાની કઢીનો સ્વાદ સબડકા સાથે માણે છે.


તાજેતરમાં ન્યુરોસાયન્સ દ્વારા કરવામાં આવેલાં સંશોધનના નિષ્કર્ષ મુજબ મગજમાં બીડીએનએફ (બ્રેઈન ડિરાઈવડ્ ન્યુરોટ્રોફિક ફૅક્ટર) નામનું પ્રોટીન નવા કોષો બનાવવામાં મદદ કરે છે. આપણી ભારતીય ‘કઢી’ પ્રોટીનને વધારવા માટેનું ‘કુદરતી બૂસ્ટર’ છે. તેથી જ તો કહેવાય છે કે કૃત્રિમ પૂરક આહારને બદલે ભારતની વિવિધ પ્રાંતની પૌષ્ટિક્તાથી ભરપૂર થાળી ‘સુપર ફૂડ’ આહાર બની ગયો છે. જે તન-મનની તંદુરસ્તી જાળવવામાં ભરપૂર મદદ કરે છે.

વિવિધતામાં એકતા ધરાવતો આપણો ભારત દેશ. ભારતીય સુપાચ્ય તેવી કઢીમાં અનેક વિવિધતા જોવા મળે છે. જેમ કે ગુજરાતની મીઠી કઢી, પંજાબની પકોડા કઢી, રાજસ્થાની તીખી કઢી, સિંધી કઢી, ભાટિયા કઢી, મહારાષ્ટ્રિયન કઢી, બિહારી કઢી, હિમાચલી કઢી, કુમાઉ કઢી, બંગાળી કઢી, મૂળી કઢી, ભીંડી કઢી, કોકમ કઢી, લીલવા કઢી.

આજ-કાલ દેશી-વિદેશી મોંઘી દવાઓ કે ટોનિક યાદશક્તિ વધારવા માટે લેવામાં આવે છે. તેના કરતાં ભારતીય દેશી પરંપરાગત વ્યંજનોનો ઉપયોગ આહારમાં કરવાથી તનની સાથે મનની તંદુરસ્તી જાળવવામાં નિઃશંક બદલાવ આવશે.

કઢીમાં વપરાતી વિવિધ વસ્તુઓ વિશે જાણકારી મેળવી લઈએ :

દહીં, ચણાનો લોટ, આદું-મરચાં, તજ-લવિંગ, મેથી દાણા, તમાલપત્ર, મરી, હળદર, કોથમીર, ગોળ-ખાંડ. વઘારમાં રાઈ-જીરું-આખા લાલ મરચાં, હિંગ, મીઠો લીમડો, આખા ધાણા, કોથમીર.



દહીં : કઢીમાં ઉપયોગમાં લેવાતું દહીં પ્રોબાયોટીક્સ્નું સારું સ્તોત્ર છે. પેટના સારા બૅક્ટેરિયા વધારે છે. જેથી પેટનું સ્વાસ્થ્ય સુધરે છે. પાચનક્રિયામાં મદદ કરે છે. આપણે ત્યાં તો કહેવત છે કે ‘જેનું પેટ સાફ તેનું મગજ સતેજ.’ દહીંમાં બ્રેઈન ડિરાઈવડ્ ન્યુરોટ્રોફિક ફેક્ટર (બીડીએનએફ) નામનું પ્રોટીન નવા કોષો બનાવવામાં મદદ કરે છે. આમ કઢી પ્રોટીન વધારવા માટેનું ‘કુદરતી બૂસ્ટર’ ગણાવી શકાય.

**રોગપ્રતિકારક શક્તિ વધારે છે :** અનેક ગૃહિણી કઢીમાં થોડી હળદર ઉમેરે છે. હળદરમાં કરક્યૂમિન હોય છે. જે મગજ માટે અત્યંત ઉપયોગી છે, પરંતુ શરીરમાં તે ત્યારે જ શોષાય છે જ્યારે તેની સાથે શુદ્ધ ઘી તથા કાળા મરી ભેળવવામાં આવે. તેથી જ આપણે ત્યાં હળદરવાળું કઢિયેલ મસાલા દૂધ પીવાની પ્રથા શિયાળામાં જોવા મળે છે. અનેક લોકો તો બારેમાસ દૂધમાં હળદર-ઘી-મરીનો ભૂકો ભેળવીને પીવાનું પસંદ કરે છે. કઢીમાં અચૂક ઘીનો વઘાર કરવામાં આવે છે. જે શરીરના સંપૂર્ણ સ્વાસ્થ્ય માટે અત્યંત ઉપયોગી ગણાય છે. શરદી-ખાંસી જેવી બીમારીઓ સામે રક્ષણ આપે છે.

**તજ-લવિંગ-આદું-મરચાં :** કઢીમાં ઉપયોગમાં લેવામાં આવતું તજ આંતરડામાં ભળીને સોડિયમ બેન્ઝોઈટ બનાવે છે. જે મગજના કોષોને મજબૂત કરવામાં મદદ કરે છે. લવિંગને કારણે ભરપેટ ભોજન કર્યા બાદ અનેક વખત આફરો ચડી જતો હોય છે. તેવી સમસ્યાથી બચી શકાય છે.

શરદી-ખાંસી-દાંતના દુખાવામાં લવિંગ ઉપયોગી ગણાય છે. આદુંનો ઉપયોગ કઢીનો સ્વાદ વધારવાની સાથે મગજ ઉપર તથા શરીરના સાંધા ઉપર થતાં સોજાને ઘટાડવામાં મદદ કરે છે. ગેસ તથા અપચાની તકલીફમાં રાહત આપે છે. લીલા મરચાંમાં કેપ્સાઈસીન નામક તત્ત્વ હોય છે. જે પાચનશક્તિ વધારવાની સાથે લોહીને પાતળું કરવામાં મદદ કરે છે. હૃદયરોગના ખતરાથી બચાવે છે. પાચનશક્તિને વધારવામાં મદદ કરે છે. આપણે જાણીએ જ છીએ કે ગામડાંના લોકો ભોજન કરતી વખતે લીલા મરચાંને રોટલાં સાથે ચાવી-ચાવીને ખાતા હોય છે. જે થાઈરોઈડની સમસ્યાથી બચવામાં મદદ કરે છે.

**ચણાનો લોટ અને મેગ્નેશ્યિમ :** ચણાના લોટમાં મેગ્નેશ્યિમ, પોટેશ્યિમ હોય છે. જે મગજને તેજ બનાવવામાં મદદ કરે છે. પાચનશક્તિ વધારવાની સાથે વજનને નિયંત્રણમાં રાખવામાં ચણાનો લોટ ગુણકારી ગણાય છે.

વઘારમાં કાળા મરીનો ઉપયોગ કરવાથી હળદરની શક્તિ ૨૦૦૦ ટકા વધારી દે છે.

કઢીમાં મીઠા લીમડાના પાનનો ખાસ ઉપયોગ સ્વાદ વધારવા માટે કરવામાં આવે છે.

મીઠા લીમડાના પાન ઍન્ટિ-ઓક્સિડન્ટથી ભરપૂર હોય છે. જે વાળ માટે ગુણકારી ગણાય છે. લોહીમાં શર્કરાની માત્રાને નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે.

**ગર્ભસ્થ શિશુના વિકાસ માટે ગુણકારી :** ગર્ભાવસ્થા દરમિયાન અનેક વખત દાળ ખાવાની ઈચ્છા ઓછી થાય છે. તેની જગ્યાએ કઢી ખાવાનું મન થયા કરે છે.

ગર્ભાવસ્થા દરમિયાન કઢી ખાવાથી ગર્ભસ્થ શિશુનો વિકાસ સારો થાય છે. કેમ કે કઢીમાં ફૉલિએટ, વિટામિન બી-૬, આયર્ન જેવાં અનેક પોષક તત્ત્વો સ્વાસ્થ્ય માટે શ્રેષ્ઠ ગણાય છે. એક વાટકી કઢી પીવાથી આરોગ્યની જાળવણીની સાથે અનેક સમસ્યાથી બચી શકાય છે.

**ગુજરાતી કઢી :** પચવામાં હલકી, સ્વાદમાં મીઠી તેવી ગુજરાતી કઢી દેખાવમાં સફેદ રંગની તથા પાતળી હોય છે. તેમાં થોડો ગોળ તથા થોડી ખાંડનો ઉપયોગ કરીને તેને સ્વાદિષ્ટ બનાવવામાં આવે છે. ગરમા-ગરમ ખીચડી, પુલાવ, ભાત કે પછી પૂરણપોળી, પરાઠા, ફુલકા રોટલી, પૂરી સાથે ખાવાનો આનંદ જરા હટકે હોય છે.

ઉત્તરાખંડમાં કઢીને ‘ઝોઈ’ નામથી ઓળખવામાં આવે છે. તેની ખાસ વાત એટલે કે તેને લોખંડની કડાઈમાં બનાવવામાં આવે છે. તેથી તેનો રંગ થોડો ગાઢો બને છે. લોખંડની કડાઈમાં બનતી હોવાને કારણે તેમાં આયર્નની માત્રા ભરપૂર પ્રમાણમાં સમાયેલી હોય છે. સ્થાનિક મસાલાની સાથે તેમાં ‘જખીયા’ જંગલી રાઈથી વઘાર કરવામાં આવે છે. જેને કારણે તેનો સ્વાદ તથા સુગંધ વધે છે.

**કાશ્મીરી કઢી :** જેને કાશ્મીરી ‘યખની’ તરીકે ઓળખવામાં આવે છે. તેની વિશિષ્ટ સોડમ તથા શાહી બનાવટને કારણે તે વિશ્વ પ્રસિદ્ધ બની ગઈ છે. ઠંડો પ્રદેશ હોવાથી કઢીમાં વરિયાળીનો પાઉડર તથા સૂંઠનો પાઉડર ખાસ ઉપયોગમાં લેવામાં આવે છે. સ્વાદમાં થોડી તીખી પરંતુ સુગંધીદાર બનાવવામાં આવે છે.

બિહારની કઢીની ખાસ વાત એટલે કે તેમાં નાની નાની ચપટી ચણાના લોટની ગોળી વાળીને મૂકવામાં આવે છે. મોંમાં મૂકતાંની સાથે જ તે ઓગળી જાય છે. રાઈનો વઘાર તથા ઓછા મસાલાથી બનતી એક સ્વાદિષ્ટ કઢી ગણાય છે.

મહારાષ્ટ્રમાં પાતળી છાસનો ઉપયોગ ખાસ કઢી બનાવવા માટે થતો હોય છે. મીઠા લીમડાના પાનનો વઘારમાં ઉપયોગ કરીને કઢી બનાવવામાં આવે છે.

રાજસ્થાની કઢી તેના તીખા-ચટપટા સ્વાદ માટે જાણીતી છે. રાજસ્થાનના ખ્યાતનામ દાલ-બાટી-ચુરમાની સાથે કઢી ખાસ પીરસવામાં આવે છે. પારંપારિક મસાલાનો ઉપયોગ કરીને તે બનાવવામાં આવે છે. ■

### ગુજરાતી કઢી



**સામગ્રીઃ** ૫૦૦ ગ્રામ છાસ-૨૫૦ ગ્રામ દહીં, ૧ મોટી ચમચી ચણાનો લોટ, ૧ મોટી ચમચી વાટેલાં આદું-મરચાં, ૪-૫ નંગ મીઠા લીમડાંના પાન, ૨ નંગ લવિંગ, ૧ ટુકડો સિલોની તજ, ૧ નાની ચમચી મેથી દાણા, ૧ નાનો ટુકડો ગોળ, ૨ ચમચી ખાંડ, ૧ ચમચી શુદ્ધ ઘી, તાજી કોથમીર, ૭-૮ મરી દાણા, વઘાર માટે ૧ નાની ચમચી રાઈ, ૧ નાની ચમચી જીરુ, ચપટી હિંગ, ૧ નાનો ટુકડો તેજ પત્તા. સ્વાદાનુસાર મીઠું, ચપટી હળદર જો નાખવાની ઈચ્છા હોય તો.


**બનાવવાની રીતઃ** સૌ પ્રથમ છાસમાં ચણાનો લોટ ભેળવીને વલોવી લેવું. તેમાં આદું-મરચાં ભેળવવા. ખાંડ-ગોળ ઉમેરવો. મેથી દાણા ઉમેરવાં. ચપટી હળદર ઉમેરવી. વઘાર માટે : વઘારિયામાં ઘી લેવું. તેમાં રાઈ લેવી. રાઈ તતડે એટલે જીરું, વઘારના લાલ મરચાં, હિંગ, મીઠો લીમડો તજ, લવિંગ ઉમેરવા. તમાલપત્ર ઉમેરવું. થોડી કોથમીર વઘારમાં ઉમેરીને કઢીમાં વઘાર ભેળવી દેવો. એક ઊભરો આવે તેટલી કઢી ઉકાળી લેવી. કોથમીરથી સજાવીને ગરમાગરમ સુપાચ્ય કઢીનો આનંદ હોળીમાં પૂરણપોળી સાથે માણવો.

feedback@bombaysamachar.com
આરોગ્ય પ્લસ
સંકલનઃ સ્મૃતિ શાહ મહેતા

# મુસાફરીમાં બેચેની થવી...

છેલ્લે આપણે ‘તરોતાજા’માં ચક્કર કે મૂર્છા આવે તો શું કરવું એ વિશે ચર્ચા કરી હતી. હવે આપણે વાત કરીશું મુસાફરીમાં બેચેની થાય તો શું કરવું?





## બેચેનીનાં લક્ષણ

* ઊલટી થવી, ચક્કર આવવા, માથું દુઃખવું, શ્વાસ લેવામાં તકલીફ થવી, શરીરમાં બેચેની અનુભવવી વગેરે.

કારણ :

* મુસાફરી દરમ્યાન જયારે આંખ અને કાન દ્વારા મગજને શરીરની ગતિ વિશે વિરોધાભાસી સંકેતો મળે છે, ત્યારે બેચેની થાય છે. જયારે આપણે ગાડી, બસ, સ્ટીમર કે પ્લેનમાં મુસાફરી કરતા હોઇએ ત્યારે આપણે એક જગ્યાએ બેઠા હોવાથી આંખ મગજને શરીરની સ્થિરતાના સંકેતો પહોંચાડે છે. તે જ વખતે વાહનના થતા હલન-ચલન અને વાઇબ્રેશનોના કારણે જાણે શરીર હલન-ચલન કરી રહ્યું છે, એવા સંકેતોને કાન મગજને પહોંચાડે છે. આમ જયારે આંખ અને કાન દ્વારા મગજને વિરોધાભાસી સંકેતો મળે છે ત્યારે મુસાફરી દરમ્યાન શરીરમાં કોઇક રીતે બેચેની કે ગભરામણ અનુભવાય છે.

## મુસાફરીમાં બેચેનીના ઉપચારઃ

૧. મુસાફરી પહેલાં આદુંના ૧-૨ નાના ટુકડા ખાઇ લેવા.

૨. મુસાફરી દરમ્યાન મોઢામાં લવિંગ, એલચી કે તજ રાખી ચૂસતા રહેવું.

૩. હૂંફાળા પાણીમાં ૧ ચમચી મધ તથા અડધા લીંબુનો રસ મેળવીને પીવું.

૪. ૧ ગ્લાસ સફરજનનું તાજું જ્યૂસ પીવું.

સાવધાની

* મુસાફરી પહેલાં કે તે દરમ્યાન ભારે, તળેલાં,મસાલેદાર અને નશાવાળા (ચા, કોફી વગેરે) પદાર્થો ન લેવા.

* સાવ ભૂખ્યા પેટે પણ મુસાફરી ન કરવી.

* માથું શક્ય હોય એટલું ઓછું હલાવવું.

* મુસાફરી દરમ્યાન વાંચવાની કે ટી.વી. જોવાની ટેવ ન પાડવી.

* ગાડીમાં આગલી સીટે બેસવું અને અમુક સમયે બારીમાંથી બહાર જોતા રહેવું.

* વિમાનની મુસાફરી દરમ્યાન બારીની સાઇડની અને પાંખોની સીટની માગણી કરવી. કેમ કે, ત્યાં ખૂબ જ ઓછા ધક્કાઓ લાગવાની સંભાવના હોય છે.

* મુસાફરી દરમ્યાન તાજી હવા લેતા રહેવું. જે વાહનોમાં પાછળની સીટોમાં ઓછી બારીઓ હોય છે, ત્યાં હવાનું વ્યવસ્થિત પરિભ્રમણ હોતું નથી. તેથી આ બીમારી અનુભવાતી હોય છે. માટે ગાડીમાં બેઠા હોઇએ ત્યારે માત્ર એ.સી.ની ઠંડી હવા પર નિર્ભર ન રહેતા અમુક સમયે ગાડીની બારીઓ ખોલતા રહેવું.

* જયારે વધારે મુશ્કેલી અનુભવાય ત્યારે આંખો બંધ કરી ઊંડા શ્વાસ લેવા. શાંત સંગીત સાંભળતા રહેવું.

* જે વાહનોમાં સામ-સામે સીટો હોય (જેમ કે, ટ્રેન, બોટ) તેમાં વાહન જે દિશામાં જતું હોય તે દિશા તરફની સીટમાં બેસવું.

* અમુક લોકો પહેલેથી જ એવી માનસિકતા રાખતા હોય છે કે, મુસાફરી દરમ્યાન તેમને તકલીફ થશે જ, પરંતુ તે ખોટી માનસિકતાનો ત્યાગ કરવો.

## લૂ લાગવી

લૂ લાગેલનાં લક્ષણ :

* ખૂબ જ પરસેવો થવો અને થાક લાગવો.

* અશક્તિ, નબળાઇ અને ચક્કર આવવા.

* ઊભા થવાથી લો-બ્લડપ્રેશર થવું.

* ઉબકા આવવા, માથાનો દુઃખાવો થવો અને સ્નાયુઓ દુઃખવા.

લૂ લાગવાનાં કારણ :

* ગરમીના વાતાવરણમાં વધુ સમય રહેવાથી તથા અતિ શ્રમ કરવાથી .

* શરીરમાં પાણી ઓછું થઇ જવાથી.

* વધુ ફિટ કપડાં પહેરવાથી.

સાવધાની

* માટલાનું ઠંડું પાણી પીવું.

* ઠંડકવાળી જગ્યામાં આરામ કરવો.

* આરામ કરતી વખતે પગ હૃદયની ઊંચા રહેવા જોઇએ.

* ઠંડા પાણીથી નાહવું અથવા શરીર પર ઠંડા પાણીથી પલાળેલો રૂમાલ મૂકવો.

લૂ લાગે તેના ઉપચાર

૧. ૩૦ ગ્રામ કાચી કેરીના ટુકડા ૫૦૦ મિ. લી. પાણીમાં ઉકાળી, તેમાં ૫૦ ગ્રામ સાકર મેળવીને બનાવેલ શરબત પીવાથી લૂમાં આરામ થાય છે.

૨. ગોળનું શરબત પીવું.

૩. ગરમાળાનો ગોળ ૫ થી ૧૦ ગ્રામ જેટલો ૧-૨ કપ ઠંડા પાણીમાં ઓગાળીને સવાર-સાંજ પીવો.

૪. તુલસીના પાનનો રસ ખાંડ સાથે મેળવીને પીવાથી આરામ થાય છે.

૫. ઠંડા જળમાં ધાણા, આમળાં, સાકર, વરિયાળી અને સુખડ (ચંદન) આ દરેકનું ૫-૫ ગ્રામ ચૂર્ણ નાખીને લેવું.

૬. ૩૦ ગ્રામ પાકી આમલીનો ગર, ૨૫ ગ્રામ ગોળ અને ૨ ગ્રામ કાળા મરીના ચૂર્ણને ૨૫૦-૩૦૦ મિ. લી. પાણી લઇ તેમાં ઉકાળીને ગાળી લઇ, ઠારીને દર્દીને વારંવાર એક કપ જેટલું પાતા રહેવું. ■

feedback@bombaysamachar.com
ફોકસ પ્લસ
અનંત મામતોરા

# બાળકોમાં જંક ફૂડનું વધતું પ્રચલન : ચિંતાનો વિષય

આજે સૌ કોઈ જંક ફૂડ પાછળ ઘેલા થયા છે. આ જંક ફૂડ બાળકોના આરોગ્ય માટે ખૂબ જ હાનિકારક સાબિત થઇ રહ્યું છે. આજકાલ બાળકોમાં પિત્ઝા, બર્ગર, ચિપ્સ, ચોકલેટ અને કોલ્ડ ડ્રિંક્સ જેવા ખાદ્ય પદાર્થોનું સેવન ઝડપથી વધી રહ્યું છે. આ ખાદ્ય પદાર્થો સ્વાદિષ્ટ તો હોય છે, પરંતુ તેમાં જરૂરી પોષક તત્ત્વોનો અભાવ હોય છે, જે બાળકોના સર્વાંગી વિકાસ પર નકારાત્મક અસર કરે છે.

જંક ફૂડના નુકસાન

૧. રોગપ્રતિકારક શક્તિમાં ઘટાડો

જંક ફૂડમાં વિટામિન, મિનરલ્સ અને ફાઇબરનું પ્રમાણ ઓછું હોય છે. તેના કારણે બાળકોની રોગ પ્રતિકારક શક્તિ ઘટે છે અને તેઓ વારંવાર બીમાર પડી શકે છે.

૨. વધતું વજન અને સ્થૂળતા

જંક ફૂડમાં કેલરી, ચરબી અને ખાંડનું પ્રમાણ વધુ હોય છે. તેના નિયમિત સેવનથી બાળકોમાં વજન વધે છે અને સ્થૂળતાનો ખતરો વધી જાય છે.

૩. ખરાબ ખોરાકની આદત

જયારે બાળક વારંવાર જંક ફૂડ ખાય છે. ત્યારે તેઓને ઘરનો અને પોષણયુક્ત ખોરાક પસંદ નથી પડતો. આથી લાંબા ગાળે તેમની ખોરાકની આદતો બગડી શકે છે.

૪. પાચન સંબંધિત સમસ્યા

જંક ફૂડમાં ફાઇબરનું પ્રમાણ ઓછું હોવાથી કબજિયાત, ગેસ અને પાચન સંબંધિત તકલીફો થઇ શકે છે.

૫. શારીરિક અને માનસિક વિકાસ પર અસર

યોગ્ય પોષણના અભાવને કારણે બાળકોના શારીરિક વિકાસ અને એકાગ્રતા પર પણ અસર થઇ શકે છે.



માતા-પિતાએ શું કરવું ?

૧. પોતે સારાં ઉદાહરણ બનો

બાળકો પોતાનાં માતા-પિતાની આદતોનું અનુસરણ કરે છે. તેથી માતા-પિતાએ પોતે પણ સ્વસ્થ અને પોષણયુક્ત ખોરાક લેવાનો પ્રયત્ન કરવો જોઇએ.

૨. જંક ફૂડને ઇનામ તરીકે ન આપો. બાળકોને સારા વર્તન માટે જંક ફૂડ આપવું યોગ્ય નથી. તેના બદલે તેમને સ્વસ્થ વિકલ્પો આપો.

૩. ઘરે જંક ફૂડ ઓછું રાખો

જો ઘરે જંક ફૂડ ઉપલબ્ધ નહીં હોય, તો બાળકો તેને ઓછું ખાશે. તેના બદલે ફળ, સૂકા મેવા અને ઘરેલું નાસ્તો ઉપલબ્ધ રાખો.

૪. પરિવાર સાથે બેસીને ભોજન લો

પરિવાર સાથે ભોજન લેવાની ટેવ બાળકોમાં સારા ખોરાકની આદતો વિકસાવવામાં મદદ કરે છે.

૫. બાળકોને જંક ફૂડના નુકસાન સમજાવો

બાળકોને સરળ ભાષામાં જંક ફૂડના નુકસાન વિશે સમજાવો જેથી તેઓ પોતે સ્વસ્થ ખોરાક પસંદ કરે.

નિષ્કર્ષઃ બાળકોનું સ્વસ્થ ભવિષ્ય સુનિશ્ચિત કરવા માટે જંક ફૂડનું સેવન મર્યાદિત કરવું અને પોષણયુક્ત આહારને પ્રોત્સાહન આપવું જરૂરી છે. માતા-પિતાનાં યોગ્ય માર્ગદર્શન અને સારા ખોરાકની આદતો દ્વારા બાળકોને સ્વસ્થ જીવન તરફ દોરી શકાય છે.

દર સપ્તાહે વાંચો
વિશેષ વાંચન સામગ્રી
ધર્મતેજ
તરોતાજા
તન-મન-ધનથી રહો
ઈન્ટરવલ
લાડકી
પુરુષ
મેટિની
વીક એન્ડ
ઉત્સવ
દરરોજ કંઈક નવું-
દરરોજ કશું અનોખુ!

feedback@bombaysamachar.com
આહારથી આરોગ્ય સુધી
ડૉ. હર્ષા છાડવા

# સુપર પાવર આપતા બીજ



શરીરને સ્વસ્થ રાખવા ભોજનની સાથે સાથે વિભિન્ન પ્રકારના મેવા અને બીજનો ઉપયોગ જરૂરી છે. સ્વસ્થ રહેવા માટે શરીરને સૂક્ષ્મ પોષક તત્ત્વોની જરૂરત છે. નાના નાના બીજ શરીરને જરૂરી પોષક તત્ત્વ પ્રદાન કરે છે. આજ બીજ આપણાં ઉત્તમ દોસ્ત કે સાથી છે.

બીજમાંથી મળતા ફાઇબર, પ્રોટીન, ખનિજ અને એન્ટિઓક્સિડેન્ટ જે શરીરને જરૂરી મજબૂતી આપે છે અને રોગો કે સંક્રમણ સાથે લડવાની ક્ષમતા આપે છે. ફાસ્ટફૂડ, જંકફૂડ, મીઠાઇઓ રિફાઇન્ડથી બનેલી ખાદ્ય વસ્તુઓ શરીરમાં એસીડીટી વધારી દે છે. ગ્લાયસોમિક ઇન્ડેક્સ અને ન જોઇતી ચરબીનો વધારો કરી દે છે. આ ખાદ્ય પદાર્થથી રોગોનું પ્રમાણ વધી જાય છે. ત્યારે આ મેવા કે બીજ શરીરની ઇમ્યુનિટી વધારી બીમારીથી બચાવ કરે છે. આ બીજ જેવા કે અળસી, તલ, સૂરજમુખી બીજ, ચિયા પમકીન સીડ, કલિંગરના બીજ, શક્કરટેટીના બીજ, હુલીમ (એસોરિયે) મેથી તેમ જ સૂકા મેવામાં બદામ, કાજુ, પિસ્તા, અખરોટ, ચિલગોન્ડા, હેન્ડલનટ, બ્રાઝીલનટ, ચેસ્ટ નટ, પ્રીન્ટ, પીકેન જેવા મેવા શરીરને નવચેતના અને રોગોથી લડવાની ક્ષમતા વધારી દે છે.

આ બીજ અને મેવા શરીર માટે ફાઇબરનો, પ્રોટીનનો, ખનિજનો, એન્ટિઓક્સિડેન્ટનો ખજાનો છે જે આંતરડાનો સૂક્ષ્મ જીવો દ્વારા કામ કરીને અમાયનો અને વસા ઉત્પન્ન કરે છે જે રક્તપ્રવાહમાં ગ્લુકોઝ અને લિપિડનું સંતુલન જાળવવામાં મદદ કરે છે. જે ટાઇપ-ટુ ડાયાબિટીસ, હૃદયરોગ, કેન્સર જેવી બીમારીથી લડવાની ક્ષમતા વધારી દે છે. હૃદય સંબંધી જોખમ કારક કારણો જેવા કે કોલેસ્ટ્રોલ અને ટ્રાયગ્લીસરાઇડનું વધવું, એલ. ડી. એલ, બ્લડ પ્રેશર અને સોજાથી બચાવે છે.

ટાઇપ ટુ ડાયાબિટીસ જે ગ્લાઇસેમિક ઇન્ડેક્સ વધવાને કારણે થાય છે. આ બીજમાંનું અલ્ફા લિનોલેનિક એસિડ, ઇકો સાયેટેનોઇડ એસિડ ડોકોસાહેકસાનોઇડ, એસિડ, ઓમેગા ફેટી એસિડ કારણે ડાયાબિટીસની બીમારી થતી નથી. તેમ જ ફેફસા, હૃદય, આંખોનું, મસ્તિષ્કનું સ્વાસ્થ્ય જાળવી રાખે છે. ડાયાબિટીસના અને પ્રેશરની બીમારીના કારણે કિડનીને થતું નુકસાનથી બચાવે છે. કિડનીને પ્રોટીનની સારી એવી જરૂર પડે છે. આયર્નનું સ્તર જાળવી રાખે છે. સ્વાસ્થ્યમાં સુધાર આંતરડાની અવરોધકતા અટકાવવા અને કેન્સરના જોખમથી બચવા માટે મેવા અને બીજ એ સારો સ્ત્રોત છે.

અળસી એ સુપર પાવર તરીકે મોટો સ્ત્રોત છે. આ બીજનો આહારમાં ઉપયોગ જરૂરી કરી દેવો જોઇએ. જે બધા જ પ્રકારની તકલીફોથી દૂર રાખે છે. પેટની ચરબી, કબજિયાત, કોલેસ્ટ્રોલ, હૃદયની બીમારી, વાળને સુરક્ષિત રાખવા ડાયાબિટીસથી દૂર રહેવા માટે, હાડકાને મજબૂત રાખવા માટે આનો ઉપયોગ થવો જોઇએ. ઓવરઇટિંગથી બચવા આ સીડમાં સોલીબર છે જે ફૂલી જાય જેથી પેટ ભરેલું રહે છે. જેથી ઓવરઇટિંગથી બચી શકાય છે. આમાં પોનીફીલોલ છે જેને લીગનલ કહેવાય છે. જે એન્ટિઓબેસીટીસ એજન્ટ છે. જે ક્યારેય જાડાપણું આવતું નથી. ૩ મહિના ખાવાથી લગભગ પરિણામ આપે છે. ઓમેગા ફેટી એસિડના કારણે ત્રણ ફાયદા છે. સ્કીન, વાળ, કોલેસ્ટ્રોલ માટે ખૂબ ઉપયોગી છે. પોટેશિયમનો મોટો સ્ત્રોત છે. બ્રેન પાવર વધારે છે. સ્ટ્રેસ ઓછું કરે છે.

તલ : આ બીજ આ કેલ્શિયમનો મોટો સ્ત્રોત છે. તલનું તેલ ભોજન બનાવવા ઉપયોગી છે.જે કેલ્શ્યિમની ઓછપ દૂર કરે છે. તલનો ઉપયોગ કેવી રીતે કરવો એ કહેવાની જરૂર નથી. બસ અમથું લો કે આનો ઉપયોગ કરવો શ્રેષ્ઠ છે. હાડકાંને મજબૂત રાખવા કે ફ્રેક્ચરથી બચવા તલ જેવી બીજી કંઇ વસ્તુ નથી.

સૂરજમુખીના બીજ : શરીરને આકર્ષક બનાવે છે. આનો ઉપયોગ લોકો ઓછા પ્રમાણમાં કરે છે. ઓમેગા ફેટી એસિડ શરીર માટે ઘણું જરૂરી છે. જે બહુ ઓછી વસ્તુઓમાં છે. આનો ઉપયોગ કરી તેનો સ્ત્રોત શરીરને આપવો જોઈએ.

પમકીનસીડઃ પ્રોટીન, મેગ્નેશિયમ અને પોટેશિયમની સાથે સાથે વિટામિન કેનું પ્રમાણ સારી માત્રામાં છે જે આર્થરાઇટીસથી બચાવે છે. આનું વિટામિન કે હાડકાંમાં કેલ્શિયમનું શોષણ કરવામાં મદદ કરે છે. વિટામિન કેના પણ સ્ત્રોત ઓછા છે. વિટામિન કે માટે આ સીડ વાપરવા યોગ્ય છે.

કલિંગર અને સક્કરટેટીના બીજ : એ પ્રોટીન, પોટેશિયમ અને કેલિશ્યમનો સ્ત્રોત છે. આ બીજ વજન ઘટાડવા, ગ્લાયસેમિક ઇન્ડેક્સ ઘટાડવા માટ ઉપયોગી છે. સ્વાદમાં અનેરો છે. જેથી મુખવાસમાં આનો ઉપયોગ કરી લાભ લઈ શકાય છે. આંખોની ચમક વધારી દે છે. ચામડી લીસી રાખે છે. શાકની ગ્રેવી બનાવવા આનો ઉપયોગ મોટા પ્રમાણમાં થાય છે. આ સીડને ભીંજવીને પીસીને કપડાંથી ગાળી જે દૂધ નીકળે તે વધુ ફાયદાકારક છે.

બધા જ પ્રકારના મેવા (ડ્રાયફ્રૂટ)માં ફાયટા એસિડ છે જે શરીરની ઇમ્યુનીટી વધારી દે છે. પ્રોટીન જે શરીરના બંધારણ માટે જરૂરી છે. તે બધા જ ડ્રાયફ્રૂટમાં છે. નોંધ રાખો કે આ ડ્રાયફ્રૂટસ ફલેવરવાળો કે કલરવાળા ન હોવા જોઇએ. બધા જ ડ્રાયફ્રૂટને પાંચથી છ કલાક ભીંજવીને વાપરવા એટલે કે તેને એકિટવ કરવા. ત્યારે જ તે ખાવા યોગ્ય હોય છે. મેવાની ચીકી, ચટણી, દૂધ કે સ્મુથીમાં નાખી ઉપયોગ કરી શકાય છે.

બધા જ સીડ (બીજ) ડ્રાયફ્રૂટનો ઉપયોગ પ્રમાણસર કરવો જોઇએ. જેમ અતિની ગતિ નથી. તેમ વધુ પ્રમાણમાં ખાઇ લેવાથી નુકસાન થાય છે. અતિ પ્રમાણમાં શેકેલા બીજ, મેવા એ ખાવા યોગ્ય નથી. એટલે કે વધુ પડતાં શેકવા નહીં. કોઇ પ્રકારના ફલેવરવાળા વાપરવા નહીં. ફલેવરવાળા બનાવવા માટે કેમિકલનો ઉપયોગ વધુ થઇ રહ્યો છે.

દવા કે સપ્લિમેન્ટના ઉપયોગથી બચવા માટે, સ્વસ્થ રહેવા માટે યોગ્ય રીતે રોજિંદા ખોરાકમાં અલગ અલગ બીજ અને મેવાનો ઉપયોગ થાય તેવી રીતની યોજના બનાવી લેવાથી ઘણીય તકલીફોથી બચી શકાય છે.

હાલમાં દેખાતી વ્યાધિઓ જેવી કે વિટામિન-બી અને વિટામિન-ડીની ઊણપથી પણ બચી શકાય છે. ■

feedback@bombaysamachar.com
મોજની ખોજ
સુભાષ ઠાકર

# પાણીને જો તરવું હોય તો બરફ બનવું પડે...



ભગવાન જાણે અમારી સાથે શું દુશ્મની હશે કે કાલે કોઈ ચંબુ સોસાયટીની ટોઇલેટની ટાંકીમાં બરફના ટુકડા નાખી ગયો ત્યારે ખબર પડી કે હવે ઓફિશિયલ શિયાળાની શરૂઆત થઇ ચુકી છે. તમે નહીં માનો પણ પછી તો એવી સોલીડ ઠંડી પડી કે લેપટોપમાં હું 'પાણી' લખું તો સ્ક્રીન પર 'બરફ' છપાય. અરે, ભેંશને દોહીએ તો દૂધના બદલે ગુલ્ફી નીકળે એવી કાતિલ ઠંડીમાં આજે સવારે હજી તો ટુવાલ પહેરી બાથરૂમમાં ન્હાવા માટે જઉ એ પહેલાં ટીવી પર સમાચાર જોયા કે 'અમેરિકામાં કરા પડ્યા ને કાતિલ ઠંડીને કારણે ચારનાં મોત' આ સાંભળી મારું બોડી વાઈબ્રેટર મોડ પર આવી ગયું. જીવ કોને વ્હાલો ન હોય.? મેં તો તુર્તજ ન્હાવાનું માંડી વાળી ટુવાલ કાઢી પાછા કપડા પહેરી લીધા. જીવતા હોઈશું તો ઉનાળામાં નાઈ લેશું. બસ આટલું વિચારી ન્હાયા વગર જ બ્રાહ્મણ સોશ્યલ ગ્રુપની પિકનિકમાં પહોંચ્યો ત્યાં પ્રમુખ રમણીકભાઈ ઉપાધ્યાયે મારો પરિચય આપ્યો 'પ્રિય સભ્યો, સુભાષ ઠાકર ઉર્ફે 'બદનામ'. આપણા ગ્રુપના શાયર ને 'મૈ શાયર બદનામ' ને 'કાયર બન્યો શાયર' પુસ્તકના લેખક પોતાની શાયરી રજૂ કરશે'

'આભાર, એક્ચ્યુઅલી મારી શાયર તરીકે કેરિયરની શરૂઆત નાનપણમાં સોસાયટીના નાનકડા ફંક્શનથી થયેલી ને મેં શાયરી લલકારેલી.'મારી છલોછલ કરુણાની મૂર્તિ જેવી કરુણ શાયરીમાં પણ મારા ચાહકોને ખડખડાટ હસાવ્યા છે ને ઈશ્વર કૃપાથી આ જ રીતે લોકોને ફસાવ્યા છે... મિત્રો, મારી આ શાયરી 'અશક્તિનું અખબાર' નામના નવા છાપામાં છપાયા પછી છાપું બંધ થઇ ગયું ને મને જવાબદાર ઠેરવ્યો તો મેં કીધુ 'સોરી માફ કરો હું હમણાં હમણાં નવો નવો શાયર બન્યો છું, હવેથી ધ્યાન રાખીશ. આટલી વખત ચલાવી લો.'

'અરે અખબાર જ નઈ ચાલે તો તને તંબુરામાંથી ચલાવીએ. તે અખબારની વાટ લગાડી નથી, વાટ સળગાવી પણ છે' પ્રમુખ ભડક્યા. પણ યુ નો કે દરેક નિષ્ફળતા એક સફળતાનું પગથિયું છે. પછી તો મને કવિ પણ બનવાની જોરદાર ખુજલી ઊપડી. એટલે કવિ વાયા શાયર. મિત્રો મારા જીવનમાં આ ગ્રુપે મને શું આપ્યું એ નથી વિચાર્યું પણ ગ્રુપને હું વાર્ષિક લાવાજમ પણ ન આપી શકું તો બીજુ શું આપી શકું એવા ઉમદા હેતુથી એક ઉમદા શાયરી રજૂ કરુ છું જેની પાછળ એક ઈતિહાસ છુપાયેલો છે.'

'અરે ઈતિહાસ છુપાયો હોય કે ભૂગોળ તું શાયરી બોલને...' પ્રેક્ષકોમાંથી દિનેશ જોશી બોલ્યો.

'ઓકે. કાલે પડેલી ભયંકર ઠંડીથી મારા અંતરમાંથી નીકળેલી અદ્ભુત ચાર લાઈન આપ સૌની સેવામાં. 'નિત નાય એ નરકમાં જાય, માસે નાય એ મહાપદ થાય, વર્ષે નાય એ વૈકુંઠ જાય ને કદી ન નાય એના ઘેર જમ ન જાય' ને મિત્રો, આમ પણ જીવનનું પહેલું સ્નાન બીજો કોઈ કરાવે ને છેલ્લું સ્નાન પણ બીજો જ કરાવે તો આપણે વળી કઈ વાડીના મૂળા કે જીવનભર જાતે નાવાની જીદ કરીએ ને આમ પણ જીવનમાં મને ઘણા લોકોએ પાણી વગર પણ નવડાવ્યો છે.' આટલું સાંભળી સભ્યોના ચહેરા કોઈના બેસણામાં બેઠા હોય એવા થઈ ગયા.

'મિત્રો, આપની દાદ મળશે તો મને આગળ આવવાની પ્રેરણા મળશે. સાંભળો...આ મારું લેટેસ્ટ કાવ્ય :

'તું કહે તો આકાશના બધા તારા, તારા માટે તોડી લાવું, પણ તું જો સવારે આવે તો હું શું કરું? તું કહે તો આ

ચંદ્રની શીતળતા હમણાં ધરતી પર ઢાળી દઉ, પણ તું જો સૂરજની હાજરીમાં માગે તો હું શું કરું? અરે આ ધોમધખતો સૂરજ તારા ચરણમાં ઢાળી દઉં પણ તું જો રાત્રે આવે તો હું શું કરું?'

પ્રેક્ષકોમાંથી 'ઈર્શાદ-ઈર્શાદ'ના નારા લાગ્યા.

'હું ઈર્શાદ નથી સુભાષ ઠાકર છું.... ઈર્શાદને ફરી ક્યારેક સાંભળજો અત્યારે હું તો તમને કાનથી હૃદય સુધી પહોંચે એવી કવિતાનો ખજાનો લઈને આવું પણ મને કોઈ સાંભળનાર જ ન મળે તો હું શું કરું?'

'સોરી બકા, હવે તારે કશું જ કરવાનું નથી જે કરશું એ અમે કરશું ને હવે તું બોલ તારી આવી ઘટિયા શાયરી અમારા માથા પર ફટકારે તો અમે ભડકીએ નઈ તો શું કરીએ?' ઓડિયન્સ તો ભડક્યું.

'અરે, પણ આ શાયરી નથી આ અદ્ભુત કાવ્ય છે. જરા સમજો.'

'તું જ સમજ ને હવે બંધ થા. અમારે સમજીને શું કાંદા કાઢવા છે' જીજ્ઞા પંડ્યા વચ્ચે જ ભડકી.

'મિત્રો, આ હજી ઠાકરની શરૂઆત છે. આપણે તો પ્રોત્સાહન આપવાનું હોય' પ્રમુખે મારી ફેવર કરી.

'તંબુરો પ્રોત્સાહન? જે વાર્ષિક લવાજમ નથી આપી શકતો એને વળી શું પ્રોત્સાહન આપવાનું?'

'અરે સ્ટોપ ઇટ નાઉ ... ધીસ ઈઝ બીગ ઈન્સલ્ટ ઓફ મી એન્ડ માય શાયરી' મારી પણ છટકી.

'અરે શાંત થાઓ. અરે ગ્રુપ ચલાવવું હશે તો આવા ઘટિયા શાયર ને એની ભંગારના પેટની શાયરી ચલાવવી પડશે. એની શાયરીઓ સાંભળવાની શરતે આજના આખા ફંક્શનનો ખર્ચો ઠાકરે આપ્યો છે' પ્રમુખે ભેદ ખોલ્યો.

'અરે, પણ આટલી ઘટિયા શાયરી સાંભળી ગ્રુપમાં કોઈને આઘાત લાગે ને લકવાનો હુમલો આવે તો જવાબદાર કોણ? ગ્રુપે કેટલું ને શું કામ સહન કરવાનું?. અરે બોલો બધા.' ચંદ્રકાંત ઉવાચ

'અરે મને એમ કે ગ્રુપ મને તક આપે તો મારું તકદીર બદલાઈ જાય એટલે.'

'હા પણ તારું તકદીર બદલવામાં અમને કેટલી તકલીફ પડી એ જોઈ? જો તારે ઘર ચલાવવાનું છે પણ મારે ગ્રુપ ચલાવવાનું છે. સમજ્યો? પછી પ્રમુખ મને એક બાજુ લઇ જઈ બોલ્યા 'તારાથી ન ભડકાય એકદમ શાંત થઇ જા. સાંભળ પાણીને પણ તરવું હોય તો બરફ બનવું પડે. સમજ્યો? આપણને ગમે એ નઈ પણ સામેવાળાને જે ભાવે એ પીરસાય' પ્રમુખે સમજાવ્યો.

'સોરી સમજી ગયો.. હવેથી પૂરી તૈયારી સાથે મેદાનમાં ઊતરીશ. બસ?'

શું કહો છો? ■

feedback@bombaysamachar.com
વિશેષ
રેખા દેશરાજ

# જડીબુટ્ટી માત્ર ફાયદો જ નહીં, નુકસાન પણ પહોંચાડી શકે છે



વર્તમાનમાં પ્રાકૃતિક દવાઓ એટલે કે જડીબુટ્ટીઓમાં લોકોનો વિશ્વાસ ખૂબ વધ્યો છે, પરંતુ વધતા જતા આ વિશ્વાસ વચ્ચે સાવધાનીથી વર્તવું પણ એટલું જ જરૂરી છે કેમ કે છેલ્લાં કેટલાંક વર્ષથી જડીબુટ્ટી અને વિવિધ પ્રકારના હર્બલ ઉત્પાદનોનો જે રીતે આડેધડ ઉપયોગ શરૂ થયો છે તેનાથી ફાયદાની જગ્યાએ અનેક પ્રકારનું નુકસાન થઈ રહ્યું હોવાનું પણ સામે આવી રહ્યું છે.

હકીકતમાં સામાન્ય માણસ જડીબુટ્ટીને દરેક રીતે સુરક્ષિત માને છે અને એટલે જ ઘણીવાર તેઓ કઈ જડીબુટ્ટી ક્યારે અને કઈ રીતે ખાવી જોઈએ એ અંગે જાણકારોની સલાહ લેવાનું પણ જરૂરી નથી સમજતા.

ઘણીવાર જે જડીબુટ્ટીઓ સામાન્ય રીતે આરોગ્ય માટે લાભકારક હોય છે ક્યારેક તેને કારણે પણ નુકસાન થતું હોવાનું જોવા મળે છે અને એટલે પહેલા તો એ ગાંઠ બાંધી લો કે ભલે ગમે તે વસ્તુ કેમ ન હોય, જાણકારની સલાહ વગર તે ક્યારેય ખાવી ન જોઈએ.

આજકાલ વૉટ્સઍપ, યુ-ટ્યૂબ, સોશ્યલ મીડિયા પર જડીબુટ્ટીને લઈને જે ખેલ ચાલી રહ્યો છે તેને કારણે પણ નુકસાન થવાની સંભાવના વધી જાય છે.

પ્રશ્ન એ છે કે જડીબુટ્ટીઓનો ઉપયોગ કરતી વખતે ક્યા ક્યા પ્રકારની સાવધાની રાખવી જોઈએ જેથી કરીને આપણે તેનાં નુકસાનના જોખમથી બચી શકીએ?, પરંતુ સૌથી પહેલાં આપણે એ જાણી લેવું જોઈએ કે જે જડીબુટ્ટીને આપણે માત્ર ફાયદાકારક સમજીએ છીએ અંતે તેનાથી નુકસાન કઈ રીતે થાય છે?

વાસ્તવમાં જડીબુટ્ટીઓ ઝાડ-છોડવાઓમાંથી મળે છે અને એટલે જ તેને રાસાયણિક દવાઓની સરખામણીએ વધુ કોમળ માનવામાં આવે છે, પરંતુ દરેક કોમળ વસ્તુના ડોઝની પણ એક મર્યાદા હોય છે.

ઘણીવાર લોકો જડીબુટ્ટી નુકસાન ન પહોંચાડતી હોવાનું માની લઈ તેનાં ઑવર ડોઝનો શિકાર બની જાય છે. મતલબ તેની સુરક્ષિત મર્યાદા કરતાં તેનો વધુ ઉપયોગ કરી લે છે જેના કારણે ઊલટી, ઝાડા, માથાનો દુઃખાવો, ચક્કર જેવી સમસ્યા તો ઊભી થાય જ છે, પરંતુ ક્યારેક તેને કારણે લિવર કે કીડની પણ ફેલ થઈ શકે છે અને એટલે જ ક્યારેય કોઈ પણ જડીબુટ્ટી નિર્ધારિત ડોઝ કરતાં વધુ માત્રામાં ન લેવી.

ભારતમાં આયુર્વેદિક, સિદ્ધ અને યુનાની જેવી ચિકિત્સા પદ્ધતિ સદીઓથી ઉપયોગમાં લેવાઈ રહી છે. કહેવાને મતલબ આનું આપણને વારસાગત જ્ઞાન છે, પરંતુ જ્ઞાન હોવા છતાં એવું બની શકે છે કે કોઈ વિશેષ જડીબુટ્ટીથી કોઈને કંઈ ન થતું હોય અને કોઈને એલર્જી થાય. એવામાં જેને એલર્જી થતી હોય તેને જડીબુટ્ટીની ત્વચા કે શરીરના અન્ય ભાગ પર આડઅસર થઈ શકે છે. તેને શ્વાસ લેવામાં તકલીફ થઈ શકે છે અથવા શરીર પર સોજા આવી શકે છે અને એટલે જ જડીબુટ્ટીનો ઉપયોગ કરતા પહેલાં જાણકાર વ્યક્તિની સલાહ લેવી જરૂરી છે. ભલે પછી એ જડીબુટ્ટી તમારા પરિવારમાં અગાઉ કોઈએ ઉપયોગમાં લીધી હોય અને તેને આ જડીબુટ્ટીને કારણે કોઈ તકલીફ ન થઈ હોય.

અમુક જડીબુટ્ટી પાચનક્રિયા સુધારવા, રોગપ્રતિકારક શક્તિ વધારવા અને શરીર પરના સોજા ઉતારવામાં ખૂબ અસરકારક હોવાનું મનાતું હોય છે, પરંતુ ક્યારેક આ જ જડીબુટ્ટી અન્ય કોઈ વ્યક્તિ જે પહેલા વિદેશી દવાઓનો ઉપયોગ કરતી હોય તેના માટે ખતરનાક પણ સાબિત થઈ શકે છે કેમ કે આ જડીબુટ્ટી વિદેશી દવાની અસર વધારી કે ઘટાડી પણ શકે છે જેના કારણે શરીરનો લય તૂટી જાય છે અને જે જડીબુટ્ટીને એકદમ સુરક્ષિત માનવામાં આવતી હોય તેનાં કારણે પણ શરીરને નુકસાન થઈ શકે છે.

જડીબુટ્ટીને લઈને આપણાં બધામાં તેનાં દીર્ઘકાલિન ઉપયોગની ધારણા બંધાયેલી છે. લગભગ પ્રત્યેક વ્યક્તિ એમ માને છે કે જડીબુટ્ટીનો લાંબા સમય સુધી ઉપયોગ કરી શકાય છે કેમ કે તેની કોઈ આડઅસર નથી હોતી, પરંતુ આ વાત સાચી નથી.

વિશેષ કરીને ગર્ભાવસ્થા અને સ્તનપાન કરાવતી મહિલાઓ આ પ્રકારનાં ભ્રમનો શિકાર બની શકે છે. આ જડીબુટ્ટી ગર્ભાશયનું સંકુચન વધારી શકે છે કે પછી વિશેષ સ્થિતિમાં શરીરનું હોર્મોનલ સંતુલન બગાડી શકે છે. આ કારણે વિશેષ પરિસ્થિતિમાં જડીબુટ્ટીનો ઉપયોગ કરતાં પહેલાં તેનાં નિષ્ણાતો પાસેથી સલાહ લેવી અત્યંત જરૂરી છે.

છેલ્લે એ વાત પણ ધ્યાનમાં રાખવી જેવી છે કે જે રીતે વર્તમાનમાં લગભગ તમામ ક્ષેત્રે ભેળસેળની બોલબાલા છે તે રીતે જડીબુટ્ટીઓમાં પણ ખૂબ જ ભેળસેળ થતી હોવાનું જોવા મળી રહ્યું છે. જડીબુટ્ટીની આ અશુદ્ધતા અનેકવાર જીવલેણ પણ પુરવાર થાય છે. જો જીવ ન જાય તો પણ ભેળસેળયુક્ત જડીબુટ્ટી શરીર માટે અનેક રીતે જોખમી તેમ જ હાનિકારક પુરવાર થઈ શકે છે અને વ્યક્તિને પરેશાન કરી શકે છે. માટે જ જડીબુટ્ટીઓનો ઉપયોગ જાણ્યા-વિચાર્યા વગર ક્યારેય ન કરવો જોઈએ. જડીબુટ્ટીનો ઉપયોગ કરતાં પહેલાં કાયમ તેનાં યોગ્ય જાણકાર કે નિષ્ણાતની સલાહ લઈ લેવી જોઈએ.

અમુક જડીબુટ્ટીઓમાં તો કાયમ આ પ્રકારનું જોખમ જોવા મળે છે જેમ કે હળદર સોજા ઉતારવામાં મદદરૂપ થાય છે, પરંતુ જરૂર કરતાં વધુ હળદરનો ઉપયોગ કરવામાં આવે તો પેટમાં બળતરા કે લોહી પાતળું થઈ જવાની સમસ્યા વધી જાય છે.

એ જ પ્રમાણે અશ્વગંધા તણાવ અને થાકમાં તો લાભકારક છે જ પરંતુ, જો તમારામાં થાઈરોઈડનાં લક્ષણ જોવાં મળતાં હોય તો તેવા સંજોગોમાં જાણકારની સલાહ વિના તેનો ઉપયોગ ક્યારેય ન કરવો કેમ કે થાઈરોઈડની સ્થિતિમાં અશ્વગંધા શરીરમાં હોર્મોનનું સંતુલન બગાડી શકે છે.

એલોવિરાના ઉપયોગમાં પણ આ જ પ્રકારની સાવચેતી રાખવી જરૂરી છે કેમ કે તે કબજિયાતમાં તો ઉપયોગી છે, પરંતુ તેનો આડેધડ વપરાશ કરવામાં આવે તો શરીરમાં ઈલેક્ટ્રોલાઈટ અસંતુલન વધી જાય છે. આ જ વાત લીમડા જેવી લગભગ તમામ બાબતમાં ઉપયોગી જડીબુટ્ટીને પણ લાગુ પડે છે. લીમડો જીવાણુવિરોધી ગુણો ધરાવતી એવી જડીબુટ્ટી છે કે તેનો વધુ પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવે તો લીવર પર તેની અસર થઈ શકે છે. રોગપ્રતિકારક શક્તિ વધારતી ગિલોયનું વધારે પડતું સેવન લીવરને અને રોગપ્રતિકારક શક્તિને પણ હાનિ પહોંચાડે છે.

ટૂંકમાં એટલું જ કહેવાનું છે કે જડીબુટ્ટીઓને ચમત્કાર માની લેવાની ભૂલ ન કરવી. જોકે તેને ઝેર માની લેવાની પણ જરૂર નથી. આ એવી ઔષધીઓ છે જે સમસ્યાઓમાં આપણને લાભ પહોંચાડે છે તો ક્યારેક તેનો ઉપયોગ સમસ્યા પણ ઊભી કરે છે અને તેથી જ આંખ બંધ કરીને તેનો ઉપયોગ ન કરવો જોઈએ. ■

feedback@bombaysamachar.com
ટૂંકું ને ટચ
રશ્મિ શુકલ

# સવારે ખાલી પેટે નાળિયેર પાણી પીવાના ફાયદા શું?



નાળિયેર પાણી ઘણા જરૂરી પોષક તત્ત્વોથી ભરપૂર છે. સવારે ખાલી પેટે તેનું સેવન કરવાથી શરીરને અનેક ફાયદા થઈ શકે છે. ચાલો આ વિશે ડાયેટિશિયન ડો.

અનામિકા ગૌર પાસેથી વધુ જાણીએ.

નાળિયેર પાણી એક કુદરતી અને હળવું પીણું છે જેમાં ઘણા જરૂરી પોષક તત્ત્વો હોય છે. તેમાં પોટેશિયમ, મેગ્નેશિયમ, કેલ્શિયમ, સોડિયમ, વિટામિન સી અને એન્ટીઑક્સિડન્ટ હોય છે. તે શરીરમાં ઇલેક્ટ્રોલાઇટ સંતુલન જાળવવામાં મદદ કરે છે. ઉનાળામાં, વધુ પડતો પરસેવો થતો હોય ત્યારે અથવા ડિહાઇડ્રેશનના કિસ્સામાં તે ખાસ કરીને મહત્ત્વપૂર્ણ છે. તે હાઈ બ્લડ પ્રેશરના દર્દીઓ, નબળાઈ અનુભવતા લોકો, રમતવીરો, સગર્ભા સ્ત્રીઓ અને વૃદ્ધો માટે ખાસ કરીને ફાયદાકારક હોઈ શકે છે.

નાળિયેર પાણી શરીરને હાઇડ્રેટેડ રાખવા, કિડનીના કાર્યને ટેકો આપવા અને પાચનતંત્રને સુધારવામાં મદદરૂપ માનવામાં આવે છે. તે એસિડિટી, પેશાબ દરમિયાન બળતરા અને હળવી નબળાઈ જેવી કેટલીક પરિસ્થિતિઓમાં પણ મદદરૂપ થઈ શકે છે. જો કે, તેને કોઈપણ રોગનો ઈલાજ માનવામાં આવતો નથી. તેનું સેવન મધ્યમ માત્રામાં કરવું સ્વાસ્થ્ય માટે ફાયદાકારક છે. ચાલો સવારે ખાલી પેટે નાળિયેર પાણી પીવાના ફાયદાઓ શોધી કાઢીએ.

સવારે ખાલી પેટે નાળિયેર પાણી પીવાના ફાયદા શું છે?

સવારે ખાલી પેટે નાળિયેર પાણી પીવાથી શરીરને દિવસની શરૂઆતમાં જરૂરી ઇલેક્ટ્રોલાઇટ્સ મળે છે. તે રાત્રે શરીરમાં પાણીની ઊણપને પૂર્ણ કરે છે અને શરીરને હાઇડ્રેટ કરે છે. આનાથી પાચનમાં સુધારો થાય છે અને પેટ હળવું લાગે છે. ઘણા લોકોને એસિડિટી અને ગેસથી રાહત મળે છે. નાળિયેર પાણીમાં હાજર પોટેશિયમ બ્લડ પ્રેશરને સંતુલિત કરવામાં મદદ કરી શકે છે. તે ચયાપચયને સક્રિય કરવામાં મદદ કરે છે, દિવસભર ઉર્જા જાળવી રાખે છે. તે ત્વચા માટે પણ ફાયદાકારક માનવામાં આવે છે, કારણ કે તે શરીરમાંથી ઝેરી તત્ત્વોને દૂર કરવાની પ્રક્રિયાને ટેકો આપે છે. તેનું નિયમિત અને મર્યાદિત માત્રામાં સેવન કરવાથી શરીર તાજું થઈ શકે છે અને થાક ઓછો થઈ શકે છે. ■

# મુંબઈમાં ક્યારે યોજાશે ટીમ ઈન્ડિયાની ભવ્ય વિજય પરેડ? સીએમ ફડણવીસે આપી મહત્ત્વની અપડેટ...

મુંબઈઃ આઠમી માર્ચના અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાયેલી આઈસીસી ટી-૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ની ફાઇનલમાં ટીમ ઈન્ડિયાએ શાનદાર જીત મેળવીને દેશભરમાં હોળી બાદ દિવાળી જેવો માહોલ સર્જી દીધો છે. આ બધા વચ્ચે મુંબઈમાં ટીમ ઈન્ડિયાની 'વિક્ટરી પરેડ' ક્યારે યોજાશે, એને લઈને ચાહકોમાં ભારે ઉત્સુકતા હતી જેનો જવાબ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે આપ્યો છે. આવો જોઈએ ક્યારે યોજાશે ટીમ ઈન્ડિયાની વિક્ટરી પરેડ...

ફડણવીસે ટીમ ઈન્ડિયાને ઐતિહાસિક જીત માટે શુભેચ્છા પાઠવી હતી. આ સિવાય પ્રેસ કોન્ફરન્સમાં મુંબઈમાં ટીમ ઈન્ડિયાની વિક્ટરી પરેડ ક્યારે યોજાશે એનો જવાબ પણ આપ્યો હતો. સીએમ ફડણવીસે જણાવ્યું હતું કે ટી-૨૦ વર્લ્ડ કપ જીતનાર ટીમ ઈન્ડિયાના ખેલાડીઓના સ્વાગત માટે મુંબઈ સજ્જ થઈ રહ્યું છે. ફડણવીસે વિજય પરેડના આયોજન અંગે માહિતી આપી છે.

ફડણવીસે વિક્ટરી પરેડ અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે, ભારતીય ટીમની આ જીત સમગ્ર દેશ માટે ગૌરવની ક્ષણ છે. ટીમ ઈન્ડિયાના ખેલાડીઓનું સન્માન કરવા માટે મુંબઈમાં એક ભવ્ય વિજયી પરેડ અને સન્માન સમારોહનું આયોજન કરવામાં આવશે. તેમણે એવો અંદાજો પણ આપ્યો હતો કે ટીમ ઈન્ડિયા દિલ્હીથી જેવી મુંબઈ પાછી આવશે કે તરત જ તેમની વિક્ટરીનું સેલિબ્રેશન કરવામાં આવશે.

વાત કરીએ વિક્ટરી પરેડના રૂટની તો સૂત્રોના જણાવ્યા અનુસાર, ૨૦૦૭ અને ૨૦૨૪ની જેમ જ આ વખતે પણ વિજય પરેડ મુંબઈના મરીન ડ્રાઈવથી શરૂ થઈને વાનખેડે સ્ટેડિયમ સુધી યોજાઈ શકે છે. વાનખેડેમાં ખેલાડીઓ માટે વિશેષ સન્માન સમારોહનું આયોજન કરવામાં આવશે, જ્યાં બીસીસીઆઈના પદાધિકારીઓ અને રાજ્ય સરકારના પ્રતિનિધિઓ હાજર રહેશે. જોકે, આ બાબતે હજી સુધી કોઈ સત્તાવાર માહિતી સામે આવી નથી.

મુંબઈ પોલીસને આ ભવ્ય ઈવેન્ટ માટે કડક સુરક્ષા વ્યવસ્થા જાળવી રાખવા સૂચના આપવામાં આવી છે. લાખોની સંખ્યામાં ચાહકો ઊમટી પડવાની શક્યતા જોતાં ટ્રાફિક મેનેજમેન્ટ અને ક્રાઉડ કંટ્રોલ માટે વિશેષ પ્લાન તૈયાર કરવામાં આવ્યો હોવાની માહિતી પણ સામે આવી રહી છે. ■




# ગૌતમ ગંભીરે ચાર હસ્તીઓને અર્પણ કરી ટ્રોફી

અમદાવાદઃ ભૂતપૂર્વ ઓપનિંગ બૅટ્સમૅન અને ટીમ ઇન્ડિયાના હેડ-કોચ ગૌતમ ગંભીરે વર્લ્ડ કપમાં ભારતે તેના કોચિંગમાં રવિવારે મેળવેલી મહાન સિદ્ધિ ચાર મોટી હસ્તીને અર્પણ કરી છે.

ખુદ ગૌતમ ગંભીરે આ ઉપલબ્ધિ રાહુલ દ્રવિડને, બીસીસીઆઈની બેંગલૂરુ-સ્થિત ક્રિકેટ ઍકેડેમીના ચીફ વીવીએસ લક્ષ્મણને, ચીફ સિલેક્ટર અજિત આગરકરને તેમ જ બીસીસીઆઈના ભૂતપૂર્વ સેક્રેટરી અને આઈસીસી ચેરમૅન જય શાહને ડેડિકેટ કરી છે.

ગૌતમ ગંભીરે રવિવારે ઐતિહાસિક વિજય બાદ પત્રકારોને કહ્યું હતું કે મારી અને ટીમ ઇન્ડિયાની આ અપ્રતિમ સફળતામાં આ ચાર દિગ્ગજોનું મોટું યોગદાન છે.'

ભારતે રવિવારે ફાઇનલમાં ન્યૂ ઝીલૅન્ડને ૯૬ રનથી હરાવી દીધું હતું. ભારત ટી-૨૦નો વર્લ્ડ કપ ત્રીજી વખત જીતનાર પ્રથમ દેશ બન્યો છે. આ ટાઈટલ બૅક-ટુ-બૅક જીતનાર પણ ભારત પહેલો દેશ છે અને આ ફૉર્મેટનો વિશ્વ કપ યજમાન દેશ જીત્યો હોય એવું પણ પહેલી વાર બન્યું છે.

ગંભીરે પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું હતું કે બે વર્ષ પહેલાં રાહુલ દ્રવિડે ટીમ ઇન્ડિયા મને બહુ સારી સ્થિતિમાં સોંપી હતી તેમ જ લક્ષ્મણે બેંગ્લૂરુ-સ્થિત સેન્ટર ઑફ એક્સેલન્સમાં ટીમ ઇન્ડિયાના તેમ જ ઊભરતા ખેલાડીઓને તૈયાર કરવામાં જે ભૂમિકા ભજવી છે એ લાજવાબ છે. હું સૌથી પહેલાં આ ટ્રોફી રાહુલભાઈને ડેડિકેટ કરવાનું પસંદ કરીશ.

લક્ષ્મણે પણ આ સફળતા મેળવવાના મિશન માટે બિહાઈન્ડ ધ ડોર્સ સતત ભૂમિકા ભજવી હતી એટલે તેઓ પણ આ ટ્રોફી માટે એટલા જ હકદાર છે. અજિત આગરકરે સિલેક્શનની બાબતમાં ઘણી ટીકાઓ સહન કરી હતી, પરંતુ તેની નિષ્ઠાને દાદ દેવી પડે.'

ગૌતમ ગંભીરે જય શાહની બાબતમાં કહ્યું હતું કે બે વર્ષના મારા કોચિંગના સમયગાળા દરમ્યાન હું ખાસ કરીને ન્યૂ ઝીલૅન્ડ અને સાઉથ આફ્રિકા સામેની સિરીઝના પરાજય વખતે હતાશ હતો ત્યારે ખાસ તો કોઈએ પણ મને હિંમત અપાવવા મારો સંપર્ક નહોતો કર્યો, પરંતુ જય શાહે મને કૉલ કરીને મારો આત્મવિશ્વાસ વધાર્યો હતો. અગાઉ મને ક્યારેય હેડ-કોચ તરીકેનો અનુભવ નહોતો એમ છતાં જય શાહે મારામાં સતત વિશ્વાસ જાળવી રાખ્યો એ બદલ હું તેમનો ખૂબ ખૂબ આભારી છું. હું એવું માનું છું કે આ ચાર હસ્તીઓ જ્યાં સુધી વહીવટમાં સક્રિય રહેશે ત્યાં સુધી ભારતીય ક્રિકેટ સલામત છે.'

હેડ-કોચ ગૌતમ ગંભીરે કેપ્ટન સૂર્ય કુમાર યાદવ તેમ જ ભારતીય ટીમના તમામ ખેલાડીઓના પણ ખૂબ વખાણ કર્યા હતા. ■





**ટ્રોફી જીત્યા પછીની નિરાંતઃ** અમદાવાદના મેદાન પર વર્લ્ડ કપની બહુમૂલ્ય ટ્રોફી સાથે કૅપ્ટન સૂર્યકુમાર. (પીટીઆઈ)

# અમદાવાદમાં બન્યા નવા વિક્રમોઃ છગ્ગાનો રેકૉર્ડ સૅમસનના નામે

અમદાવાદઃ ભારત ૨૦૦૭ અને ૨૦૨૪ પછી હવે ૨૦૨૬માં પણ ટી-૨૦નું ચૅમ્પિયન બન્યું. આ ફૉર્મેટના ત્રણ સર્વોચ્ચ ટાઇટલ જીતનાર ભારત પ્રથમ દેશ છે. આ ટૂર્નામેન્ટની બૅક-ટુ-બૅક ટ્રોફી જીતનાર પણ ભારત પહેલો દેશ છે. અગાઉ કોઈ ડિફેન્ડિંગ ચૅમ્પિયને વિજેતાપદ મેળવ્યા પછીના વર્લ્ડ કપની ફાઇનલમાં પણ પ્રવેશ નહોતો કર્યો, જ્યારે ભારતે તો ટાઇટલ જીતી લીધું. વેસ્ટ ઇન્ડિઝ અને ઇંગ્લૅન્ડ પાસે બે-બે ટાઇટલ છે. યજમાન દેશ ટી-૨૦ વર્લ્ડ કપ જીત્યું હોય એવું પણ પહેલી જ વખત બન્યું છે.

(૧) ટી-૨૦ વર્લ્ડ કપમાં ભારતે ભૂતકાળમાં ન્યૂ ઝીલૅન્ડ સામે ત્રણ મૅચમાં પરાજિત થયા પછી રવિવારે પહેલી જ વખત એની સામે વિજય મેળવ્યો અને એ પણ ફાઇનલમાં! હવે બન્ને દેશ વચ્ચે ૧-૩નો રેશિયો છે. ભારત આ વિશ્વ કપના ઇતિહાસમાં હવે એકમાત્ર શ્રીલંકાને ક્યારેય નથી હરાવી શક્યું.

(૨) બુમરાહે ટી-૨૦ ઇન્ટરનૅશનલ મૅચમાં પહેલી વખત ચાર વિકેટ લીધી. રવિવારે તેણે ૧૫ રનમાં ચાર વિકેટ મેળવી હતી અને મેન્સ ટી-૨૦ વર્લ્ડ કપની ફાઇનલમાં ચાર વિકેટ લેનાર તે શ્રીલંકાના અજંથા મેન્ડિસ (૨૦૧૨માં વેસ્ટ ઇન્ડિઝ સામે ૪/૧૨) પછીનો બીજો બોલર બન્યો છે.

(૩) મેન્સ ટી-૨૦ આંતરરાષ્ટ્રીયની સતત બે મૅચમાં ૨૫૦-પ્લસ રન કરનાર ભારત પ્રથમ દેશ છે. ઇંગ્લૅન્ડ સામેની સેમિ ફાઇનલમાં ભારતનો સ્કોર ૭/૨૫૩ અને રવિવારે ન્યૂ ઝીલૅન્ડ સામે ૫/૨૫૫ હતો.

(૪) અભિષેક શર્માએ રવિવારે માત્ર ૧૮ બૉલમાં ૫૦ રન પૂરા કર્યા હતા અને એ રીતે તે ટી-૨૦ વર્લ્ડ કપની નૉકઆઉટ મૅચોનો ફાસ્ટેસ્ટ હાફ સેન્ચુરિયન બન્યો હતો. તેણે ન્યૂ ઝીલૅન્ડના ફિન ઍલન (૧૯ બૉલમાં ૫૦) અને ઇંગ્લૅન્ડના જૅકબ બેથેલ (૧૯ બૉલમાં ૫૦)ના વિક્રમ તોડ્યા હતા.

(૫) સંજુ સૅમસનના રવિવારના ૮૯ રન ટી-૨૦ વર્લ્ડ કપની ફાઇનલનો હવે હાઇએસ્ટ વ્યક્તિગત સ્કોર છે. તેણે વેસ્ટ ઇન્ડિઝના માર્લન સૅમ્યુલ્સ (ઇંગ્લૅન્ડ સામે ૮૫ અણનમ) અને ન્યૂ ઝીલૅન્ડના કેન વિલિયમસન (ઑસ્ટ્રેલિયા સામે ૮૫ રન)નો સહિયારો વિક્રમ તોડી નાખ્યો હતો. સૅમસન ટી-૨૦ વર્લ્ડ કપમાં ઉપરાઉપરી ત્રણ મૅચમાં ૮૦-પ્લસ રન કરનાર માહેલા જયવર્દને પછીનો વિશ્વનો બીજો ખેલાડી બન્યો છે.

(૬) ટી-૨૦ વર્લ્ડ કપની ફાઇનલમાં ઓપનિંગ બૅટ્સમેનોની ૪૮ રનની સૌથી મોટી ભાગીદારી અગાઉ પાકિસ્તાનના કામરાન અકમલ અને શાહઝૈબ હસન વચ્ચે ૨૦૦૯માં બની હતી જે રેકૉર્ડ અભિષેક-સૅમસનની જોડીએ ૯૮ રનની પાર્ટનરશિપ સાથે તોડી નાખ્યો છે.

(૭) ટી-૨૦ વર્લ્ડ કપની એક મૅચમાં શરૂઆતની પાવરપ્લેની છ ઓવરમાં અગાઉ વેસ્ટ ઇન્ડિઝનો વિશ્વવિક્રમ (૧/૯૨) હતો જે ભારતે રવિવારે ૦/૯૨ના સ્કોર સાથે તોડી નાખ્યો.

(૮) ટી-૨૦ ઇન્ટરનૅશનલ્સમાં પાવરપ્લેની ઓવર્સ પૂરી થતાં પહેલાં જ ૫૦ રનની સિદ્ધિ ચાર વખત મેળવનાર અભિષેક શર્મા વિશ્વનો એકમાત્ર પ્લેયર છે.

(૯) સૅમસને એક ટી-૨૦ વર્લ્ડ કપમાં ભારત વતી સૌથી વધુ ૩૨૧ રન કરવાની સિદ્ધિ મેળવી છે. તેણે વિરાટ કોહલી (૨૦૧૪ના વિશ્વ કપમાં ૩૧૯ રન)નો ભારતીય વિક્રમ તોડ્યો છે. સૅમસને સેમિ ફાઇનલ અને ફાઇનલ મળીને કુલ ૧૭૮ રન કર્યા અને એ રીતે તેણે કોહલીનો ૨૦૧૪ની સાલનો વિશ્વવિક્રમ તોડ્યો છે. કોહલીએ ૨૦૧૪ના વર્લ્ડ કપની સેમિ ફાઇનલ અને ફાઇનલ મળીને કુલ ૧૪૯ રન કર્યા હતા.

(૧૦) સૅમસને આ વખતના વર્લ્ડ કપમાં કુલ ૨૪ સિક્સર ફટકારી. એક ટી-૨૦ વિશ્વ કપમાં કોઈ પણ ખેલાડીની સૌથી વધુ સિક્સરનો આ નવો રેકૉર્ડ છે. તેણે કિવી પ્લેયર ફિન ઍલનના ૨૦ છગ્ગાનો વિશ્વવિક્રમ તોડી નાખ્યો છે. ■

## વર્લ્ડ ચૅમ્પિયનોનું ફૅમિલી આલ્બમ













રવિવારે ટી-૨૦માં ભારત સતત બીજી વાર ચૅમ્પિયન બન્યું ત્યાર બાદ અમદાવાદના મેદાન પર હેડ-કોચ ગૌતમ ગંભીર પત્ની નતાશા તથા પુત્રી સાથે, કૅપ્ટન સૂર્યકુમાર પત્ની દેવિશા સાથે, બુમરાહ પત્ની સંજના અને મમ્મી સાથે, જય શાહ પુત્ર સાથે તેમ જ વરુણ ચક્રવર્તી પુત્ર સાથે તેમ જ અક્ષર પટેલ પત્ની મેહા તથા પુત્ર સાથે તેમ જ સંજુ સેમસન

## સૂર્યા, ગંભીર અને જય શાહ હનુમાનના મંદિરે



અમદાવાદઃ ભારતે રવિવારે વિક્રમજનક ત્રીજી વખત ટી-૨૦નો વર્લ્ડ કપ જીતી લીધો ત્યાર બાદ આ મહાન સિદ્ધિ બદલ હનુમાનદાદાનો આભાર માનવા કૅપ્ટન સૂર્યકુમાર યાદવ, હેડ-કોચ ગૌતમ ગંભીર તેમ જ આઇસીસીના ચૅરમૅન જય શાહ અમદાવાદમાં હનુમાન ટેકડી મંદિરે ગયા હતા. સૂર્યકુમારે વિખ્યાત અડાલજની વાવ ખાતે જઈને ફોટો-શૂટ કરાવ્યું હતું. ■

# સૂર્યાએ પૂછેલું, 'વર્લ્ડ કપ જિતાયેગા?' ઇશાન કિશને સામું પૂછ્યું, 'ભરોસા કરોગે?'

## કઝિનના મૃત્યુને લીધે કિશન ફાઇનલ પહેલાં ગમગીન હતો

અમદાવાદઃ ટી-૨૦ વર્લ્ડ કપ પહેલાં ટીમ ઇન્ડિયાના ખેલાડીઓનું લિસ્ટ નક્કી થતાં પહેલાં કૅપ્ટન સૂર્યકુમાર યાદવે ઇશાન કિશનનું નામ મનોમન નક્કી જ કરી રાખ્યું હતું, પણ કન્ફર્મ કરવા માટે તેને માત્ર એટલું જ પૂછ્યું હતું કે 'વર્લ્ડ કપ જિતાયેગા?'

કિશને જવાબમાં સામું પૂછ્યું, 'ભરોસા કરોગે?' સૂર્યાએ ત્યારે તેને જવાબમાં 'હા' પાડી એ સાથે જ ટીમમાં કિશનનો સમાવેશ નક્કી થઈ ગયો હતો અને કિશને આ વર્લ્ડ કપમાં કુલ ૨૪૧ રન કરીને જેમાં ખાસ કરીને રવિવારની ફાઇનલમાં હાફ સેન્ચુરી કરીને સૂર્યાના વિશ્વાસને યોગ્ય ઠરાવ્યો હતો.

કિશને રવિવારે ન્યૂ ઝીલૅન્ડ સામેની ફાઇનલમાં પચીસ બૉલમાં ચાર સિક્સર અને ચાર ફોરની મદદથી ૫૪ રન કર્યા હતા. મૂળ બિહારનો કિશન ફાઇનલમાં ભારે હૃદયે રમ્યો હતો. ફાઇનલના આગલા દિવસે તેને ખબર પડી હતી કે તેની કઝિનનું થોડા દિવસ પહેલાં અકસ્માતમાં મૃત્યુ થયું હતું. કિશને પત્રકારોને રવિવારે ફાઇનલ પછી કહ્યું, 'મારી કઝિન સિસ્ટર થોડા દિવસ પહેલાં કાર અકસ્માતમાં મૃત્યુ થયું હતું. તે હંમેશાં મને કહેતી કે દરેક મૅચમાં તું ઢગલો રન બનાવજે. શનિવારે હું એ બૅડ ન્યૂઝ મળ્યા બાદ શોકમગ્ન હતો, પણ હિંમત એકઠી કરીને ફાઇનલમાં રમ્યો હતો.' કિશને ફાઇનલની હાફ સેન્ચુરી કઝિન સિસ્ટરને અર્પણ કરી હતી. ■

# ન્યૂ ઝીલૅન્ડની દસમાંથી આઠ વિકેટ ગુજરાતના બોલરોએ લીધી

અમદાવાદઃ ૧૦મા ટી-૨૦ વર્લ્ડ કપમાં કુલ ૨૦ ટીમે ભાગ લીધો હતો અને રવિવારે અમદાવાદમાં ક્રિકેટ જગતના સૌથી મોટા સ્ટેડિયમના મેદાન પર રમાયેલી ન્યૂ ઝીલૅન્ડ સામેની ભારતની ફાઇનલમાં યોગાનુયોગ ગુજરાત રાજ્યના ત્રણ બોલરોની બોલબાલા હતી. ન્યૂ ઝીલૅન્ડે ૨૫૬ રનનો લક્ષ્યાંક મળ્યા બાદ ૧૯ ઓવરમાં ૧૫૯ રનમાં જે ૧૦ વિકેટ ગુમાવી એમાંથી આઠ વિકેટ ગુજરાતના જસપ્રીત બુમરાહ, અક્ષર પટેલ અને હાર્દિક પંડ્યાએ લીધી હતી. એક-એક વિકેટ વરુણ ચક્રવર્તીને અને અભિષેક શર્માને મળી હતી.

બુમરાહ અમદાવાદનો જ છે, જ્યારે અક્ષર આણંદનો અને હાર્દિક વડોદરાનો છે. બુમરાહે શરૂઆતથી છેક સુધી કિવી બૅટ્સમેનો પર અંકુશ જાળવ્યો હતો અને ફક્ત ૧૫ રનમાં ચાર વિકેટ લીધી હતી જે બદલ તેને મૅન ઑફ ધ ફાઇનલનો અવૉર્ડ મળ્યો હતો. તેણે ચારમાંથી ત્રણ કિવી બૅટ્સમેનને ક્લીન બોલ્ડ કર્યા હતા.

લેફ્ટ-આર્મ સ્પિનર અક્ષર પટેલે ૨૭ રનમાં ત્રણ વિકેટ લઈને ટીમને જિતાડવામાં મહત્ત્વનું યોગદાન આપ્યું હતું. તેણે એક બૅટ્સમૅનને ક્લીન બોલ્ડ કર્યો હતો અને હાર્દિકે પણ ક્લીન બોલ્ડમાં વિકેટ લીધી હતી. ઓપનર ફિન ઍલનની સૌથી મહત્ત્વની વિકેટ અક્ષર પટેલે અપાવી હતી, જ્યારે ડેરિલ મિચલ અને ગ્લેન ફિલિપ્સ તેના બીજા બે શિકાર હતા. ■







# ક્રૂડ ઓઈલના ઉકળાટથી શૅરબજારમાં જબરદસ્ત ધોવાણઃ નિફ્ટીએ ૨૪,૦૦૦ની સપાટી માંડ ટકાવી, વધુ કડાકાની આશંકા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ પશ્ચિમ એશિયામાં વણસતી પરિસ્થિતિને કારણે ક્રૂડ ઓઇલના ભાવમાં આવેલા જોરદાર ઉછાળા પાછળ શેરબજારમાં જબરદસ્ત ધોવાણ જોવા મળ્યું હતું. નિફ્ટીએ ૨૪,૦૦૦ની સપાટી માંડ ટકાવી છે અને નિષ્ણાતો આગામી સત્રમાં વધુ કડાકાની આશંકા વ્યક્ત કરી રહ્યા છે. ક્રૂડના ઉછાળા, રૂપિયાના કડાકા અને એફઆઇઆઇની એકધારી વેચવાલીને કારણે સેન્સેક્સ ૨૪૯૪.૩૮૫ પોઇન્ટ અથવા તો ૩.૧૬ ટકાના કડાકા સાથે ૭૬,૪૨૪.૫૫ પોઇન્ટની નીચી સપાટી સુધી પટકાઇને સત્રને અંતે ૧૩૫૨.૭૪ પોઇન્ટ અથવા તો ૧.૭૧ ટકાના કડાકા સાથે ૭૭,૫૬૬.૧૬ પોઇન્ટની સપાટીએ અને નિફ્ટી ૪૨૨.૪૧ પોઇન્ટ અથવા તો ૧.૭૩ ટકાના ઘટાડા સાથે ૨૪,૦૨૮.૦૫ની સપાટીએ સ્થિર થયો હતો.

અલ્ટ્રા ટેક સિમેન્ટ ૫.૨૩ ટકાના કડાકા સાથે ટોપ લુઝર શેર રહ્યો હતો. સેન્સેક્સના સૌથી વધુ ઘટનારા અન્ય શેરોમાં મારુતિ સુઝુકી, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, સ્ટેટ બેન્ક, ઇન્ટરગ્લોબ અને અદાણી પોર્ટનો સમાવેશ હતો. જ્યારે રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, સન ફાર્મા, ઇન્ફોસિસ, ટેક મહિન્દ્રા અને એચસીએલ ટેક ગેઇનર્સ રહ્યા હતા. ખાસ કરીને બેંકિંગ, ઓટો અને પીએસયુ બેંક શેરોમાં ભારે નુકસાન થયું હતું, જે રિસ્ક ઓફ સેન્ટિમેન્ટનો સંકેત આપે છે. મેટલ, મીડિયા અને રિયલ્ટીમાં પણ તીવ્ર ઘટાડો થયો હતો, જ્યારે એફએમસીજી, આઇટી અને ફાર્મા જેવા ડિફેન્સિવ સેકટરના શેરો તુલનાત્મક રીતે ઓછા ઘટ્યા હતા.

વિદશી ફંડોની વેચવાલી બજારને સતત તોડી રહી છે. એફઆઇઆઇએ મહિનો શરૂ થયાવના માત્ર ચાર સત્રમાં રૂ. ૨૧,૬૦૦ કરોડના શેર વેચ્યા છે. નોંધવું રહ્યુ કે માર્ચના માત્ર ચાર સત્રમાં સેન્સેક્સ ત્રણ ટકાનો તોતિંગ કડાકો જોવા મળ્યો છે. વ્યાપક બજારમાં પણ વેચવાલીનું મોટું દબાણ રહ્યું હોવાથી બીએસઇ મિડકેપ, સ્મોલકેપ અને લાર્જકેપ શેરઆંક પ્રત્યેક અઠવાડિયા દરમિયાન ત્રણ ત્રણ ટકા ગબડ્યા હતા.

વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ સતત ત્રીજા સપ્તાહમાં વેચવાલીનો સિલસિલો ચાલુ રાખતા પાછલાં સપ્તાહે ૨૧,૮૩૧.૧૯ કરોડ રૂપિયાના ઇક્વિટી વેચ્યા હતા. દરમિયાન, સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઇઆઇ)એ અઠવાડિયા દરમિયાન ૩૨,૭૮૬.૯૨ કરોડ રૂપિયાના ઇક્વિટી ખરીદ્યા હતા.

સેન્સેક્સ સમાવિષ્ટ સ્ક્રિપ્સમાં રિલાયન્સ ૧.૩૭ ટકા, સન ફાર્મા ૦.૪૮ ટકા, ઈન્ફોસિસ ટેકનોલોજી ૦.૪૭ ટકા, ટેક મહિન્દ્ર ૦.૨૬ અને એચસીએલ ટેકનોલોજી ૦.૧૩ ટકા વધ્યા હતા, જ્યારે મુખ્યત્વે અલ્ટ્રાટેક સિમેન્ટ ૫.૨૩ ટકા, મારુતિ ૪.૬૯ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૪.૩૯ ટકા, સ્ટેટ બેન્ક ૩.૯૨ ટકા, ઈન્ડિગો ૩.૮૩ ટકા, અદાણી પોર્ટ્સ ૩.૭૫ ટકા, તાતા સ્ટીલ ૩.૭૫ ટકા, કોટક બેન્ક ૩.૪૮ ટકા, લાર્સન ૨.૭૬ ટકા, એશિયન પેઈન્ટ ૨.૭૫ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૨.૭૪ ટકા, બીઈએલ ૨.૩૨ ટકા, એક્સિસ બેન્ક અને એચડીએફસી બેન્ક ૨.૦૯ ટકા ઘટ્યા હતા. અખાતી દેશોમાં યુદ્ધ વધુને વધુ તીવ્ર બનતું જઇ રહ્યું છે ત્યારે શેરબજારમાં અપેક્ષા અનુસાર જ જોરદાર કડાકા સાથે સપ્તાહની શરૂઆત થઇ હતી. નિફ્ટી અને સેન્સેક્સમાં સત્ર ખૂલવાની ગણતરીની મિનિટોમાં જ ત્રણ ટકાથી મોટો કડાકો બોલાઇ જતાં બજારમાં હાહાકાર મચી ગયો હતો અને એ તબક્કે લગભગ ૧૩ લાખ કરોડ રૂપિયાનું ધોવાણ થઇ ગયું હતું. નિષ્ણાતો અનુસાર નિફ્ટી માટે ૨૩,૭૦૦ની સપાટી નિર્ણાયક છે, જ્યાં પુલ બેક રેલી તેને ૨૪,૪૦૦ સુધી લઇ જઇ શકે છે. જો આ સપાટી તૂટશે તો બેન્ચમાર્ક ૨૩,૨૦૦ સુધી નીચે ખાબકી શકે છે.

ઈરાન અને ઇઝરાયલ-યુએસ વચ્ચેના યુદ્ધની ભીષણતામાં સતત વધારો થઇ રહ્યો હોવાથી ક્રૂડ ઓઇલના ભાવમાં જબરો ઉછાળો આવ્યો હતો અને તે બેરલ દીઠ ૧૨૦ ડોલર સુધી પહોંચી ગયું હતું. એ જ સાથે ડોલર સામે રૂપિયો નવી ઐતિહાસકિ નીચી સપાટીએ પટકાવાને કારણે મેક્રોઇકોનોમિક્સ પર ચિંતા વધી જવાથી વેચવાલીનું દબાણ તીવ્ર બન્યું હતું.




હજુ સુધી અમેરિકા-ઈરાન યુદ્ધમાં તણાવ ઓછો થવાના કોઈ સંકેત નથી. દરમિયાન, કુવૈત, યુએઈ, સાઉદી અરેબિયા, ઈરાક અને કતારે તેમના ઓઇલ ઉત્પાદનમાં આંશિક બંધની પુષ્ટિ કરી છે. રોઇટર્સના જણાવ્યા અનુસાર, યુએસ-ઈરાન યુદ્ધ વચ્ચે કતારે બુધવારે ગેસ નિકાસ પર જાહેર કરેલી બંધીને કારણે ગ્લોબલ માર્કેટમાં ગેસની અછત સર્જાશે કારણ કે કતાર ગ્લોબલ લિક્વિફાઇડ નેચરલ ગેસનો વીસ ટકા હિસ્સો સપ્લાય કરે છે. આ બધા ટ્રિગર્સ સંકેત આપે છે કે સોમવારે અથવા આગામી થોડા સત્રોમાં ક્રૂડ ઓઇલના ભાવ પ્રતિ બેરલ ૧૦૦ ડોલર સુધી પહોંચી શકે છે.

અમેરિકન રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પ દ્વારા રશિયન ક્રૂડ ઓઇલ ખરીદવા માટે ભારત સરકારને કથિત રીતે આપવામાં આવેલી એક મહિનાની છૂટ બાદ, બજારનો અંદાજ છે કે અમેરિકન વહીવટીતંત્ર પણ માને છે કે અમેરિકા-ઈરાન યુદ્ધ એક મહિનામાં સમાપ્ત નહીં થાય.

ઓઇલના ભાવમાં સતત વધારો ભારતની ખાદ્ય તથા ફુગાવો વધારીને આરબીઆઇના નાણાકીય વલણ પર પ્રતિકૂળ અસર કરી શકે છે. અમેરિકાના દસ વર્ષના બોન્ડની યીલ્ડમાં વધારા અને ડોલરની મજબૂતીએ એફઆઇઆઇને સ્થાનિક ઇક્વિટી તરફ રિસ્ક ઓફ અભિગમ અપનાવવા માટે પ્રેરિત કર્યા છે. એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો કોસ્પી ૫.૯૬ ટકા અને જાપાનનો નિક્કી ૨૨૫ ૫.૨૦ ટકા ઘટ્યો. શાંઘાઈનો એસએસઆઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગ સેંગ ઇન્ડેક્સ પણ નકારાત્મક ક્ષેત્રમાં બંધ થયો. યુરોપના બજારો સત્રના મધ્યમાં નોંધપાત્ર રીતે નીચા સ્તરે ટ્રેડ કરી રહ્યા હતા. શુક્રવારે યુએસ બજાર તીવ્ર ઘટાડા સાથે બંધ થયું.

એક્સચેન્જ ડેટા અનુસાર, શુક્રવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ ૬,૦૩૦.૩૮ કરોડ રૂપિયાના ઇક્વિટી વેચ્યા. સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઇઆઇ)એ અગાઉના વેપારમાં ૬,૯૭૧.૫૧ કરોડ રૂપિયાના શેર ખરીદ્યા હતા.

શુક્રવારે, સેન્સેક્સ ૧,૦૯૭ પોઈન્ટ અથવા ૧.૩૭ ટકા ઘટીને ૭૮,૯૧૮.૯૦ પર સ્થિર થયો. નિફ્ટી ૩૧૫.૪૫ પોઈન્ટ અથવા ૧.૨૭ ટકા ઘટીને ૨૪,૪૫૦.૪૫ પર બંધ થયો. ગયા અઠવાડિયે, બીએસઇ બેન્ચમાર્ક ૨,૩૬૮.૨૯ પોઈન્ટ અથવા ૨.૯૧ ટકા ઘટ્યો હતો, અને નિફ્ટી ૭૨૮.૨ પોઈન્ટ અથવા ૨.૮૯ ટકા ઘટ્યો હતો.

બેન્ચમાર્ક ઈન્ડેક્સમાં ૧૩૫૩ પોઈન્ટનો જંગી ઘટાડો, બેન્ક્સ શેર્સ સર્વાધિક ઘટ્યા, આઈટી અને હેલ્થ શેરો સૌથી ઓછા ઘટ્યા, એક્સેચન્જના માર્કેટ કેપમાંથી રૂ. ૮.૫૮ લાખ કરોડનું ધોવાણ નોંધાયું હતું.

સેન્સેક્સની ૩૦ સ્ક્રિપમાંથી પાંચ સ્ક્રિપ્સ વધી અને ૨૫ સ્ક્રિપ ઘટી હતી. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ ૧૫૦ મિડકેપ ૧.૯૮ ટકા અને બીએસઈ ૨૫૦ સ્મોલકેપ ૨.૪૬ ટકા ઘટ્યા હતા. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૨.૨૧ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૧.૭૯ ટકા ઘટ્યો હતો. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૪૪૯.૬૮ લાખ કરોડથી રૂ.૮.૫૮ લાખ કરોડ ઘટીને રૂ.૪૪૧.૧૦ લાખ કરોડ રહ્યું હતું.

સોમવારે બીએસઈ સેન્સેક્સ શુક્રવારના ૭૮,૯૧૮.૯૦ના બંધથી ૧૩૫૨.૭૪ પોઈન્ટ્સ ઘટ્યો અથવા ૧.૭૧ ટકા ઘટ્યો હતો. સેન્સેક્સ ૭૭,૦૫૬.૭૫ ખૂલી નીચામાં ૭૬,૪૨૪.૫૫ સુધી અને ઊંચામાં ૭૭,૭૧૧.૩૫ સુધી જઈ ૭૭,૫૬૬.૧૬ બંધ રહ્યો હતો.

બધા સેક્ટરલ ઈન્ડેક્સ ઘટ્યા હતા, જેમાં મુખ્યત્વે બીએસઈ મિડસ્મોલ પ્રાઈવેટ બેન્ક્સ ક્વોલિટી ટિલ્ટ ૪.૫ ટકા, પીએસયુ બેન્ક ૩.૯૨ ટકા, ઓટો ૩.૮૯ ટકા, સર્વિસીસ ૩.૩૭ ટકા, બેન્કેક્સ ૩.૧૬ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૩.૧૧ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૩.૧૧ ટકા, પ્રાઈવેટ બેન્ક્સ ૨.૮૯ ટકા, ટોપ ૧૦ બેન્ક ૨.૮૮ ટકા, કોમોડિટીઝ ૨.૭૭ ટકા કંઝ્યુમર ડિસ્ક્રેશનરી ૨.૭૨ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૨.૬૮ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૨.૬૩ ટકા અને મેટલ ૨.૫૬ ટકા ઘટ્યા હતા.

એક્સચેન્જમાં ૪,૩૭૪ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું. ૧,૮૯૫ સ્ક્રિપ્સ વધી હતી, ૨,૩૦૪ સ્ક્રિપ્સ ઘટી હતી અને ૧૭૫ સ્ક્રિપ્સ સ્થિર રહી હતી. ૬૯ સ્ટોક્સ બાવન સપ્તાહની ઉચ્ચ સપાટીએ અને ૨૫૮ સ્ટોક્સ બાવન સપ્તાહની સૌથી નીચી સપાટીએ પહોંચ્યા હતા. સાત સ્ક્રિપ્સને ઉપલી અને ૧૧ સ્ટોક્સને નીચલી સર્કીટ લાગી હતી. બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં સોમવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૫૨૨.૯૧ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૨,૩૯૧ સોદામાં ૩,૩૭૭ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૧૦,૪૬,૮૭૫ કોન્ટ્રેક્ટ્સના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ (અનુમાનિત) ટર્નઓવર રૂ.૨૪,૬૧,૨૨૦.૬૯ કરોડનું રહ્યું હતું.

# ક્રૂડતેલના ભાવ ઉછળતા ડૉલર સામે રૂપિયામાં ૪૬ પૈસાનો કડાકો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક બજારમાં ખાસ કરીને મધ્યપૂર્વના દેશોમાં તણાવ વધતાં બ્રેન્ટ ક્રૂડતેલના ભાવમાં તીવ્ર ઉછાળો આવ્યો હોવાના અહેવાલ ઉપરાંત ડૉલર ઈન્ડેક્સમાં આગેકૂચ, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં ગાબડા પડવાની સાથે ગત શુક્રવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૬૦૩૦.૨૮ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાના નિર્દેશો સાથે આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૪૬ પૈસાના કડાકા સાથે ૯૨.૨૮ની ઐતિહાસિક નીચી સપાટીએ બંધ રહ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારના ૯૧.૮૨ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૯૨.૨૨ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૨.૩૫ અને ઉપરમાં ૯૨.૧૫ની રેન્જમાં અથડાઈને અંતે આગલા બંધ સામે ૪૬ પૈસાના કડાકા સાથે ૯૨.૨૮ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગત શુક્રવારે ડૉલર સામે રૂપિયો ૧૮ પૈસા તૂટ્યો હતો.

આજે વૈશ્વિક બજારમાં ભૂરાજકીય તણાવમાં વધારો થવાની સાથે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૨૫ ટકાના તોતિંગ ઉછાળા સાથે ખૂલ્યા હતા. તેમ જ ડૉલર ઈન્ડેક્સમાં પણ મજબૂત વલણ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલી જળવાઈ રહી હોવાના નિર્દેશો સાથે રૂપિયો દબાણ હેઠળ આવ્યો હતો. જોકે, રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાનો નીચા મથાળેથી ડૉલરમાં વેચવાલી રહેતાં અમુક અંશે ટેકો રૂપિયાને ટેકો મળ્યો હોવાનું મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે અમારા મતે આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયાની રેન્જ ૯૨થી ૯૨.૮૦ આસપાસની રહી શકે છે.

પ્રાપ્ત અહેવાલ અનુસાર આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન વચ્ચે યુદ્ધ વધુ ઉગ્ર બન્યું હોવાથી ભાવ આગલા બંધ સામે ૧૫.૧૮ ટકા વધીને બેરલદીઠ ૧૦૬.૮૦ આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ ડૉલર ઈન્ડેક્સ આગલા બંધ સામે ૦.૩૫ ટકા વધીને ૯૯.૩૩ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો.

મધ્યપૂર્વના દેશોમાં તણાવે વ્યાજદરમાં કપાતની આશા મંદ પાડી

# વિશ્વ બજાર પાછળ ચાંદી ₹ ૬૬૭ ઘટી, સોનામાં ₹ ૭૭ની નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)


મુંબઈઃ મધ્યપૂર્વના દેશોમાં ભૂરાજકીય તણાવ વધતા આજે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં તીવ્ર ઉછાળો આવ્યો હતો અને ક્રૂડતેલના ભાવ વધી આવતા ફુગાવામાં વધારો થવાની શક્યતા પ્રબળ બની હતી. તેમ જ ફુગાવો વધતાં અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતા મંદ પડતાં આજે લંડન ખાતે સત્રના આરંભે સોના અને ચાંદીમાં રોકાણકારોની નવી લેવાલીનો અભાવ રહેતાં ભાવમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્થાનિક ઝવેરી બજારમાં પણ ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૬૬૭નો અને સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૬થી ૭૭નો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૪૮ પૈસા નબળો પડ્યો હોવાથી સોનાની આયાત પડતરમાં વધારો થવાથી વિશ્વ બજારની સરખામણીમાં ભાવઘટાડો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આજે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને વધુ ભાવઘટાડાના આશાવાદે ઔદ્યોગિક



વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની લેવાલી પણ ખપપૂરતી રહેતાં વેરારહિત ધોરણે ભાવ આગલા બંધ સામે કિલોદીઠ રૂ. ૬૬૭ના ઘટાડા સાથે રૂ. ૨,૬૦,૦૫૬ના મથાળે રહ્યા હતા. તેમ જ આજે સોનામાં પણ ભાવમાં નરમાઈનું વલણ રહેતાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૬ ઘટીને રૂ. ૧,૫૮,૦૩૯ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૭૭ ઘટીને રૂ. ૧,૫૮,૬૭૪ના મથાળે રહ્યા હતા. જોકે, વધુ ભાવઘટાડાના આશાવાદે સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

દરમિયાન આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ આગલા બંધ સામે ૧.૨ ટકા ઘટીને ઔંસદીઠ ૫૧૦૯.૩૯ ડૉલર આસપાસ અને એપ્રિલ ડિલિવરી વાયદામાં ભાવ ૦.૮ ટકા ઘટીને ૫૧૧૮.૨૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ આગલા બંધ સામે ૦.૩ ટકા ઘટીને ઔંસદીઠ ૮૪.૦૭ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. વૈશ્વિક સ્તરે ક્રૂડતેલના ભાવ વધી આવતાં ફુગાવામાં વધારો અપેક્ષિત હોવાથી આજે વૈશ્વિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈનું વલણ રહ્યું હતું, પરંતુ જો ફુગાવામાં વધારો થાય તો અમેરિકી ફેડરલ રિઝર્વ દ્વારા થનારી વ્યાજદરમાં કપાત વિલંબિત થવાની શક્યતાને ધ્યાનમાં લેતા સોના-ચાંદીના ભાવ દબાણ હેઠળ રહ્યા હોવાનું યુબીએસના વિશ્લેષક જિઓવન્ની સ્ટુનોવોએ જણાવ્યું હતું. નોંધનીય બાબત એ છે કે આજે ક્રૂડતેલના ભાવ વધતાં એશિયન ઈક્વિટી બજારોમાં નરમાઈ જોવા મળી હતી અને ડૉલર ઈન્ડેક્સ ત્રણ મહિનાની ટોચે પહોંચ્યો હોવાથી પણ સોનાના ભાવ દબાણ હેઠળ આવ્યા હોવાનું વર્તુળો જણાવ્યું હતું. આજે ઈરાને તેના સુપ્રીમ લીડર તરીકે મોજતબા ખામેનીઈના નામની જાહેરાત કરી હતી. જોકે, હવે રોકાણકારોની નજર અમેરિકી ફેડરલ રિઝર્વની આગામી ૧૭-૧૮ માર્ચની નીતિવિષયક બેઠક પર સ્થિર થઈ છે. જોકે, સીએમઈ ફેડ વૉચ ટૂલ પર ફેડરલ રિઝર્વ આગામી જૂન મહિનામાં વ્યાજદરમાં કાપ મૂકે તેવી ૫૧ ટકા શક્યતા બજાર વર્તુળો મૂકી રહ્યા હતા તે હવે ૪૩ ટકા શક્યતા વ્યક્ત કરી રહ્યા છે.

# એલ્યુમિનિયમ અને ઝિન્ક સિવાયની ધાતુમાં પીછેહઠ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક સ્તરે આજે ભૂરાજકીય તણાવ વધતાં બ્રેન્ટ ક્રૂડતેલના ભાવમાં તીવ્ર ઉછાળો આવવાની સાથે ફુગાવાલક્ષી દબાણ વધવાની શક્યતા તેમ જ અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન વચ્ચેના યુદ્ધની વૈશ્વિક આર્થિક વૃદ્ધિ પર માઠી અસર પડવાની ભીતિ સપાટી પર આવતા આજે લંડન ખાતે કોપર સહિતની ચોક્કસ ધાતુઓના ભાવમાં નરમાઈનું વલણ રહ્યું હોવાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ એલ્યુમિનિયમ અને ઝિન્ક સ્લેબમાં વપરાશી માગને ટેકે જોવા મળેલો કિલોદીઠ રૂ. એકથી પાંચનો સુધારો અને લીડ ઈન્ગોટ્સમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય તમામ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ અને નિરસ માગે ભાવમાં કિલોદીઠ રૂ. બેથી ૬૯ સુધીનો ઘટાડો જોવા મળ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે ચોક્કસ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલીના દબાણ ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગ ઘટતાં જે ધાતુઓના ભાવમાં ઘટાડો જોવા મળ્યો હતો તેમાં મુખ્યત્વે ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૬૯ ઘટીને રૂ. ૪૬૭૫, નિકલના ભાવ કિલોદીઠ રૂ. ૧૫ ઘટીને રૂ. ૧૬૨૦, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ .૧૨ ઘટીને રૂ. ૧૦૮૩ અને કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. ૧૦ ઘટીને રૂ. ૧૧૭૫ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી અને સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં કોપર કેબલ સ્ક્રેપ, કોપર સ્ક્રેપ હેવી, બ્રાસ શીટ કટિંગ્સ અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને અનુક્રમે રૂ. ૧૧૯૦, રૂ. ૧૧૮૫, રૂ. ૮૩૫ અને રૂ. ૭૩૫ તથા કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૧૨૬૩ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે માત્ર એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને રૂ. ૩૫૦ના મથાળે રહ્યા હતા, જ્યારે વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૨૫૦ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને રૂ. ૩૨૮ના મથાળે રહ્યા હતા, જ્યારે ખપપૂરતી માગને ટેકે લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ૧૯૧ના મથાળે ટકેલા રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# મથકો પાછળ સ્મોલ ગ્રેડની ખાંડમાં ₹ ૧૬નો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર આજે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગ મર્યાદિત રહેતાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૭૨૦થી ૩૭૬૦માં થયાના અહેવાલ હતા. આમ મથકો પરના નિરુત્સાહી અહેવાલ અને હાજરમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ તથા રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવ નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૬ ઘટી આવ્યા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું. તેમ જ આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવ ટકેલા રહ્યાં હતાં.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૯થી ૩૦ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. જોકે, આજે સ્મોલ ગ્રેડની ખાંડમાં મથકો પાછળ ભાવમાં નરમાઈનું વલણ રહેતાં ભાવ નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૬ના ઘટાડા સાથે રૂ. ૩૮૬૬થી ૩૯૪૦માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૫૨થી ૪૦૩૨માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા.

ક્રૂડતેલના ભાવ ઉછળતા દેશી-આયાતી ખાદ્યતેલના ભાવ ઊંચકાયા

# ઈન્ડોનેશિયાની પેટ્રોલમાં ભેળવણી માટે બી-૫૦ ધોરણો અપનાવવાની વિચારણા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મધ્યપૂર્વના દેશોમાં ભૂરાજકીય તણાવમાં વધારો થવાથી આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના ભાવમાં ૧૫થી ૨૫ ટકા જેટલો ઉછાળો આવ્યો હતો. તેમ જ તેની સાથે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં પણ ૨૦૩ રિંગિટ ઉછળી આવતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં આયાતી તેલમાં અને મથકો પાછળ દેશી તેલમાં તેજીનું વલણ રહ્યું હતું. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે હાજરમાં ૧૦ કિલોદીઠ સન રિફાઈન્ડમાં રૂ. ૧૩૦, સિંગતેલમાં રૂ. ૬૦, આરબીડી પામોલિનમાં રૂ. પંચાવન, સોયા રિફાઈન્ડમાં રૂ. ૪૦, સિંગતેલમાં રૂ. ૬૦, કપાસિયા રિફાઈન્ડમાં રૂ. ૨૦ અને સરસવમાં રૂ. ૧૫ વધી આવ્યા હતા. જોકે, ઊંચા મથાળેથી હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો પાંખાં રહ્યા હતા. વધુમાં તાજેતરમાં ક્રૂડતેલના ભાવમાં ઝડપી તેજી ફૂંકાઈ જવાથી આજે ઈન્ડોનેશિયા આ વર્ષના મધ્યથી પેટ્રોલમાં ભેળવણી માટે બી-૫૦ ધોરણો અમલી બનાવવાની યોજના ધરાવી રહ્યું હોવાના અહેવાલો વહેતા થયા હોવાને કારણે પણ આયાતી તેલની તેજીને ટેકો મળ્યો હતો. આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦



કિલોદીઠ ઈમામીનાં માર્ચ, એપ્રિલ અને મે ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૪૩૦ અને એપ્રિલ, મે તથા જૂન ડિલિવરી શરતે સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૧૦, પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના રૂ. ૧૪૨૫ અને એપ્રિલ ડિલિવરી શરતે સોયા રિફાઈન્ડ અને સન રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૪૩૭ અને રૂ. ૧૭૦૦, એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૪૩૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૫૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૭૧૦, રિલાયન્સ કન્ઝ્યુમરનાં સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૦૫, એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૧૦, ગોલ્ડન એગ્રીના આરબીડી પામોલિનના રૂ. ૧૪૨૫ અને જી-વનના સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૦૧ ક્વૉટ થઈ રહ્યા હતા. આજે ગુજરાતના ગોંડલ અને રાજકોટ પ્રત્યેક મથકો પર મગફળીની ૪૦૦૦ ગૂણીની આવક સામે બન્ને મંડીમાં વેપાર મણદીઠ રૂ. ૧૩૦૦થી ૧૪૮૦માં થયા હતા, જ્યારે મધ્યપ્રદેશનાં મથકો પર ૧.૨૦ લાખ ગૂણી સોયાસીડની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૫૩૫૦થી ૫૬૦૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૫૬૦૦થી ૫૭૦૦માં થયા હતા. તેમ જ આજે ગુજરાતનાં મથકો પર દેશાવરોની માગને ટેકે સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૦ વધીને રૂ. ૨૬૦૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૨૫ વધીને રૂ. ૧૬૭૫માં થયા હતા.





અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ભારત અને ન્યૂ ઝીલેન્ડ વચ્ચે યોજાયેલી ટી– ૨૦ ફાઇનલ મેચમાં ભારતની શાનદાર જીત થઈ હતી, આ જીતની ઉજવણી કરવા રંગીલા રાજકોટના લોકો માર્ગો પર નીકળી પડ્યા હતા. તેમણે ફટાકડા ફોડી ડાન્સ કરી જીતની ઉજવણી કરી હતી... (તસ્વીરઃ પ્રવિણ સેદાણી, રાજકોટ)

# કચ્છ યુનિવર્સિટી અને લાલન કોલેજના સંશોધકોએ 'ચેલો સેક સ્પાઈડર'ની ત્રણ નવી પ્રજાતિઓ શોધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના રણ અને તેની આસપાસની જૈવ વિવિધતાએ ફરી એકવાર વિશ્વનું ધ્યાન ખેંચ્યું છે. ભુજ પાસેના કુકમા નજીકના જંગલોમાંથી પશ્ચિમ ભારતની એક અનોખી શોધ સામે આવી છે. કચ્છ યુનિવર્સિટી અને આર. આર. લાલન કોલેજના સંશોધકોએ જીવવિજ્ઞાન ક્ષેત્રે નોંધપાત્ર સિદ્ધિ મેળવતા કરોળિયાની ત્રણ દુર્લભ પ્રજાતિઓ શોધી કાઢી છે. આ સંશોધન લાલન કોલેજના ઝૂઓલોજી વિભાગના વડા પ્રણવ જે. પંડ્યા અને સંશોધક સુભાષ આઈ. પરમાર દ્વારા કરવામાં આવ્યું છે. આ સંશોધન તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા આંતરરાષ્ટ્રીય જર્નલ 'એન્ટોમોલોજિકલ ન્યૂઝ'માં સ્થાન પામ્યું છે. આ શોધ સાથે પશ્ચિમ ભારત અને ગુજરાતમાં કરોળિયાની 'ચેલો સેક સ્પાઈડર' ફેમિલીની હાજરી પ્રથમવાર સત્તાવાર રીતે નોંધાઈ છે.

આ અંગે પ્રણવ જે. પંડ્યાએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, કુકમાના જંગલોમાંથી યલો સ્પાઈડર્સની કાઈરાકેન્થિયમ એડજેસેન્સોઈડ્સ, કાઈરાકેન્થિયમ ઈન્સીગ્ને, કાઈરાકેન્થિયમ ઈરાનિકમ નામની પ્રજાતિઓ મળી આવી છે. આ કરોળિયા સામાન્ય કરોળિયાની જેમ ગોળ જાળું બનાવતા નથી. તેઓ દિવસ દરમિયાન આરામ કરવા માટે પાંદડાની વચ્ચે અથવા પથ્થરો નીચે રેશમની નાની કોથળી જેવું ઘર બનાવે છે, જેના કારણે તેમને 'સેક સ્પાઈડર' કહેવામાં આવે છે. તેઓ રાત્રિના સમયે સક્રિય થાય છે. શિકાર શોધવા માટે તેઓ પોતાના આગળના બે લાંબા પગનો ઉપયોગ 'એન્ટેના'ની જેમ કરે છે. આ પ્રજાતિઓ શિકારના શરીરમાં ઝેર છોડી તેને લકવાગ્રસ્ત કરી દે છે અને ત્યારબાદ તેને ખોરાક તરીકે આરોગે છે.આશરે ૫ થી ૧૦ મિલીમીટરના કદના આ કરોળિયા આછા પીળા, બદામી કે લીલાશ પડતા રંગના અને સહેજ પારદર્શક હોય છે. અત્યાર સુધી ભારતમાં 'કાઈરાકેન્થિયમ' વંશના કરોળિયાની પ્રજાતિ પર પૂરતું સંશોધન થયું નહોતું. કુકમાના શુષ્ક વિસ્તારોમાંથી થયેલી આ શોધ ભારતમાં કરોળિયાના વિતરણ, વિવિધતા અને તેમની પરિસ્થિતિકીય ભૂમિકાને સમજવામાં ક્રાંતિકારી સાબિત થશે. આ નવો રેકોર્ડ કચ્છના વન્યજીવ પ્રેમીઓ અને વિજ્ઞાનના વિદ્યાર્થીઓ માટે ભવિષ્યમાં દીવાદાંડી સમાન માર્ગદર્શક બનશે. આ શોધ માત્ર કચ્છ કે ગુજરાત માટે જ નહીં, પરંતુ સમગ્ર ભારતના વન્યજીવ અભ્યાસ માટે માર્ગદર્શક સાબિત થશે. આગામી સમયમાં વિજ્ઞાનના વિદ્યાર્થીઓ અને પ્રકૃતિ પ્રેમીઓ માટે આ માહિતી ખૂબ જ ઉપયોગી નીવડશે તેમ તેઓએ ઉમેર્યું હતું. ■

# સલામત સવારીના ધજાગરાઃ માતાના મઢમાં એસ.ટી. બસનો ડ્રાઈવર નશામાં ધૂત હાલતમાં ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના સુપ્રસિદ્ધ યાત્રાધામ માતાના મઢ ખાતે એસ.ટી. નિગમની બેદરકારીનો ગંભીર કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. નલિયા ડેપોની બસનો ચાલક દારૂ પીધેલી હાલતમાં પકડાતા મુસાફરોના જીવ જોખમમાં મુકાયા હતા. જાગૃત નાગરિકોની સમયસૂચકતાને કારણે એક મોટી હોનારત ટળી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, નલિયા એસ.ટી. ડેપોની લોકલ બસ,જે સવારે ૧૦ વાગ્યે માતાના મઢ આવે છે એ ૧૧ વાગ્યે જ્યારે પરત જવાની તૈયારીમાં હતી, ત્યારે સ્થાનિકો અને મુસાફરોને ડ્રાઇવરની વર્તણૂક પર શંકા ગઈ હતી.જ્યારે બસને અટકાવીને તપાસ કરવામાં આવી ત્યારે મૂળ પંચમહાલનો નરવતસિંહ સાલમસિંહ ડાભી નામનો બસનો ડ્રાઇવર નશામાં ચૂર હતો. એટલું જ નહીં, બસની અંદરથી દેશી દારૂની ખાલી કોથળી પણ મળી આવી હતી, જે નિર્દેશ કરે છે કે ચાલકે ફરજ દરમિયાન જ બસમાં દારૂનું સેવન કર્યું હતું. જો જાગૃત નાગરિકોએ બસને સમયસર અટકાવી ન હોત, તો આગળ જતાં ગંભીર અકસ્માત સર્જાઈ શક્યો હોત.

આ બસમાં કંડક્ટર તરીકે એક મહિલા ફરજ બજાવી રહ્યા હતા. નલિયાથી માતાના મઢ સુધીના રૂટ પર નશાખોર ડ્રાઇવર બસ હંકારી લાવ્યો હોવા છતાં તંત્રને તેની જાણ ન થતા એસ.ટી. પ્રશાસન સામે અનેક સવાલો ઊભા થયા છે. હાલ દયાપર પોલીસે ડ્રાઇવર વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ■

# સામખિયાળીઃ મુંબઈના વૃદ્ધ 'બૂટલેગર' બન્યા!: બિયરના ૩૮ ટીન સાથે પોલીસના સકંજામાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના પ્રવેશદ્વાર સમા સામખિયાળીમાં પોલીસે એક ચોક્કસ બાતમીના આધારે કાર્યવાહી કરી મુંબઈના એક વૃદ્ધને શરાબના જથ્થા સાથે ઝડપી પાડ્યો છે. આરોપી પાસેથી રૂ. ૮,૩૬૦ની કિંમતના બિયરના ૩૮ ટીન મળી આવ્યા હતા. પ્રાપ્ત વિગતો મુજબ, સામખિયાળી પોલીસને પૂર્વ બાતમી મળી હતી કે નવા બસ સ્ટેન્ડમાં સૂટકેસ લઈને ઊભેલા એક સફેદ વાળવાળા વૃદ્ધ પાસે નશીલા પદાર્થનો જથ્થો છે. આ બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી તપાસ કરતા દેવજી વેરશી નિશર (ઓસવાળ) (રહે. સાંતાક્રુઝ, મુંબઈ) શંકાસ્પદ હાલતમાં મળી આવ્યો હતો. તેની સૂટકેસની તલાશી લેતા અંદરથી બિયરના ૩૮ ટીન મળી આવ્યા હતા.

તપાસ દરમ્યાન આરોપી વૃદ્ધ પાસેથી બાન્દ્રા ટર્મિનસથી સામખિયાળી સુધીની ટ્રેન ટિકિટ મળી આવી હતી. મુંબઈની વાઈન શોપમાંથી રતનશી ગાલા નામના વ્યક્તિના કહેવાથી આ જથ્થો લાવવામાં આવ્યો હતો અને ભાવનગરના શિવભદ્રસિંહ રઘુવીરસિંહ જાડેજાને પહોંચાડવાનો હતો. આ ખેપ મારવા બદલ વૃદ્ધને રૂ. ૪,૦૦૦ મળવાના હતા.

પોલીસે હાલમાં શરાબનો જથ્થો અને ટિકિટ સહિતનો મુદ્દામાલ જપ્ત કરી ગુનો નોંધ્યો છે. આ બનાવમાં સંડોવાયેલા રતનશી ગાલા અને શિવભદ્રસિંહ જાડેજા હજુ પોલીસ પકડથી દૂર છે, જેમને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે. ■

# આદિપુરમાં ટાંકામાં ડૂબી જતાં ૪ વર્ષના માસૂમનું મોતઃ જિલ્લામાં અલગ-અલગ બનાવોમાં કુલ ૪ જણનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છ જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં બનેલી જુદી-જુદી દુર્ઘટનાઓમાં ૪ વર્ષના માસૂમ બાળક સહિત ચાર લોકોએ પોતાના જીવ ગુમાવ્યા હતા. આ અકાળ મોતના બનાવોને પગલે સમગ્ર જિલ્લામાં અરેરાટી સાથે શોકનું મોજું ફરી વળ્યું હતું.

પોલીસ કંટ્રોલ રૂમ પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર, ગાંધીધામ-અંજાર વચ્ચે આવેલા આદિપુર શહેરના રાજનગર ઝૂંપડપટ્ટી વિસ્તારમાં રહેતા રાજુસિંઘ કેવટનો ૪ વર્ષનો પુત્ર સની આંગણામાં રમી રહ્યો હતો. રમતા-રમતા બાળક અચાનક ભોંયતળિયે આવેલા પાણીના ટાંકામાં ખાબક્યો હતો. થોડી વાર બાદ પરિવારને જાણ થતા તેને ટાંકામાંથી બહાર કાઢીને તાત્કાલિક હૉસ્પિટલ ખસેડાયો હતો, પરંતુ ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કરતા પરિવારમાં આક્રંદ છવાઈ ગયું હતું. બીજી તરફ, જિલ્લા મથક ભુજના ભારતનગર વિસ્તારમાં રહેતા ૨૧ વર્ષીય પરપ્રાંતીય યુવાન તપેન્દ્રકુમાર રાવતે ગત બપોરે બે વાગ્યાના અરસામાં પોતાના ઘરે અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. જી.કે. જનરલ હોસ્પિટલ ખાતે તબીબોએ તેને મૃત જાહેર કર્યા બાદ એ-ડિવિઝન પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. દરમ્યાન, માર્ગ અકસ્માતના બનેલા બે અલગ-અલગ બનાવોમાં બે યુવકોના કમકમાટીભર્યાં મોત નીપજ્યાં છે. ગત રાત્રે નવ વાગ્યાના અરસામાં કારમાં બેસીને અંજાર જઈ રહેલા પાંચ લોકો પૈકી ૧૮ વર્ષીય રાજેશ વાલજી દેવીપૂજક જીપકાર રોડ નીચે ઉતરી જતાં નીચે પટકાયો હતો. ગંભીર ઈજાઓ પહોંચતા તેનું હૉસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. પદ્ધર પોલીસ આ મામલે તપાસ કરી રહી છે. બીજો અકસ્માત ખાવડા સ્થિત રિન્યુએબલ એનર્જી પાર્કમાં બનવા પામ્યો હતો જેમાં ગત તા. ૬ માર્ચના રોજ સ્કોર્પિયો જીપ પલટી મારી જતાં ૨૩ વર્ષીય ચાલક વિક્રમસિંહ રતનસિંહ રાઠોડ (મૂળ રહે. બાડમેર, રાજસ્થાન)નું માથામાં ગંભીર ઈજાના કારણે મોત નીપજ્યું હતું. ખાવડા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ■

# ભાવનગરમાં ધોરણ ૧૦ ની પરીક્ષા આપતી વિદ્યાર્થિનીએ ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: શહેરના વિદ્યાનગર વિસ્તારમાં આવેલી ગાંધી કોલોનીમાં રહેતી અને હાલમાં ધોરણ ૧૦ની બોર્ડની પરીક્ષા આપી રહેલી એક આશાસ્પદ વિદ્યાર્થિનીએ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે.

આ બનાવની વિગતો મુજબ શહેરના વિદ્યાનગર વિસ્તારમાં ગાંધી કોલોનીમાં રહેતી જાનવી લક્ષ્મણભાઈ વણઝારા નામની વિદ્યાર્થિનીએ કોઈ અગમ્ય કારણોસર પોતાના ઘરે પંખા સાથે દોરી બાંધી આત્મહત્યા કરી લીધી હતી. આ કરુણ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. મૃતક વિદ્યાર્થિની ધોરણ ૧૦ની પરીક્ષા આપી રહી હતી . બનાવની જાણ થતા જ પોલીસે ઘટનાસ્થળે પહોંચી મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ■

# અમરેલીમાં ભાજપના મહામંત્રી પ્રકાશ તજા પર હુમલો કરનાર આરોપી ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના દામનગરમાં એક જાહેર કાર્યક્રમ દરમિયાન લોહિયાળ દૃશ્યો સર્જાયાં હતાં. નવા ચેકડેમ અને પુલના ખાતમુહૂર્ત પ્રસંગે દામનગર શહેર ભાજપના મહામંત્રી પ્રકાશ તજા પર ધારિયા વડે જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. આ મામલે પોલીસે મધ્યસ્થ સહકારી બેંકના ડિરેક્ટર હીરા નવાપરાની ધરપકડ કરી તેની સામે 'હત્યાની કોશિશ'નો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગત મુજબ, લાઠી-બાબરા વિસ્તારના ધારાસભ્ય જનક તળાવિયાના હસ્તે ઠાંસા રોડ પર બ્રિજના ખાતમુહૂર્તનો કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમ ચાલી રહ્યો હતો તે દરમિયાન ઠાંસા ગામના વતની અને બેંક ડિરેક્ટર હીરા નવાપરાએ પાછળથી આવી પ્રકાશ તજા પર ધારિયા વડે હુમલો કર્યો હતો. અચાનક થયેલા આ હુમલાને પગલે સ્થળ પર હાજર કાર્યકરો અને લોકોમાં નાસભાગ મચી ગઈ હતી.

હુમલામાં પ્રકાશ તજાને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને તાત્કાલિક સારવાર અર્થે ભાવનગરની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. તબીબી અહેવાલ અનુસાર, તેમને માથામાં આશરે ૨૫ જેટલા ટાંકા આવ્યા છે અને ફ્રેક્ચર પણ થયું છે. પ્રાથમિક તપાસમાં આ હુમલો કૌટુંબિક અદાવત અથવા કારણોસર થયો હોવાનું બહાર આવ્યું છે.

આ સમગ્ર મામલે દામનગર પોલીસે કલમ ૧૦૯ મુજબ ગુનો દાખલ કર્યો હતો. આરોપી હીરા નવાપરાની અટકાયત કરી લેવામાં આવી છે અને વધુ પુરાવા એકત્ર કરવા માટે તેને કોર્ટમાં રજૂ કરી રિમાન્ડની માંગણી કરવામાં આવશે. ■

# બોટાદ-સાળંગપુર ૨૨.૫ કિમી માર્ગ ૧૨૪.૪૦ કરોડથી વધુના ખર્ચે ફોર લેન થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બોટાદ-સાળંગપુર-બરવાળા રોડને ફોર લેન બનાવવામાં આવશે. આ ૨૨.૫૦૦ કિલોમીટર લાંબો માર્ગ ₹૧૨૪.૪૦ કરોડથી વધુના ખર્ચે તૈયાર થશે. આ પ્રોજેક્ટમાં બોટાદથી સાળંગપુર સુધી પગપાળા યાત્રાળુઓ માટે અલગ ફૂટપાથ પણ બનાવવામાં આવશે.

શનિવારે કષ્ટભંજનદેવના દર્શનાર્થે પગપાળા જતા શ્રદ્ધાળુઓ માટે આ માર્ગ સુરક્ષિત બનશે, જેથી અકસ્માતનું જોખમ ઘટશે.

સાળંગપુર સ્થિત કષ્ટભંજનદેવ મંદિરમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શનાર્થે આવતા હોવાથી ટ્રાફિકની સમસ્યા સર્જાતી હતી. ફોર લેન રોડ બનવાથી આ ટ્રાફિક સમસ્યાનો પણ ઉકેલ આવશે.આ પ્રોજેક્ટ અંતર્ગત સાળંગપુરની આસપાસ બાયપાસ રોડ પણ બનાવવામાં આવશે. ■

# ભાવનગર જિલ્લાના પીપરાળા ગામે થયેલી હત્યા કેસમાં પિતા-પુત્રને આજીવન કેદની સજા અદાલતે ફટકારી



(તસ્વીર- વિપુલ હિરાણી, ભાવનગર)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ દોઢ વર્ષ પૂર્વે ભાવનગર જિલ્લાના ઘોઘા તાલુકાના પીપરાળા ગામે વાડીમાં બકરા ચરાવવા તેમજ નીલગીરીના વૃક્ષો કાપી નાખવાની બાબતે ઠપકો આપતા ઉશ્કેરાયેલા પિતા-પુત્રએ એક સંપ કરી કૌટુંબિક ભાઈ ઉપર જ તલવાર સહિતના હથીયારો વડે જીવલેણ હુમલો કરી ગંભીર ઇજા પહોંચી મોત નિપજાવી નાખતા બનાવ હત્યામાં પરીણમ્યો હતો. આ અંગેનો ભાવનગરના પ્રિન્સીપલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેસન્સ જજની અદાલતમાં ચાલી જતા અદાલતે આ હત્યા કેસમાં સંડોવાયેલા પિતા-પુત્ર સામે ગુનો સાબિત માની બન્નેને આજીવન કેદની સજા અને રોકડ રૂ. ૧૦ હજારનો દંડ અદાલતે ફટકાર્યો હતો. આ બનાવની વિગતો મુજબ ઘોઘા તાલુકાના પીપરાળા ગામે રહેતા વેલજીભાઈ વશરામભાઈ બારૈયા (ઉં.વ.૫૫)ના ગત તા. ૨૮/૭/૨૦૨૪ ના રોજ દૂધ ભરીને બાઈક પર પરત આવતા હતા ત્યારે ગામના જ મેહુલ નાનુભાઈ બારૈયા તથા તેના પિતા નાનુભાઈ બચુભાઈ બારૈયા પીપરળા ગામે નિશાળ પાસે આવી વેલજીભાઈને અટકાવી બન્નેએ આડેધડ તલવારના ઘા મારી માથુ છુંદી નાખી હત્યા કરી નાસી ગયા હતા. આ અંગે મરણજનાર વેલજીભાઈના ભાઈએ ફરીયાદ નોંધાવતા ઘોઘા પોલીસે હત્યાનો ગુનો નોંધી બન્ને આરોપીઓની ધરપકડ કરી હતી.

ઘોઘા પોલીસ મથકમાં એવા મતલબની પોલીસ ફરીયાદ નોંધાઈ હતી કે, આરોપી પિતા-પુત્ર એ મરણજનાર વેલજીભાઈની જમીનમાં બકરા ચકાવ્યા હતા તેમ જ નીલગીરીનું ઝાડ કાપી નાખ્યુ હતુ જે બાબતે ઠપકો આપતા બન્ને અવારનવાર ગાળો આપી ઝઘડો કરતા હતા. દરમ્યાન તા. ૨૮/૭/૨૦૨૪ ના રોજ તલવારથી તેની હત્યા કરી નાખી હતી. આ મતલબની પોલીસ ફરીયાદ ઘોઘા પોલીસ મથકમાં નોંધાઈ હતી

આ અંગેનો કેસ ભાવનગર ના પ્રિન્સિપલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેસન્સ જજ એચ.એસ.મુળીયાની કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ મનોજ આર. જોષી તથા મુળ ફરિયાદી તરફે વકીલ નિતીન જી. નાગરની લેખીત તથા મૌકિ દલીલો, દસ્તાવેજી પુરાવા, સાક્ષીઓની જુબાની વિગેરે ધ્યાને લઈ આરોપીઓને કસુરવાર ઠરાવી આરોપી મેહુલ નાનુભાઇ બારૈયા તથા આરોપી નાનુભાઇ બચુભાઇ બારૈયાને આજીવન કેદની સજા અને પ્રત્યેક આરોપીને રૂ. ૧૦ હજારનો દંડ અદાલતે ફટકાર્યો હતો. ■

# જૂનાગઢ જિલ્લાના વંથલી તાલુકામાં ધારાસભ્ય અરવિંદ લાડાણી સામે લોકોનો આક્રોશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જૂનાગઢ જિલ્લાના વંથલી તાલુકાના ગામડાઓમાં વિકાસના નામે માત્ર ખાડાઓ અને ઉડતી ધૂળ જ જોવા મળી રહી છે. વંથલી તાલુકાના ટીનમસ, ગાદોઈ અને આખા સહિતના ગામોને જોડતો મુખ્ય રસ્તો છેલ્લા ૧૦ વર્ષથી અતિ બિસ્માર હાલતમાં હોવાને કારણે આજે ગ્રામજનોમાં રોષ ભભૂકી ઊઠ્યો હતો. મોટી સંખ્યામાં રસ્તા પર ઉતરી આવેલા લોકોએ ''જાગો ધારાસભ્ય જાગો'' ના ગગનભેદી નારા લગાવી તંત્ર અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ પ્રત્યે પોતાનો રોષ વ્યક્ત કર્યો હતો.

આ વિરોધ પ્રદર્શનમાં સૌથી વધુ નિશાન પર સ્થાનિક ધારાસભ્ય અરવિંદ લાડાણી રહ્યા હતા. ગ્રામજનોએ ગંભીર આક્ષેપ કર્યો છે કે, ''છેલ્લા પાંચ વર્ષમાં ધારાસભ્ય આ ગામોમાં ડોકાયા પણ નથી.'' સ્થિતિ એવી છે કે નવી પેઢીના મતદારોને તો એ પણ ખબર નથી કે તેમના ધારાસભ્ય દેખાય છે કેવા! ચૂંટણી ટાણે મતો મેળવવા આવતા નેતાઓ જીત્યા પછી જનતાને રામ-રામ કરી દેતા હોવાનો સૂર અહીં સાંભળવા મળ્યો હતો. ગ્રામજનોએ સ્પષ્ટ ચીમકી આપી હતી કે, જો ૧૫ દિવસમાં રોડનું કામ શરૂ કરવામાં નહીં આવે, તો આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણીનો સંપૂર્ણ બહિષ્કાર કરવામાં આવશે. ■

# રાજકોટમાં ૨૯૧૩ અને કચ્છમાં ૧૪૬૩ લાભાર્થીઓને શ્રી વાજપેયી બેન્કેબલ યોજના હેઠળ લોન સહાય અપાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત વિધાનસભા ગૃહ ખાતે સભ્ય દ્વારા પૂછાયેલા પ્રશ્નના પ્રત્યુત્તરમાં ખાદી, કુટીર અને ગ્રામોદ્યોગ રાજ્ય પ્રધાન સ્વરૂપ ઠાકોરે જણાવ્યું હતું કે, શ્રી વાજપેયી બેન્કેબલ યોજના અંતર્ગત રાજકોટ જિલ્લામાં તા ૩૧.૧૨. ૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ ૪૧૫૭ અરજી મળી છે. જે તમામ અરજીઓની બેન્કમાં ભલામણ કરવામાં આવી છે. જે પૈકી બેન્કો દ્વારા કુલ ૨૯૧૩ અરજી મંજૂર કરીને લાભાર્થીઓને લોનનો લાભ આપવામાં આવ્યો છે. તેવી જ રીતે, કચ્છ જિલ્લામાં પણ આ યોજના હેઠળ છેલ્લા એક વર્ષમાં ૧૯૧૯ અરજીઓ મળી છે. તે પૈકીની ૧૯૧૫ અરજીઓની બેન્કને ભલામણ કરવામાં આવી છે. આ યોજના અંતર્ગત બેન્કો દ્વારા કુલ ૧૪૬૩ લાભાર્થીઓની અરજી મંજૂર કરીને લોનનો લાભ આપવામાં આવ્યો છે. તેમણે વધુ વિગતો આપતા જણાવ્યું હતું કે, શ્રી વાજપેયી બેન્કેબલ યોજના અંતર્ગત અગાઉ રૂ. આઠ લાખ સુધીની લોન અને તેના પર રૂ. ૧.૨૫ લાખની મર્યાદામાં સબસીડી સહાય આપવામાં આવતી હતી. આ લોનની મર્યાદા હવે વધારીને રૂ. ૨૫ લાખ તેમજ લોન પર સબસીડી સહાયની મર્યાદા વધારીને રૂ. ૩.૭૫ લાખ સુધી કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, શ્રી વાજપેયી બેન્કેબલ યોજના હેઠળ નાગરિકોને નાના ધંધા-ઉદ્યોગ અને સેવા ક્ષેત્ર માટે લોન અને સબસીડી સહાય આપવામાં આવે છે. આ યોજનાનો લાભ ૧૮ થી ૬૫ વર્ષની વયના અને લઘુત્તમ ધોરણ-૪ પાસ અથવા તાલીમ/અનુભવ ધરાવતા ગુજરાતના કોઈપણ નાગરિક લઈ શકે છે, જેમાં કોઈ આવક મર્યાદા રાખવામાં આવી નથી. પાત્રતા ધરાવતા ઉમેદવારો સત્તાવાર પોર્ટલ પર ઓનલાઈન અરજી કરી રાષ્ટ્રીયકૃત કે સહકારી બેંકો દ્વારા લોન મેળવી આત્મનિર્ભર બની શકે છે. ■

# સુરેન્દ્રનગર જિલ્લાના ખારાઘોડા નવાગામમાં વિરાટ હિન્દુ સંમેલન યોજાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી તાલુકાના ખારાઘોડા નવાગામ ખાતે સનાતન પરંપરાઓ, ધર્મ, સંસ્કૃતિ અને રાષ્ટ્રીય ભાવનાને ઉજાગર કરવા માટે એક વિરાટ હિન્દુ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. નવાગામ મંડલ હિન્દુ સમિતિ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં સાધુ-સંતો, મહેમાનો અને મોટી સંખ્યામાં હિન્દુ ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

સંમેલન દરમિયાન, ઉપસ્થિત સાધુ-સંતો, મહેમાનો અને વિચરતી-વિમુક્ત જાતિની દીકરીઓ સહિત તમામ હિન્દુ ભાઈ-બહેનો દ્વારા ભારતમાતાની સામૂહિક આરતી ઉતારવામાં આવી હતી. આ દૃશ્યએ કાર્યક્રમમાં રાષ્ટ્રીય ભાવનાનો સંચાર કર્યો હતો.

આ સંમેલનનો મુખ્ય ઉદ્દેશ સામાજિક સમરસતા, સદ્ભાવના, સંસ્કાર અને હિન્દુ સ્વાભિમાનની જાગૃતિ લાવવાનો હતો. માંડવી ચોક, નવાગામ-ખારાઘોડા ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં પધારેલા સાધુ-સંતો અને મહેમાનોનું સામૈયું કરી કુમકુમ તિલક દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. દીપ પ્રાગટ્ય કરીને સંમેલનનો શુભારંભ કરાયો હતો. ■